
જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસરનું મુખપત્ર

# અલ-બલાગ

## માસિક

### ડિસે.-જાન્યુ.-ફેબ્રુઆરી - ૨૦૨૪



માનદ તંત્રી

## અહમદ યાકૂબ પટેલ

મુહતમિમ : જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસર

## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રી સ્થાનેથી | ૩ |
| મઆરિફુલ હદીસ | ૫ |
| મુતશાબિહ બાબતોની ચર્ચા મના છે. | ૧૨ |
| ખત્મે બુખારી શ. નિમિત્તે કીમતી વાતો | ૧૪ |
| શમાઈલે નબવી સલ. | ૨૫ |
| નિકાહ શરીઅત મુજબ | ૩૨ |
| ઈસ્લામ અને મહેમાન નવાઝી | ૩૮ |
| દીન દીની આમાલનું મહત્વ | ૪૨ |
| હઝ. મવ. મુહમ્મદ સા. કાવી રહ. | ૫૦ |
| ઈસ્લામ અને માતા પિતા | ૬૬ |
| જુગારનો ગુનો અને નુકસાનો | ૭૩ |
| હઝ. કારી અહમદુલ્લાહ રહ. | ૮૦ |
| ઝકાતનો હુકમ | ૮૭ |
| ઈમામ ગઝાલી રહ.ની નસીહત | ૯૩ |
| રોઝાનું મહત્વ અને સવાબ | ૧૦૧ |
| ફતાવા વિભાગ | ૧૧૪ |
| બોધકથા | ૧૧૭ |
| ISLAM A COMPLATE WAY OF LIFE | ૧૧૮ |
| છેલ્લા પાને | ૧૨૨ |



# અલ બલાગ

માસિક

માનદ તંત્રી :

**મુફતી અહમદ દેવલ્વી**

ડિસે. જાન્યુ. ફેબ્રુ ૨૦૨૪ ઈ.

રજબ, શાબાન, રમઝાન ૧૪૪૫ હિ.

વર્ષ : ૨૩, અંક : ૧૦, ૧૧, ૧૨

વાર્ષિક લવાજમ

રૂા. ૧૦૦–૦૦

છુટક કિંમત : ૧૦–૦૦ રૂા.

www.jamiahjambusar.in/Al_Balag.php


⬇ અલ બલાગનો આ અંક ડિસેમ્બર, જાન્યુઆરી, ફુબ્રુઆરીનો સંયુકત અંક છે. છેલ્લા અમુક મહીનાઓથી અલબલાગનું સંપાદન અને પ્રકાશન અસ્ત વ્યસ્ત છે, એ બદલ અમે દીલગીર છીએ. આશા છે કે હવે પછી બધું વ્યવસ્થિત થઈ જશે. ⬆

## *તંત્રી સ્થાનેથી.*

માહે રમઝાન શરૂ થઈ ચુકયો છે. અલ્લાહ તઆલાના દરબારમાં આ મહીનાની અજીબ શાન અને મહત્વ છે. રોઝેદારના રોઝાને કુબૂલ કરવા, એનો વધારેથી વધારે સવાબ આપવા, રોઝેદારના ગુનાહો માફ કરવા, એને એને જન્નતની નેઅમતોથી નવાઝવાના રોજ ફેસલા થાય છે. એક રમઝાન પૂરી થાય કે તુરંત નવેસરથી જન્નતને આવતા રમઝાન માટે નવા શણગાર આપવામાં આવે છે. નવા ઈનામો, માફીની જાહેરાતો, જન્નત અને નેઅમતોનો વરસાદ, એટલે કે જન્નતમાં તો આ મહીનામાં ઉત્સવોની વણજાણ લાગી હોય છે. નીચેથી બંદાઓના રોઝા, તિલાવત, તસ્બીહો, તરાવીહ, નમાઝો, સદકહ – ખૈરાત.. એટલી બધી અનેક પ્રકારની નેકીઓ અને ઈબાદતો ઉપર પહોંચે છે દરેક નેકીના બદલામાં, દરેક માણસ પ્રમાણે, એના ઈખ્લાસ પ્રમાણે, અલ્લાહ તઆલાએ નક્કી કરેલા અલગ અલગ માપંદડો મુજબ સવાબો વહેંચાય છે. ફારસીમાં કહે છે કે (رحمت حق بہانہ می جوید، بہا نمی جوید) અલ્લાહ તઆલાની રહમત બંદાને નવાઝવા માટે બહાના શોધે છે, વાંધા નથી કાઢતી.

બસ, બંદા તરફથી મગફિરતની લાયકાતનું એક બહાનું રજૂ કરી દેવામાં આવે. રોઝો, નમાઝ, દુઆ, તસ્બીહ, તિલાવત, સદહક, રમઝાનમાં કોઈ નેકી છોડવામાં ન આવે. અલ્લાહ તઆલા મગફિરતના બહાના શોધતા હોય તો આપણે નવી નવી નેકીઓ શોધવી જોઈએ. મોકો ન મળતો હોય તો મોકો બનાવો. અવસર પેદા કરો. સમય ન મળે તો કાઢીએ. શોખ થતો ન હોય તો મનને દબાવીને, મને કમને, ઈબાદત કરી જ લઈએ. શી ખબર, પછી મોકો મળે કે ન મળે. બેચાર ઘડીઓ, બેચાર નમાઝો તો એવી નામાએ આમાલમાં મૂકી લઈએ કે મગફિરતની આશા રાખી શકાય. જો આટલું પણ ન કરી શકીએ તો આપણે મુસલમાન શા કામના ? સ્ત્રીઓ રમઝાનના ખાવા – પીવાની તૈયારીઓ રમઝાન પહેલાંથી શરૂ કરી દે છે. યુવાનો રમઝાનના ટાઈમ પાસ અને રમત ગમતનું આયોજન પહેલાંથી કરી લે છે. વેપારીઓ પણ કમાણીની તૈયારી કરી લે છે, અમે મદરસા વાળા ચંદાની તૈયારીઓ કરીએ છીએ... પણ બધા જ મુસલમાનો સાવધાન ! આ બધી તૈયારીઓમાં રમઝાનની અસલી તૈયારી બાજુ ઉપર ન રહી જાય. એ કાશ ! ઉમ્મત આ મહીનાનું મહત્વ સમજી

લે અને એક મહીનો અલ્લાહની ભરપૂર અને નિખાસલ ઈબાદતમાં પસાર કરી લે. આશા છે કે એનાથી આપણા દિવસો બદલાય શકે છે.

મુબારક મહીનાની બરકતો મેળવવા જરૂરી છે કે આ મહીનાની ખૂબ કદર કરવામાં આવે. ગુનાહોથી બચવા ઉપરાંત ઈબાદતો – નેકીઓનો એહતેમામ કરવામાં આવે. સામાન્ય પણે મુસલમાનો અને યુવાનો રમઝાનની રાતોમાં રમતો રમે છે, મજલિસો કરે છે, ખાણી – પીણીની મહેફિલો ગજવે છે અને દિવસે સૂઈ રહે છે, આ રીતભાત આપણી હરગિઝ નથી. એને છોડવાની જરૂરત છે.

રમત ગમત અને ટાઈમપાસના શોખનું નુકસાન આ છે કે લોકોમાંથી ધીરે ધીરે ઈબાદતનો માહોલ ખતમ થઈ રહયો છે, જે મુસ્લિમ કોમ માટે સારા લક્ષણો ન કહી શકાય. આપણે બધાએ પોતપોતાની રીતે એમાં સુધાર કરીને આપણી દિનચર્યામાં થોડો વધારે સમય ઈબાદત માટે ફાળવવા ઉપર ધ્યાન આપવાની જરૂરત છે. દીન અને ઈસ્લામમાં જે સ્થાને આપણે હોઈશું, આપણી આવતી પેઢી એનાથી આગળ હશે. જો આપણું ઘર, આપણો સમાજ અને આપણું દીન અને ઈબાદતમાં આગળ હશે તો આવતી પેઢી એનાથી વધારે આગળ હશે, અને જો આપણા ઘરમાં ઈબાદત અને નેકીનો કોઈ માહોલ નથી, ફકત સેહરી અને ઈફતાર પૂરતો જ રમઝાન આવે છે, તો આપણી આવતી પેઢી આટલું પણ નહીં કરે.

દરેમ મુસલમાન રમઝાનના દરેક દિવસ માટે વિવિધ ઈબાદતો અને નેકીઓને એક માત્રા નક્કી કરીને એને પૂરી કરવાનો એહતેમામ કરે તો મહીનાની બરકતો મેળવી શકાય છે. દિવસ – રાતમાં અમુક સમય સુસ્તી – આળસનો હોય છે, તો અમુક સમય ચુસ્તી – ફૂર્તિના હોય છે. સુસ્તીના સમય માટે ૧૦૦૦– ૫૦૦ વાર ઈસ્તેગ્ફાર, દુરૂદ જેવી તસ્બીહો પઢવાનું નક્કી કરી લઈએ અને અન્ય સમયે તિલાવત – નફલ વગેરે પઢવાની નક્કી કરીએ તો ૨૯ – ૩૦ દિવસમાં નેકીઓનો મોટો ખઝાનો આપણે જમા કરી શકીએ. ઈન્શાઅલ્લાહ..અને પછી આ બધી નેકીઓ પોતાની આખિરત માટે અને મરહૂમ સગાઓ માટે અલ્લાહ તઆલાના દરબારમાં જમા કરાવી શકીએ છે.

અલ્લાહ તઆલા અમલની તોફીક આપે. આમીન.

---

# મઆરિફુલ હદીસ

હઝરત મવલાના મંઝૂર નોમાની (રહ.)

**અનુવાદ** : મવલાના યાકૂબ બારીવાલા સા. રહ.

(બ્લેકબર્ન. યુ.કે.)

**૧૮૧**

## અલ્લાહના ઝિક્રની મહત્વતા અને તેની બરકતો

પહેલાં લખી ચુકયા છે "અલ્લાહનો ઝિક્ર" તેના બહોળા અર્થના હિસાબે નમાઝ, કુર્આનની તિલાવત, અને દુઆ, ઈસ્તિગ્ફાર વગેરે બધાને જ આવરી લે છે, અને બધી ઈબાદતો ઝિક્રના વિવિધ રૂપ છે. પરંતુ ખાસ ઉર્ફમાં અને પરીભાષામાં અલ્લાહની તસ્બીહ, અને પાકી, તેમ તોહિદ અને બુઝુર્ગી, તેની મોટાઈ અને અઝમત, અને તેની કામિલ હોવાના ગુણોનું બયાન અને ધ્યાન એ જ 'ઝિક્રુલ્લાહ' (અલ્લાહની યાદ) કહેવાય છે. અને જેમકે આગળ લખવામાં આવતી અમૂક હદીસોથી સ્પષ્ટ જણાશે કે એ અલ્લાહની નજદીકી તેની ખુશી અને મનુષ્યની રૂહાની પ્રગતી તેમજ ઉપરની સૃષ્ટી સાથે તેના સંબંધનો ખાસ વસીલો છે.

શેખ ઈબ્ને કય્યીમ રહ.એ "મદારિજુસ્સાલિકીન"માં અલ્લાહના ઝિક્રની મહત્વતા અને બુઝુર્ગી તેમ તેની બરકતો પર એક ઘણો જ દિલ ચસ્પ તેમજ રૂહને તાજી કરી દે એવું બયાન ટાંકયું છે. તેના એક ભાગનો ખુલાસો અમે પણ અહીંયા લખીએ છીએ. આગળ ટાંકવામાં આવતી હદીસોમાં અલ્લાહની યાદની જે મહત્વતા બયાન થશે. તેના વાંચન પછી એનું સમજવું ઈન્શા અલ્લાહ સહેલુ થઈ જશે.

કુર્આન મજીદમાં અલ્લાહની યાદની તાકીદ અને પ્રેરણાના અમને નીચે મુજબ દસ શિર્ષકો મળે છે.

(૧) અમુક આયતોમાં ઈમાનવાળાઓને તાકીદ સાથે એ હુકમ આપવામાં આવ્યો છે જેમકે ઈર્શાદ છે :

يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا اذْكُرُوا اللَّهَ ذِكْراً كَثِيراً، وَسَبِّحُوهُ بُكْرَةً وَأَصِيلًا (الاحزاب:٤١،٤٢)

**અર્થાત : હે ઈમાન વાળાઓ ! અલ્લાહને ખૂબ યાદ કરો, અને સવાર સાંજ તેની પાકી બયાન કરો.**

બીજી જગ્યાએ ઈર્શાદ ફરમાવ્યો :

﴿وَاذْكُرْ رَبَّكَ فِي نَفْسِكَ تَضَرُّعاً وَّ خِيفَةً۔﴾ (اعراف: ع،٢٤)

**અર્થાત : અને તમારા રબનો ઝિક્ર કરો, તમારા દિલમાં (એટલે દિલથી) કાકલુદી અને આજીઝી તથા ભયની કેફિયત સાથે.**

**(૨) અમુક આયતોમાં અલ્લાહને ભુલી જવા અને તેની યાદથી બેપરવા થઈ જવાની ઘણી સખતીથી મનાઈ કરવામાં આવી છે. એ પણ અલ્લાહની યાદ કરવાની તાકીદનું એક શિર્ષક છે. જેમકે ઈર્શાદ છે :**

﴿وَلَا تَكُنْ مِنَ الغَافِلِينَ﴾ (اعراف : ع٢٤)

**અર્થાત :– અને તમે ગાફિલોમાંથી ન થઈ જાઓ.**

બીજી જગ્યાએ ઈર્શાદ છે :

﴿وَلَا تَكُونُوا كَالَّذِينَ نَسُوا اللّٰهَ فَاَنْسَاهُمْ اَنْفُسَهُمْ۔﴾ (الحشر:ع٣)

**અર્થાત :– અને તમે તે લોકોમાંથી ન થઈ જાઓ, જેમણે અલ્લાહને ભુલાવી દીધો છે. (પછી તેના બદલામાં) અલ્લાહે તેમને ભુલાવી દીધા. (અને અલ્લાહને ભુલી જવાના પરીણામે તે પોતે ભુલાઈ ગયા)**

**(૩) અમુક આયતોમાં ફરમાવવામાં આવ્યું કે સફળતા અને કામ્યાબી અલ્લાહને વધુ યાદ કરવા સાથે સંકળાયલી છે. ઈર્શાદ છે :**

﴿وَاذْكُرُو اللّٰهَ كَثِيراً لَعَلَّكُمْ تُفْلِحُونَ۔﴾ (سورة جمعه:ع٢)

**અર્થાત :– અને અલ્લાહ તઆલાને વધુ યાદ કરો, તમે સફળતા અને કામયાબીની આશા રાખી શકો છો.**

**(૪) અમુક આયતોમાં હકતઆલા તરફથી ઝિક્ર કરનારાઓના વખાણ કરવામાં આવ્યા છે. અને બતાવવામાં આવ્યું છે કે ઝિક્રના બદલામાં તેમની સાથે રહમત અને મગફિરતનો ખાસ વર્તાવ કરવામાં આવશે. અને તેમને મહાન સવાબથી માલામાલ કરવામાં આવશે. જેથી સૂરએ અહઝાબમાં ઈમાનવાળા બંદાઓ અને બંદીઓના અમુક બીજા ઈમાની ગુણોનું વર્ણન કરી ઈર્શાદ ફરમાવ્યો છે.**

وَالـذَّاكِـرِيْـنَ الـلّٰـهَ كَثِيْـراً وَالـذَّاكِـرَاتِ أَعَـدَّ الـلّٰـهُ لَهُم مَّغْفِرَةً وَأَجْراً عَظِيْماً

(الاحزاب: ع،٥)

અર્થાત :– અને અલ્લાહ તઆલાને વધુ યાદ કરનાર તેના બંદાઓ અને બંદીઓ, અલ્લાહ તઆલાએ તેમના માટે ખાસ પ્રકારની બખ્શીશ અને મહાન અજ્ર તૈયાર કરી રાખ્યો છે.

(૫) એ જ મુજબ અમુક આયતોમાં ભવિષ્ય વાણી આપવામાં આવી છે કે જે લોકો દુનિયાની બહારો અને મજામાં ગુંથાઈ જઈ અને બે ખબર બની અલ્લાહની યાદથી બેપરવા બની જાય છે. તેઓ નિષ્ફળ અને નામુરાદ રહેશે. જેમકે સુરએ મુનાફિકુનમાં ઈર્શાદ ફરમાવ્યો છે.

﴿يَـا أَيُّهَـا الَّـذِيْـنَ آمَـنُوا لَا تُلْهِكُمْ أَمْوَالُكُمْ وَلَا أَوْلَادُكُمْ عَن ذِكْرِ اللّٰهِ وَمَن يَفْعَلْ ذَٰلِكَ فَأُولَٰئِكَ هُمُ الْخَاسِرُونَ﴾ (المنافقون: ع،٢)

અર્થાત :– એય ઈમાન વાળાઓ ! તમારી દોલત અને તમારી ઔલાદ તમને અલ્લાહ તઆલાની યાદથી બેપરવા ન કરી દે, અને જે લોકો એ બેપરવાઈમાં ફસાઈ ગયા તેઓ મોટા નુકસાનમાં અને ઘણી ખોટમાં રહેશે.

આ ત્રણેવ શિર્ષકો પણ અલ્લાહની યાદની તાકીદ અને પ્રેરણા માટે બેશક ઘણા જ અસર કારક છે.

(૬) અમુક આયતોમાં ફરમાવવામાં આવ્યું છે કે જે બંદાઓ અમને યાદ કરશે, અમે તેમને યાદ કરીશું, અને યાદ રાખીશું.

﴿فَاذْكُرُونِيْ أَذْكُرْكُمْ وَاشْكُرُوا لِيْ وَلَا تَكْفُرُونِ﴾ (بقره: ع،١٨)

અર્થાત :– એય મારા બંદાઓ તમે મને યાદ કરો, હું તમને યાદ રાખીશ, અને મારો આભાર માનો અને મારી નાશુક્રી ન કરો." سبحان الله وبحمده" બંદાની આના મોટી નેકબખ્તી અને સફળતા બીજી શું થઈ શકે છે કે આખી સૃષ્ટીનો જન્મ આપનાર અને માલિક તેને યાદ કરે અને યાદ રાખે.

(૭) અમુક આયતોમાં ફરમાવવામાં આવ્યું છે કે અલ્લાહના ઝિક્રને દરેક ચીજના મુકાબલામાં બુઝુર્ગી અને મોટાઈ પ્રાપ્ત છે. અને આ સૃષ્ટીમાં તે દરેક વસ્તુથી ઉચ્ચ અને મહાન બુઝુર્ગ છે.

﴿وَلَذِكْرُ اللّٰهِ اَكْبَرُ﴾ (عنكبوت)

અર્થાત :– અને યકીન કરો કે અલ્લાહ તઆલાની યાદ દરેક વસ્તુથી ઉચ્ચ છે.

ખરેખર જો બંદાને ઓળખ નસીબ થઈ જાય તો અલ્લાહનો ઝિક્ર તેના માટે આ આખી સૃષ્ટીથી પણ મહાન છે.

(૮) અમુક આયતોમાં ઉચ્ચ અમલો વિષે સુચનો કરવામાં આવ્યા છે કે તેમના અંત પર અલ્લાહ તઆલાની યાદ હોવી જોઈએ. જેમકે નમાઝ વિષે ફરમાવવામાં આવ્યું છે. :–

﴿فَإِذَا قَضَيْتُمُ الصَّلاَةَ فَاذْكُرُواْ اللّهَ قِيَاماً وَقُعُوداً وَعَلَى جُنُوبِكُم﴾ (النساء : ع،١٥)

જયારે તમે નમાઝ અદા કરી લો તો અલ્લાહ તઆલાનો ઝિક્ર કરો, (દરેક હાલતમાં) ઉભા રહી, બેસીને, અને તમારા પાસાઓ પર સુઈને અને ખાસ જુમ્આની નમાઝ વિષે ઈર્શાદ છે.

﴿فَإِذَا قُضِيَتِ الصَّلَاةُ فَانتَشِرُوا فِي الْأَرْضِ وَابْتَغُوا مِن فَضْلِ اللَّهِ وَاذْكُرُوا
اللَّهَ كَثِيراً لَّعَلَّكُمْ تُفْلِحُونَ﴾ (الجمعه: ع،٢)

અર્થાત :– જયારે જુમ્આની નમાઝ પુરી થઈ જાય તો (છુટ છે) કે તમે (મસ્જીદમાંથી નિકળી તમારા કામ કાજમાં) ધરતી પર ફરો, અને અલ્લાહ તઆલાનો ફઝલ શોધો. અને તે હાલતમાં પણ અલ્લાહ તઆલાને ખુબ યાદ કરો, પછી તેમ સફળતાની આશા રાખી શકો છો. અને હજ વિષે ફરમાવ્યું છે.

فَإِذَا قَضَيْتُم مَّنَاسِكَكُمْ فَاذْكُرُواْ اللّهَ كَذِكْرِكُمْ آبَاءكُمْ أَوْ أَشَدَّ ذِكْرا۔ (بقره : ع،٢٥)

અર્થાત :– પછી જયારે તમે તમારા મનાસિક અદા કરી પરવારી જાઓ તો અલ્લાહ તઆલાને યાદ કરો, જેમકે તમે (ગર્વથી) તમારા બાપ દાદાઓને યાદ કરતા હતા, બલકે તેનાથી પણ વધારે અલ્લાહ તઆલાને યાદ કરો.

આ આયતોથી જણાય છે કે નમાઝ અને હજ જેવી મહાન ઈબાદતોથી પરવારી બંદા માટે અલ્લાહની યાદથી બે પરવા થઈ જવાની કોઈ પણ આવશ્યકતા નથી બલકે તે કામોથી પરવારી દિલમાં અને જીભ પર અલ્લાહ તઆલાની યાદ હોવી જોઈએ. અને તે એ અમલોનો અંત હોવો જોઈએ.

(૯) અમુક આયતોમાં અલ્લાહ તઆલાના ઝિક્રની પ્રેરણા એવા પ્રકારથી આપવામાં આવી છે કે સમજદાર અને અનુભવી બંદા તે જ છે જે અલ્લાહ તઆલાના ઝિક્રથી બે પરવા નથી હોતા. જેનો જરૂરી નિચોડ એ છે કે જેઓ અલ્લાહ તઆલાની યાદથી બેપરવા હશે. તેઓ અક્કલ અને સમજદારીથી

અભાગ્ય છે. જેમકે સૂરએ આલેઈમ્રાનના છેલ્લા રૂકુઅમાં ઈર્શાદ ફરમાવવામાં આવ્યો છે.

إِنَّ فِیْ خَلْقِ السَّمَاوَاتِ وَالْأَرْضِ وَاخْتِلَافِ اللَّيْلِ وَالنَّهَارِ لآيَاتٍ لِّأُوْلِیْ الأَلْبَابِ۔ الَّذِيْنَ يَذْكُرُوْنَ اللّٰهَ قِيَاماً وَقُعُوداً وَعَلَىَ جُنُوبِهِمْ آل عمران: ع، ۳۰)

અર્થાત :– ખરેખર ધરતી અને આકાશને બનાવવામાં અને રાત દિવસને બદલાવવામાં ખુલ્લી નિશાનીઓ છે. તે અકલમંદ લોકો માટે જેઓ ઉભા રહી, બેસીને, સુતા સુતા પણ અલ્લાહ તઆલાને યાદ કરે છે. (અને તેનાથી બે પરવા નથી રહેતા)

(૧૦) અમુક આયતોથી જાણવા મળે છે કે મહાનથી મહાન નેક અમલોનો હેતુ અને તેની આત્મા "અલ્લાહની યાદ" છે. જેમકે નમાઝ વિષે ફરમાવ્યું :–

﴿اَقِمِ الصَّلٰوةَ لِذِكْرِیْ﴾ (طهٰ: ع، ۱)

અર્થાત :– મારી યાદ માટે નમાઝ કાયમ કરો. અને હજના મનાસિક વિષે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)નો ઈર્શાદ છે.

﴿اِنَّمَا جُعِلَ الطَّوَّافُ بِالْبَيْتِ وَالسَّعی بَيْنَ الصَّفَا وَالْمَرْوَةِ وَرَمی الجمارِ لِاِقَامةِ ذِكْرِاللّٰه۔﴾

અર્થાત :– બૈતુલ્લાહનો તવાફ અને સફા મરવાહ વચ્ચેની સઈ, તેમ જમરાતની રમી, એ બધી ચીજો અલ્લાહની યાદ માટે જ નક્કી કરવામાં આવી છે. અને જિહાદ વિષે અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે :–

﴿يَا أَيُّهَا الَّذِيْنَ آمَنُواْ إِذَا لَقِيْتُمْ فِئَةً فَاثْبُتُواْ وَاذْكُرُواْ اللّٰهَ كَثِيْراً لَّعَلَّكُمْ تُفْلَحُوْن﴾ (انفال: ع، ٦)

અર્થાત :– અય ઈમાનવાળાઓ ! જયારે તમારો મુકાબલો કોઈ શત્રુની ફોજ સાથે થઈ જાય, તો જમીને રહો, (એટલે મજબુતી સાથે લડો) અને અલ્લાહનો ઝિક્ર કરો, આશા છે કે તમો સફળ થશો.

અને એક હદીસે કુદસીમાં છે કે :–

اِنَّ عَبدِی كُلّ عَبدِی الّذِی يَذكُرُنِیْ وَهُوَ مُلَاقٍ قِرنه۔

મારો બંદો ખરો બંદો તે જ છે જે પોતાના શત્રુ સાથે લડતી વખતે પણ મને

યાદ કરે છે.

કુર્આન પાક અને હદીસોની આ આયતોથી સ્પષ્ટ થાય છે કે નમાઝથી લઈ જિહાદ સુધી બધા જ નેક અમલોની આત્મા અને જીવ અલ્લાહની યાદ છે.

અને એ જ ઝિક્ર અને દિલ તેમ જીભ વડે અલ્લાહ તઆલની યાદ પર તે વિલાયતનું સર્ટીફિકેટ પ્રાપ્ત કરે છે કે જેને મળી ગયું તે પહોંચી ગયો. અને જેને ન મળ્યું તે દૂર રહ્યો અને છોડી દેવામાં આવ્યો. આ ઝિક્ર અલ્લાહ વાળા લોકોના દિલોનો ખોરાક અને જીવનનો આધાર છે. જો તે એને ન મળે તો બદન તેમના દિલો માટે કબરો બની જાય. અને ઝિક્રથી જ દિલોની દુનિયા આબાદ છે. જો દિલોની દુનિયા તેનાથી ખાલી થઈ જાય તો દિલ બિલ્કુલ સુના અને વેરાન બની જાય. અને ઝિક્ર જ તેમનું એ હથિયાર છે. જેનાથી આત્માના ડાકુઓ સાથે લડી શકે છે. અને એ જ તેમના માટે તે અમૃત છે. જેનાથી તેઓ પોતાના બાતીનની આગ ઠંડી કરે છે અને તે જ તેમની બિમારીઓની તે દવા છે કે જો તેમને ન મળે તો તેમના દિલ પડી જાય. અને એ જ તેમની અને તેમના રબ વચ્ચે બંધનની દોરી છે. કેટલી સરસ મજાની વાત કહેવામાં આવી છે.

اِذَا مَرِضْنَا تَدَاوَيْنَا بِذِكْرِكُمْ    فَنَتْرُكُ الذِّكْرَ اَحْيَاناً فَنَتَكَّسُ

અર્થાત :– જયારે અને બિમાર પડી જઈએ છીએ, તો તમારી યાદથી પોતાનો ઈલાજ કરીએ છીએ, અને જયારે કોઈ વખતે યાદથી બેપરવા થઈ જઈએ તો મૃત્યુના ઘાટ પર પહોંચી જઈએ છીએ.

અલ્લાહ તઆલાએ જેમ દેખતી આંખોને રોશનીથી ચમકદાર કરી છે. એ જ મુજબ ઝિક્ર કરનાર જીભ તે આંખ માફક છે. જે જોવાની શકિતથી અભાગ્ય છે. અને તે કાન સમાન છે. જે સાંભળવાની શકિત ખોય ચુકયો છે. અને તે હાથ સમાન છે, જે લકવો મારી જવાથી બેકાર થઈ ગયો હોય

અલ્લાહની યાદ જ તે માર્ગ અને કાર છે. જે હક જલ્લ જલાલહુ અને તેના બંદા વચ્ચે ખુલ્લો છે. અને તેનાથી જ બંદો તેના આલી દરબાર સુધી પહોંચી શકે છે. અને જયારે બંદો અલ્લાહ તઆલાની યાદથી બેપરવા થઈ જાય છે. તો એ દ્વાર બંદ થઈ જાય છે.

કહેવાળાએ કેટલી સરસ મજાની વાત કહી છે.

فَنِسْيَانُ ذِكْرِ اللّٰهِ مَوْتُ قُلُوبِهِمْ وَاَجْسَامُهُمْ قَبْلَ الْقُبُورِ قُبُورٌ
وَاَرْوَاحُهُمْ فِي وَحْشَةٍ مِنْ جُسُومِهِمْ وَلَيْسَ لَهُمْ حَتّٰى النُّشُورِ نُشُورٌ

અર્થાત :– અલ્લાહ તઆલાની યાદથી બેપરવા થઈ જવું અને ભુલી જવું તેમના દિલોની મોત છે. અને તેમના બદન જમીન વાળી કબરો પહેલાં તે મૃત્યુ પામેલા દિલોની કબરો છે. અને તેમની આત્માએ ઘણી જ ગભરાટમાં છે. તેમના બદનોમાં અને તેમના માટે કરયામ અને હશ્ર પહેલાં જીવન નથી.

(શૈખ ઈબ્ને કય્યિમ રહ.ના સૌજન્યથી)

નાચીઝ સંપાદક અરજ કરે છે કે ઉપરોકત લખાણમાં અલ્લાહ તઆલાના ઝિક્રની તાકીદ અને તરગીબના જે દસ શિર્ષકો વર્ણન કરવામાં આવ્યા કુર્આન પાક તેમના સિવાય બીજા ઘણા શિર્ષકો હેઠળ ઝિક્રુલ્લાહની પ્રેરણા આપવામાં આવી છે. જેમકે ફરમાવ્યું કે :–

દિલોને (એટલે અલ્લાહ તઆલા સાથે બંધન રાખવા વાળાઓના દિલો અને તેમની આત્માઓને) અલ્લાહ તઆલાની યાદથી જ ચેન અને શાંતિ મળે છે.

﴿اَلَا بِذِكْرِ اللّٰهِ تَطْمَئِنُّ الْقُلُوبُ۔﴾

અર્થાતઃ– જાણી લો કે અલ્લાહની યાદ થી જ દિલોને ચેન અને શાંતિ મળે છે.

અલ્લાહ તઆલાના ઝિક્રની તાસીર અને બરકત વિષે બીજા એક રબ્બાની સુફી અને મુહક્કીક "તર્સીઉલ્જહાવિરૂલમક્કીય્યાહ"ના કર્તા, તેમના અમુક વાકયોનો અનુવાદ વાંચવામાં આવે. જેથી આગળ લખવામાં આવતી આ બાબતની હદીસો સમજવામાં ઈન્શાઅલ્લાહ ખાસ મદદ મળશે. ફરમાવે છે.

દિલોને ચમકદાર બનાવવા માટે અને દુર્ગુણોને સદગુણો સાથે બદલવા માટે બધી તાબેદારી અને ઈબાદતોથી વધુ જલ્દી અસર કારક અલ્લાહ તઆલાનો ઝિક્ર (યાદ) છે.

જાતે અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે :–

﴿إِنَّ الصَّلَاةَ تَنْهَى عَنِ الْفَحْشَاءِ وَالْمُنكَرِ وَلَذِكْرُ اللَّهِ أَكْبَرُ﴾

અર્થાત :– બેશક નમાઝ બેકાર અને ખરાબ વાતોથી રોકે છે. અને એ સત્ય હકીકત છે કે અલ્લાહ તઆલાની યાદ ઘણી મોટી નેઅમત છે.

---

# મુતશાબિહ બાબતોમાં ચર્ચા કરવી મના છે.

**હઝરત અકદસ શૈખુલ હદીસ મવલાના ઝકરિયા રહ.ની કિતાબ 'ઈસ્લામી સિયાસત'નો ક્રમશ અનુવાદ.** *મુફતી ફરીદ અહમદ કાવી*

'મુતશાબિહ' અરબી મુજબ એવી આયતો અને બાબતોને કહે છે જેનો સ્પષ્ટ અને ચોક્કસ અર્થ – મતલબ માણસની સમજથી બહાર હોય. એનાથી ઉલટું 'મુહકમ' આયતો હોય છે, એટલે એવી આયતો જેનો ચોક્કસ – સ્પષ્ટ માણસ સમજી શકે. જેમ કે કુરઆનની જે આયતોમાં રોઝા, નમાઝ, ઝકાત વગેરે બાબતોનો હુકમ છે, એને 'મુહકમ' (મજબૂત – સ્પષ્ટ) કહેવાય છે. અને જે આયતોમાં અલ્લાહના હાથ હોવાનું, આંખ હોવાનું વગેરે વર્ણન છે, અથવા અમુક સુરતોના શુરૂમાં الـــــم વગેરે શબ્દો છે, એ બધાનો મતલબ માણસની સમજ શકિતથી બહાર છે, એને મુતશાબિહ કહેવામાં આવે છે. કુરઆન અને હદીસના હુકમ અનુસાર માણસે મુતશાબિહ આયતોમાં વિચાર – મંથન કે એના વિશે ચર્ચા કરવી મના છે, અને આમ કરનાર અવળા રસ્તે જનાર ગણાશે. (અનુવાદક)

મુતશાબિહાતમાં ચર્ચા કરવાની મનાઈ છે. સબીગ બિન અસલ ઈરાકી નામે એક માણસ બસરહમાં રહેતો હતો. અને કુરઆનની મુતશાબિહ આયતો વિશે ચર્ચા – તકરીર કરતો રહેતો હતો. ઈરાકથી મિસર પહોંચ્યો તો ત્યાં પણ મુસલમાનો સાથે આ બાબતે ચર્ચા કરવા માંડયો. ત્યાંના હાકેમ હઝ. અમ્ર બિન આસ રદિ. એ ખલીફા હઝ. ઉમર રદિ.ને આ વિશે પત્ર લખ્યો. હઝ. ઉમર રદિ.એ એને મદીના બોલાવ્યો. હઝ. ઉમર રદિ.એ એને પુછયું કે તું કોણ છે ? એણે કહયું કે અલ્લાહનો બંદો સબીગ છું. હઝ. ઉમર રદિ.એ એને કહયું કે હું અલ્લાહનો બંદો ઉમર છું, અને પછી તાજી – લીલી લાકડીઓ વડે એને મારવા માંડયા. જેનાથી એનું શરીર લોહીલુહાણ થઈ ગયું. પછી જયારે ઝખ્મો થોડા સારા થયા તો ફરી માર્યો, જેનાથી શરીર લોહીથી લાલ લાલ થઈ ગયું.

આ સ્થિતિમાં અંતે સબીગે અરજ કરી કે તમારો ઈરાદો મને કતલ કરવાનો હોય તો તમે કતલ કરો, મને વાંધો નથી. અને જો તમારો ઈરાદો મારા દિમાગનો ઈલાજ કરવાનો હોય તો મારા દિમાગમાં જે ભુસું હતું તે બધું

નીકળી ગયું છે. આખરે હઝ. ઉમર રદિ.એ એને છોડી દીધો અને બસરહ એના ઘરે જવાની પરવાનગી આપી. પણ સાથે એક હુકમ રવાના કર્યો કે કોઈ પણ માણસ સબીગ પાસે બેસે નહીં.

અબૂ ઉસ્માન નહદી રહ. ફરમાવે છે કે હઝ. ઉમર રદિ.ના ફરમાન મુજબ કોઈ વેળા અમે ૧૦૦ માણસો પણ ભેગા હોય અને એવામાં સબીગ આવી જતો તો બધા ત્યાંથી વિખેરાય જતા. સબીગ માટે આ મોટી મુસીબત હતી. છેવટે બસરહના હાકેમ હઝ. અબૂ મુસા અશ્અરી રદિ.એ હઝ. ઉમર રદિ.ને લખ્યું કે હવે સબીગ સુધરી ગયો છે. હવે એના વિચારો પહેલાં જેવા નથી. તો ત્યાર પછી હઝ. ઉમર રદિ.એ લોકોને સબીગ સાથે હળવા મળવાનો આદેશ આપ્યો.

આવા સેંકડો કિસ્સાઓ છે, જેનાથી માલૂમ થાય છે કે શરીઅતમાં દરેક બાબતની દરજાબંદી – મર્યાદાઓ છે. એવું નથી કે ઇલ્મ – જ્ઞાનના જોશમાં જેના દિલમાં જે આવે તે લખી દીયે અને પછી પોતાની વાતોને ઉલમાના ઈખ્તેલાફ (રહમત)માં ગણવા માંડે. શરીઅતના હુકમોની હાંસી ઉડાડવામાં આવે, અલ્લાહના મહબૂબ રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સુન્નતોની મજાક કરવામાં આવે, શરીઅતના બુનિયાદી હુકમોને બેકાર – વધારાના કહેવામાં આવે, લખનારના હાથમાં કલમ હોય પણ શરીઅતના હુકમોથી અજાણ હોય, અને પછી જે ચીઝ પોતાની સમજમાં ન આવે એ ખોટી ઠેરવીને દીન – શરીઅતમાંથી બહાર કરી દેવામાં આવે.. અને આ બધાને ઉલમાનો ઈખ્તેલાફ કહીને શરીઅતના વર્તૂળમાં શામેલ કરવાની ચેષ્ટા કરવામાં આવે.

શરીઅતના હુકમોનો દરજાઓ અને ક્રમ છે. એમાંથી ઘણા હુકમો અત્યંત મહત્વના – બુનિયાદી છે. આવા હુકમોને એના યોગ્ય ક્રમથી નીચે ઉતારીને સમજવા – વર્ણવવાનો કોઈને અધિકાર નથી. અમુક હુકમો સામાન્ય – મામૂલી ક્રમના છે, આવા હુકમોનો દરજો વધારી દેવાનો પણ પણ કોઈને અધિકાર નથી. અને શરીઅતના હુકમો (આદેશો – આદર્શો)ના શું દરજા છે, એ બધા માટે ઘણું ઊંડું જ્ઞાન આવશ્યક છે. કુરઆન હદીસ સમજવા પર મોકૂફ છે. અને કુરઆન – હદીસ આધારિત નિયમો સમજવા ઉપર એનો મદાર છે. આ માટે ત્રણ અલગ અલગ વિષયો સમજવા જરૂરી છે. ઉસૂલે ફિકહ, હદીસ, ઉસૂલે તફસીર.

● ● ● ●

# ખત્મે બુખારી

## *હદીસ શરીફ, બુખારી શ., ખત્મે બુખારી તેમજ અન્ય કીમતી વાતો*

તા.૩૦ જાન્યુઆરી / ૨૦૨૪ અને ઈસ્લામી તારીખ : ૧૮/ ૨જબ ૧૪૪૫ હિ.ના મંગળવાના રોજ જામિઅહની મસ્જિદમાં ખત્મે બુખારી વિષયક ભવ્ય જલસાનું આયોજન કરવામાં આવ્યું હતું આ નિમિત્તે જામિઅહ–જંબુસરના શૈખુલ હદીસ હઝરત મુફતી અસ્જદ સાહેબ (દા.બ.) એ તલબા તથા હાજરજનો સામે બુખારીનો અંતિમ સબક–પાઠ આપ્યો હતો, જેના અમુક અંશો અત્રે વાંચક મિત્રો સમક્ષ પ્રસ્તુત છે.

## *હદીસ સાથે લગાવ અને મશ્ગુલીની ફઝીલત*

હદીસ સાથે લગાવ અલ્લાહ તઆલા તરફથી એક મોટી ભેટ અને નેઅમત છે, હઝરત હાકિમ નૈસાપૂરી (રહ.) એ તેમના પુસ્તક "મઅરિફતુ ઉલૂમુલ હદીસ"માં એક હદીસ લખી છે, અર્થ : અલ્લાહ તઆલા એવા માણસને તંદુરસ્ત રાખે જેણે મારી વાતને સાંભળી અને તેને સમજીને પોતાના દિલમાં સંઘળી અને કોઈ પણ જાતના વધારા ઘટાડા વિના અતિ સાવચેતીથી બીજા લોકો સુધી પહોંચાડી. આનાથી સ્પષ્ટ થાય છે કે જે લોકો હદીસ સાથે લગાવ ધરાવે છે તેમને અલ્લાહ તઆલા તરફથી આધ્યાત્મિક શકિત નસીબ થાય છે, આ મશ્ગૂલીના લીધે અલ્લાહ તઆલા તરફથી આખિરતમાં તેમને નવાજવામાં આવશે તે તો છે જ, પરંતુ અલ્લાહ તઆલા દુનિયામાં તેમને અને ખાસ કરી માનસિક શકિતને મૃત્યુ સુધી તંદુરસ્ત રાખે છે.

આવા અનેક ઉદાહરણો છે કે જે લોકોનો હદીસ સાથે લગાવ રહયો તેમને અલ્લાહ તઆલાએ ખૂબ જ લાંબી અને તંદુરસ્ત જિંદગી અર્પણ કરી હતી. આ હદીસ સાથે લગાવનો જાહેરી ફાયદો છે અને આપણે પણ જોઈએ છીએ કે જે લોકો હદીસ સાથે લગાવ ધરાવે છે તેમને અલ્લાહ તઆલા દરેક રીતે ખુશ અને તંદુરસ્ત રાખે છે.

હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી (રહ.)એ ઈલ્મે દીન શીખ્યું, શીખવાડયું અને તસવ્વુફની રાહ લીધી, તેમાં પણ પુર્ણતા પ્રાપ્ત કરી, પઢાવ્યું

અને આધ્યાત્મિક સાથે જોડાયા, જયારે હરમ શરીફમાં ગયા અને ત્યાંના રોકાણ દરમિયાન તેમને ત્યાં અનેક ખુશખબરીઓ મળી, રૂહાની ફાયદા પ્રાપ્ત થયા જેને તેમણે તેમના પોતાના "ફુયૂઝુલ હરમૈન" નામક પુસ્તકમાં નોંધ્યા છે; તે પૈકી એક આ પણ છે કે,

"જયારે તેઓ હરમ શરીફમાં ગયા અને નબીએ કરીમ (સલ.)ના પવિત્ર દિલ અને મુબારક સિના તરફ ધ્યાન કેન્દ્રિત કર્યુ, તો તેઓ ફરમાવે છે કે મને એહસાસ થયો કે નબીએ કરીમ (સલ.)ના દિલ મુબારકમાંથી નૂરના કિરણો નીકળી રહયા છે, તે દરેક એવી વ્યકિત સાથે સંલગ્ન થઈ રહયા હતા, જેઓને હદીસ સાથે મશ્ગૂલી અને લગાવ હતો.

આ બનાવ નકલ કર્યા પછી આપે લોકોને સંબોધીને ફરમાવ્યું કે હે વાંચક મિત્રો ! તમે હદીસ સાથે સંબંધ અને લગાવ રાખજો, જેથી તમારું દિલ નબીએ કરીમ (સલ.)ના નૂરથી મુનવ્વર–પ્રકાશિત થતું રહે અને નબીએ કરીમ (સલ.)નું નૂર ડાયરેકટ તમારા દિલથી જોડાયેલ રહે, આ હદીસ વિદ્યાની જાહેરી ફઝીલત છે.

### *બુખારી શરીફનું મહત્વ*

બુખારી શરીફ સહીહ હદીસોનો લોકપ્રિય સંગ્રહ છે, વળી તેને અકાબિર ઉલમા તરફથી સિહતનું પ્રમાણપત્ર પ્રાપ્ત છે અને તેના વિશે ઘણી ખુશખબરીઓ છે, તે પૈકી એક ખુશખબરી કે વિખ્યાત મુહદ્દિષ ઈમામ અબૂઝેદ મરવઝી (રહ.) ફરમાવે છે કે હું એક વખતે રૂકને યમાની અને મકામે ઈબ્રાહીમની વચમાં બેસી મુરાકબા–ધ્યાનમાં મશ્ગૂલ હતો, એકાએક મારી આંખ લાગી, એવામાં ઊંઘમાં નબીએ કરીમ (સલ.)ના દર્શન થયા, તો નબીએ કરીમ (સલ.) એ ફરમાવ્યું : અબૂઝેદ ! કયાં સુધી તમે ફિકહ શાફઈમાં લાગ્યા રહેશો અને મારી કિતાબથી અલગ રહેશો? તો અબૂઝેદ (રહ.) એ તે જ સમયે સપનામાં નબીએ કરીમ (સલ.)સમક્ષ અરજ કરી કે હઝરત ! આપની કઈ કિતાબ ? તો ફરમાવ્યું કે ઈમામ મુહમ્મદ બિન ઈસ્માઈલની જામેઅ સહીહ! આનાથી અનુમાન લગાવી શકાય છે કે આ કિતાબ(બુખારી શરીફ) કેટલી લોકપ્રિય અને મહત્વની છે, આ જ કારણે જયારથી તેનું લેખન થયું છે, ત્યારથી લઈ આજ સુધી તેને પઢવા–પઢાવવાનો ક્રમ અવિરતપણે ચાલુ છે

અને ઈન્શાઅલ્લાહ કિયામત સુધી આ પરંપરા ચાલુ જ રહેશે.

આ કિતાબની આ અગત્યતાના લીધે કહી શકાય છે અને ઉલમાએ પણ લખ્યું છે કે તેને પોતાની પાસે રાખવી ભલાઈ અને બરકતનું કારણ છે, તેને પઢવાથી સવાબ મળે છે, તે અનુસાર પોતાની જિંદગીને બનાવવી માણસ માટે દોજખથી નજાત–મુકિતની જમાનત છે. આકાબિર ઉલમા (રહ.)એ તકલીફ, પરેશાની અને મુસીબત ટાંણે બુખારી શરીફને આખી ખતમ ફરમાવી અને તેના મોટા પરિણામો તેમને મળ્યા. અલ્લામા જમાલુદ્દીન (રહ.) તેમના ઉસ્તાદ ઈમામ અસીલુદ્દીન (રહ.) વિશે નોંધે છે કે તેમની સામે આ વાત કહેવામાં આવી કે ૧૨૦ વખતે વિવિધ સમયે વિભિન્ન મુસીબતો અને પરેશાનીઓ નિમિત્તે મેં આ કિતાબને ખતમ કરી છે અને દરેક વખતે મને સફળતા મળી.

અલ્લામા યુસૂફ બિન્નોરી (રહ.) વિશે હઝરત શૈખુલ હદીસ મવલાના ઝકરિયા સા. (રહ.)એ પોતાની "આપબીતી–આત્મકથા"માં લખ્યું છે કે તેમનો (હઝરત બિન્નોરી રહ.) નિત્યક્રમ હતો કે રમઝાનુલ મુબારકના અંતિમ દસ દિવસોમાં મદીના શરીફમાં પસાર કરતા હતા, એક વખતે તેઓ મદીનામાં જ હતા અને ૨૬/રમજાન/૧૩૯૩ હી. ના રોજ રાત્રે એક ખૂબ જ ચિંતાજનક અને ગંભીર સમાચાર મળ્યા કે ઈઝરાઈલે હુમલો કર્યો છે, આ સમાચાર અતિ ગંભીર હતા, હઝરત મૌલાના ઝકરિયા કાંધલ્વી (રહ.) ફરમાવે છે કે આ સમયે હું પણ ત્યાં હાજર હતો, જેથી હઝરતે મને કહેવડાવ્યું કે આવતી કાલે બુખારી શરીફનું ખતમ થશે, તમને પણ હાજર રહેવા વિનંતી, મેં કહયું કે હઝરત ! આટલી મોટી કિતાબ એક દિવસમાં કેવી રીતે ખતમ થશે ! તેના માટે તો બુખારી શરીફની અલગ અલગ પ્રતો પણ જોઈશે, તો અલ્લામા બિન્નોરી (રહ.) એ ફરમાવ્યું કે બધું થઈ જશે, જેથી તેમણે ત્યાંના ઉલમાને કહેણ મોકલ્યું અને વિવિધ મદ્રસાઓમાંથી અને મિત્રો પાસેથી બુખારી શરીફની પ્રતો ભેગી કરી અને કાયદેસરથી બુખારી શરીફના ખતમની મજલિસનું આયોજન કર્યુ, બે કલાકમાં બુખારી શરીફનું ખતમ થયું અને ત્યાર પછી દુઆ થઈ આનું તત્કાળ પરિણામ એવું આવ્યું કે તે જ રાત્રે રેડિયો પર સમાચાર આવ્યા કે યુદ્ધ વિરામ થઈ ગયું છે !!

ઈમામ બુખારીની વિશેષ્તાઓમાંથી એક આ પણ છે કે તે સમયના

હાલાત, ઈસ્લામ વિરૂધ્ધ પ્રવૃતિઓ વગેરેને ધ્યાનમાં રાખી બુખારી શરીફ લખી છે, માટે આપ(રહ.)એ નમાઝના પ્રકરણમાં એક શિર્ષક લખ્યું છે કે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અસા–ભાલાને સામે રાખી નમાઝ અદા કરતા હતાં અને આ વિશે હદીસો લખી છે, જેનાથી આપ(રહ.)તે સમયનો એક મસ્અલો સમજાવી રહયા છે, તે સમયે મિસરમાં લોકો હથિયારને દેવી–દેવતાનો દરજ્જો આપતા હતા અને તેને સામે રાખી તેની ઈબાદત અને પુજાપાઠ કરતા હતા,(જેમ કે આપણે ત્યાં ગેર મુસ્લિમ શસ્ત્ર પુજા કરે છે.) જેથી આ બાબત જણાય છે કે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પણ સામે રાખી નમાઝ પઢતા હતા, તો આપ(રહ.)એ આ પ્રકરણમાં આ વાત સમજાવી કે ભાલા–હથિયાર અથવા બીજી કોઈ વસ્તુને દેવી–દેવતા માની ઈબાદત કરવામાં આવે, તો તે શિર્ક લેખાશે અને જો તેને દેવી–દેવતા માનવામાં ન આવતા હોય, કોઈ પણ જાતના ઈરાદા વગર તેને સામે રાખી નમાઝ પઢવામાં આવે, તો તેમાં કોઈ વાંધો નથી, જેમ કે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ભાલો સામે રાખી નમાઝ અદા કરતા હતાં.

ઉપરોકત કિસ્સાની જેમ જ એક બાબત ઈમામ બુખારી(રહ.)ના સમયમાં એક ગુમરાહ ફિરકો અને જમાઅત "મુઅતઝિલા"નામની હતી, જે બુદ્ધિ અને લોજિકને પ્રધાન્યતા આપતા હતા, કુર્આન અને હદીસને બુધ્ધિ અને લોજીકના આધારે જોવામાં આવે અને માનવામાં આવે, જો તે વાતો અકલ અને લોજીકના આધારે સમજમાં ન આવે, તો તે વાતો ભલે પછી કુર્આન–હદીસથી સાબિત હોય, તેને માનવામાં ન આવે. આવી જ એક બાબત માણસના અમલ અને તેની વાતો તોળવાની છે; કારણ કે આપણે કરેલ અમલ અને કર્મો જેનું જાહેરમાં કોઈ અસ્તિત્વ નથી, તેને કેવી રીતે તોળી શકાય? માટે સારા અને ખરાબ કર્મોને તોળવામાં આવશે નહીં.

મુઅતઝિલાનો આ સવાલ આપણા સમયમાં કોઈ હકીકત રાખતો નથી, કારણ કે હવે તો ઘણી વસ્તુઓ જેનું જાહેરમાં અસ્તિત્વ નથી જેમ કે હવા વગેરે તેને પણ તોલવામાં આવે છે, તેની ઝડપ, રસ્તાઓ પર ચાલતી ગાડીઓની ઝડપ નક્કી કરવામાં આવે છે, ઘણાં ઉલમાએ કિરામ કે જેમની વફાત થઈ ગઈ, તેમના શરીરનું અસ્તિત્વ નથી, તેમ છતાં તેમનો અવાજ, બયાનો વગેરે

રેકોર્ડ છે, યુટયુબ વગેરે ઉપર ઉપલબ્ધ છે.

ફિલોસોફરો તેમજ લોજિકની વાત કરનારઓની વાતો સંપુર્ણપણે ભરોસાપાત્ર નથી હોતી, કારણ કે તે લોકો એક વાત કહે છે, અને અમુક સમય બાદ તેનાથી વિરૂધ્ધ વાત કહે છે, માટે ચોક્કસ અને ભરોસા પાત્ર ફકત આકાશી જ્ઞાન–વહીનું ઈલ્મ છે, ઈમામ બુખારી(રહ.)એ આકાશી અને વહીના ઈલ્મની મહત્વતા સમજાવવા બુખારી શરીફની શરૂઆત વહીના પ્રકરણથી કરી છે અને આ વાત રજૂ કરી હતી કે આપણી માન્યતાઓ, અમલો અને જીવન વહીના ઈલ્મ એટલે કે કુર્આન હદીસ મુજબ જ હોવું જોઈએ.

જરૂરત છે પોતાની સમજ, લોજિક અને અકલને આકાશીય જ્ઞાનના તાબે કરવામાં આવે અને જેમ જેમ સાયન્સ ક્ષેત્રે સંશોધન થઈ રહયું છે તેમ ઈસ્લામની હકીકતો અને કુર્આન–હદીસની વર્ણિત બાબતો સમજવી સરળ થઈ ગઈ છે, અત્રે આ વિશે ઉદાહરણ રજૂ કરવામાં આવે છે.

બુખારી શરીફમાં એક બનાવ લખ્યો છે કે એક વાર એક વ્યકિત ગાય પર બેસીને સવારી કરતો હતો, જેથી ગાય બોલી કે અલ્લાહ તઆલાએ મને સવારી માટે નથી બનાવી, મને તો ખેતીકામ માટે પેદા કરી છે, આ હદીસમાં આગળ છે કે એક ગોવાળિયો બકરીઓ ચરાવી રહયો હતો, તો ગોવાળિયાએ વરૂને ત્યાંથી દૂર કર્યુ, જેથી બકરીઓનું રક્ષણ થાય, તો વરૂ બોલવા લાગ્યું કે ઈદના દિવસે જયારે તુ નહી હોય, ત્યારે કોણ આ બકરીઓને બચાવશે?

આ બાબતો બુદ્ધિ અને લોજીકની દ્રષ્ટિએ પહેલી નજરમાં અશકય લાગે છે, પરંતુ હવે તો અશકય રહી જ નથી, કારણ કે હવે તો મશીન બોલે છે,જેમ કે કયાંક જવા માટે મેપનો ઉપયોગ કરવામાં આવે, તે પણ બોલીને આપણને રસ્તો બતાવે છે, આનાથી સમજી શકાય છે કે વિજ્ઞાનની પ્રગતિ કુર્આન – હદીસમાં વર્ણન કરેલ બાબતો સમજવામાં મદદરૂપ થાય છે.

હકીકત સમજવી જોઈએ અને આ વાત હઝરત થાનવી(રહ.)એ પોતાના એક પુસ્તક "અલ ઈન્તિબાહાતુલ મુફીદા"માં લખી છે કે બે બાબતો અલગ – અલગ છે; એક કોઈ વસ્તુનું બુદ્ધિ–લોજિક વિરૂધ્ધ હોવું અને કોઈ વસ્તુનું આદત વિરૂધ્ધ હોવુ અલગ બાબત છે, એક વ્યકિતને ગરબડ ત્યારે થઈ જાય છે, જયારે આદતથી વિપરિત વસ્તુને અકલ વિરૂધ્ધ સમજવા માંડે છે, જેમ કે જાનવર અને નિર્જીવ વસ્તુનું માણસની જેમ બોલવું આદત વિરૂધ્ધ તો છે,પરંતુ

અકલ વિરૂધ્ધ નથી, આપણે પણ તેને અકલ વિરૂધ્ધ સમજીએ છે અને તે આધારે કુર્આન–હદીસનું અર્થઘટન કરીએ છીએ અને મુંજવણમાં મુકાઈએ છે, જો સદર નિયમ યાદ રાખવામાં આવે,તો ઘણી મુંજવણો દૂર થઈ શકે છે.

ઈમામ બુખારી(રહ.)એ છેલ્લા પ્રકરણમાં મુઅતઝિલાની ખોટી માન્યતા કે "જે વસ્તુનું અસ્તિત્વ નથી, તેને તોલી શકાય નહી" ને રદ–બાતલ કહી, તેના જવાબો આપ્યા છે, મુઅતઝિલાની દલીલ અકલ અને લોજિકમાં ન આવવું હતી, તો તે મુજબ તેના જવાબો અકલ અને લોજિકના આધારે આપવા જોઈએ, પરંતુ ઈમામ બુખારી(રહ.)એ અકલ અને લોજિક મુજબ જવાબ આપવાનું છોડી ફકત કુર્આનની એક આયત અને એક હદીસ શરીફ રજૂ કરી જવાબ આપ્યો છે, જેનાથી ઈમામ બુખારી(રહ.)એ આ વાતની તાકીદ કરી છે કે જયારે કુર્આન અને હદીસમાં કોઈ વાત વર્ણન કરવામાં આવે, તો સંપુર્ણપણે તેને સત્ય માનવામાં આવશે અને તેની ઉપર જ ભરોસો કરી માન્ય રાખવામાં આવશે તેમજ તેના ઉપર અમલ કરવામાં આવશે, ભલે તે બાબતો અકલ અને લોજિક મુજબ હોય કે વિરૂધ્ધ હોય, આથી એમ ન સમજવામાં આવે કે શરીઅતમાં અકલની મહત્તા અથવા અકલનું કોઈ સ્થાન નથી, બલ્કે શરીઅતમાં અકલની ઘણી અહેમ્મિયત અને સ્થાન છે, કુર્આનમાં વારંવાર બુદ્ધિથી કામ લેવાની તાકીદ છે, પરંતુ બુદ્ધિને શરીઅતના હુકમથી ઉપર સમજવામાં ન આવે અને શરીઅતના હુકમને બુદ્ધિથી તોલવામાં ન આવે; કારણ કે માણસની બુદ્ધિ અને સમજશકિત મર્યાદિત છે, જેમ કે કોઈ વ્યકિત પોતાની પાછળની વસ્તુ જોઈ શકતો નથી, પરંતુ બીજો વ્યકિત આવી જણાવે તો તેની વાત માન્ય રાખી સાચુ માને છે, કારણ કે તે વ્યકિત તેને જોઈ અને જાણીને ખબર આપી રહયો છે, તેમજ શરીઅતના હુકમની હિકમત આપણે સમજી શકતા નથી, અલબત્ત તે વિશેની જાણ રાખનાર અલ્લાહ તઆલા તેમજ રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ તેની હિકમતો જાણે છે, તો આપણે તે હુકમને બુદ્ધિના ત્રાજવામાં તોલવા કરતા કાંઈ પર બોલ્યા વગર અમલમાં લાવીશું, સમજાય કે ન સમજાય, કુર્આન હદીસને માનવામાં અને તેના પર અમલ કરવામાં આવશે.

### *કિયામતના દિવસે દરેકના આમાલ તોળવામાં આવશે*

હદીસમાં છે કે "અમે કિયામતના દિવસે ન્યાયિક ત્રાજવાઓ મુકીશું,"

એટલે કે અલ્લાહ તઆલા કિયામતના દિવસે તમામની સાથે ન્યાયથી કામ લેશે અને કાયદેસરથી આમાલને તોળવા માટે ત્રાજવાઓ મુકશે. કુર્આન અને હદીસમાં આ વિશે સ્પષ્ટ વર્ણન છે કે અલ્લાહ તઆલા કયામતના દિવસે કાયદેસરથી દરેક માણસના આમાલ વગેરેને તોલવા માટે ત્રાજવું મુકશે. ઈમામ અબૂલ હસન અશ્અરી (રહ.) કહે છે કે એહલે સુન્નત તેને માને છે અને બિદઅતીઓ તેને નકારે છે. ઈબ્ને બત્તાલ (રહ.)નું કથન છે : દરેક માણસના આમાલ તોલવામાં આવશે અને તેના માટે કાયદેસરથી ત્રાજવું મુકવામાં આવશે અને આ સત્ય વાત છે, આ વિશે ઉલમાએ અહલે સુન્નત એકમત છે.

કુર્આનમાં છે : અને તે દિવસે (કરણીનો) તોલ ચોક્કસ હશે, ફરી જેનું (ઈમાનનું) પલ્લું ભારે હશે તો તેવા લોકો જ છુટકારો મેળવશે. અને જેમનું પલ્લું હલકું થશે તો આ તે લોકો હશે કે જેઓએ પોતે પોતાનું નુકસાન કર્યુ. (અઅરાફ : ૭–૮)

અન્ય એક જગ્યાએ છે :ત્યાર પછી જે માણસના (નેકીઓનાં) પલ્લા ભારે થશે તો તે મન– માન્યા આરામમાં રહેશે, અને જે માણસના પલ્લાં હલકાં હશે તો તેનું ઠેકાણું (દોઝખનો) ખાડો છે. (સૂરએ કારિઅહઃ ૬ થી ૯)

આ સિવાય પણ આયતો મોજૂદ છે કે કિયામતના દિવસે લોકોના આમાલ ત્રાજવા વડે તોલવામાં આવશે. હદીસમાં છે કે જયારે લોકોના આમાલ તોલવામાં આવશે તો હઝરત જિબ્રઈલ (અલૈ.) એલાન કરશે કે એ ફલાણાના છોકરા ફલાણા! જાઓ તમે કામિયાબ થઈ ગયા, હવે તમે કદી નાપાસ નહીં થાવ અને જેનું ત્રાજવું હલકુ હશે તેમના વિશે પણ હઝરત જિબ્રઈલ (અલૈ.) એલાન કરશે હે ફલાણા ! તમે નાપાસ થયા છો, હવે તમે કદી પાસ નહીં થાવ. આ પ્રમાણે કાયદેસરથી કાર્યવાહી થશે.

અમુક લોકો આ વિશે સવાલ કરે છે કે અલ્લાહ તઆલા તો બધું જ જાણે છે તેમ છતાં ત્રાજવાથી આમાલને કેમ તોલશે ? તો એનો જવાબ છે કે આ તોલવું અલ્લાહ માટે નથી અલ્લાહ તઆલાને તો બધી ખબર જ છે પરંતુ માણસની શાંતિ અને સંતોષ માટે ત્રાજવામાં તેના આમાલને તોલીને બતાવશે.

કયામતના દિવસે અમુક લોકો એવા પણ હશે જેઓ પોતે નિર્દોષ હોવાની જીદ કરશે. હદીસમાં છે કે એક માણસ બેઠા બેઠા પુલસિરાતને પાર કરી લેશે,

તે જન્નતમાં જવાની તૈયારીમાં જ હશે કે અલ્લાહ તઆલા તેને રોકશે અને પૂછવામાં આવશે કે ભાઈ તને ખબર છે તે કયા કયા ગુનાહ કર્યા છે? તો તે નકારશે કે ના મેં કોઈ ગુનોહ નથી કર્યો અમે તો સાવચેતી પૂર્વક જીવન પસાર કર્યુ છે, ગુનાહની નજીક પણ નથી ગયો. તો અલ્લાહ તઆલા તેને સંબોધીને કહેશે કે જરા વિચારીને બોલો, તો તે માણસ તે જ જવાબ આપશે, તો અલ્લાહ તઆલા તેને કહેશે કે આ વિશે હું ગવાહ રજૂ કરું તો ? તે માણસ આમતેમ જોશે કે અહીં તો કોઈ દેખાતું નથી, પછી તે કહેશે કે સારું ગવાહ રજૂ કરો, જેથી કાયદેસરથી અલ્લાહ તઆલા કિરામન કાતિબીનને બોલવશે, તે માણસ એમને પણ નકારશે કે આ તો મારા દુશ્મન છે, જુઠુ બોલે છે. ખૈર અલ્લાહ તઆલાની જાત જ નિરાલી છે, તે જ આપણો માલિક છે, તે જે ઈચ્છે તે આપણી સાથે કરી શકે છે, અલ્લાહ તઆલાએ નિર્ણય લઈ લીધો હતો કે તેને માફ કરી દેવામાં આવે અને જન્નતમાં પ્રવેશ આપવામાં આવે. માટે અલ્લાહ તઆલા કયામતના દિવસે માણસના સંતોષ માટે હકીકતમાં ત્રાજવા દ્વારા માણસના આમાલને તોલશે.

## સુબ્હાનલ્લાહ અને અલ્હમ્દુલિલ્લાહ અલ્લાહ તઆલાને ખૂબ પસંદ છે

હદીસમાં બે પવિત્ર કલિમાત "સુબ્હાનલ્લાહિ વબિહમ્દિહી સુબ્હાનલ્લાહિલ્અઝીમ"ના રટણ અને ઝિક્રની ફઝીલત બયાન કરવામાં આવી છે, પહેલી ફઝીલત આ વર્ણન કરવામાં આવી છે કે આ બે કલિમાત અલ્લાહ તઆલાનાને ઘણાજ પસંદ છે, તેના વિવિધ કારણોમાંથી એક કારણ આ છે કે ઈન્સાન પોતાના જીવનમાં જેટલા કાર્યો ઈબાદત, નમાઝ, રોઝા, હજ વિગેરે જે કંઈ પણ કરે છે, તેનો મકસદ અલ્લાહ તઆલા સામે પોતાના બંદા હોવાનો સ્વીકાર અને જાહેરાત હોય છે, જેમ કે નમાઝમાં બંદો અલ્લાહ તઆલા સામે સંપુર્ણપણે જુકીને નમ્રતાનો સ્વીકાર કરે છે, ટુંકમા એક મુસલમાનની દરેક ઈબાદતનો મકસદ અલ્લાહ તઆલાની મોટાઈને બયાન કરવું અને પોતાની બંદગી અને આજીજીને માનવું હોય છે, આ બે કલિમાતને ધ્યાન પુર્વક સોચવામાં આવે તો આ બે કલિમાતમાં પણ આ પ્રમાણેની વાત જોવા મળે છે, આ બે કલિમાતમાં અલ્લાહ તઆલાને દરેક પ્રકારની એબ–ખામીથી બિલ્કુલ પાક કહી પુકારવામાં આવે છે, તેમજ અલ્લાહ તઆલના ખૂબ જ વખાણ થયા છે, જેમ અલ્લાહ તઆલાની મોટાઈની સાથે બંદો પોતાની આજીજીનો પણ

સ્વીકાર કરે છે, અલ્લાહ તઆલાને પોતાના વખાણ ખૂબ પસંદ છે, હદીસ શરીફમાં છે કે આ જ કારણે અલ્લાહ તઆલાએ વિવિધ જગ્યાએ પોતાના વખાણ કર્યા છે, કુર્આને કરીમમાં અનેક જગ્યાએ પોતાના વખાણ વિવિધ આયતોમાં બયાન કર્યા છે, તેમજ ઘણી આયતોમાં વખાણ કરવાનો હુકમ પણ આપ્યો છે, તેથી જ કુર્આને કરીમમાં વિવિધ જગ્યાએ અલ્લાહ તઆલાએ પોતાની કુદરત અને અનોખી કારીગરીનું વર્ણન કર્યુ છે.

આ બે કલિમાતમાં અલ્લાહ તઆલાના એ રીતે વખાણ કરવામાં આવ્યા છે કે આથી વધુ સારી રીતે કોઈ પણ વ્યકિત વખાણ કરી શકે તેમ નથી, આ બે કલિમાતમાં અલ્લાહની બેહદ તારીફ, બળાઈ અને અઝમતનું વર્ણન છે,તેમજ દરેક પ્રકારની ખામીથી બિલ્કુલ પાક હોવાનો સ્વીકાર છે, માટે આ કલિમાત અલ્લાહ તઆલાને ખૂબ પસંદ છે તેમજ તેને પઢવામાં વધારે સમય પણ નથી લાગતો, થોડી વારમાં તો કેટલીય વખત આ શબ્દોને પઢી શકાય છે, વળી અભણ માણસ પણ એને આસાનીથી શીખીને પઢી શકે છે. આ જ મતલબ છે "જબાન પર હલકા હોવાનો" માટે દરેક ક્ષણે તેનો વિર્દ કરતા રહેવું જોઈએ.

આમાલ જેટલા મુશ્કેલ હોય છે એટલો તેનો સવાબ વધારે મળે છે, એટલે અહીંયા પણ કોઈ એમ સમજી શકે છે આ શબ્દો તો ખૂબ જ આસાન છે, પરંતુ બુખારી શરીફની અંતિમ હદીસમાં એને પણ વર્ણન કરવામાં આવ્યું છે કે ભલે આ શબ્દો બોલવામાં કે અમલની દ્રષ્ટ્રિએ આસાન છે પરંતુ "ષકીલતાને ફીલ–મિઝાન" તે ત્રાજવામાં ખૂબ જ વજનદાર અને ભારે છે.

હઝરત ઈમામા બુખારી(રહ.)એ આખિરત અને અંતે "તસ્બીહના કલિમાત–શબ્દો" વડે પોતાની કિતાબને પુર્ણ કરતા, આપણને સબક આપ્યો છે, જયારે કોઈ બાબત સંબંધિત મજલિસ યોજાય, પછી તે દીની હોય અથવા દુન્યવી, તો તેના અંતે તસ્બીહના શબ્દો જેમ કે "સુબ્હાનલ્લાહી વ બિહમ્દિહી, સુબ્હાનલ્લાહિલ્અઝીમ" અથવા કુર્આનની સુરએ સાફ્ફાતની અંતિમ આયતોઃ"સુબ્હાન રબ્બીક રબ્બીલ ઈઝઝતી અમ્મા યસીફુન,વ સલામુન અલલ મુરસલીન વલ્હમ્દુ લિલ્લાહી રબ્બીલ આલમીન"યા પછી તિર્મીઝી શરીફમાં વર્ણન થયેલ શબ્દો"સુબ્હાનકલ્લાહુમ્મ વ બિહમ્દિક અશ્હદુ અન્ લા ઈલાહ ઈલ્લા અન્ત અસ્તગ્ફિરુક વ અતૂબુ ઈલય્ક"પઢી લેવામાં આવે કે આ શબ્દો મજલિસનો કફ્ફારો એટલે કે મજલિસમાં જે કંઈ ગફલત, ગુનાહની

વાતો ઉદ્ભવી હોય, તેને સદર શબ્દો તેને મીટાવી દે છે.

ઈમામ બુખારી(રહ.)એ હદીસ શરીફ જેવા મુબારક ફનમાં એક અનોખી કિતાબ ખૂબ જ ઈહતિમામ પુર્વક લખી અને શરૂમાં નિય્યતની દુરૂસ્ત કરવા વિશેની હદીસ વર્ણન કરી, સ્વંય પોતાના પઢનારાઓને નિય્યત વિશે સાવચેત કર્યા અને ૧૬ વર્ષની લાંબી મુદતમાં હરમૈન શરીફૈનમાં બેસી કિતાબ તૈયાર ફરમાવી, છતાં અંતે "તસ્બિહાત"ના શબ્દો વર્ણન કર્યા, જોવામાં આવે તો તેઓનું સંપુર્ણ કાર્ય દીન અને સંપુર્ણ રીતે ઈબાદતભર્યું હતું, તો પણ આપે તસ્બિહના શબ્દો વર્ણન કર્યા,આપણી મજલિસો આનાથી વિપરીત હોય છે,માટે આપણે આપણી મજલિસો,બેઠકોના અંતે"તસ્બિહાત"ના શબ્દો પઢવાનો વિશેષ રીતે પ્રબંધ કરવો જોઈએ.

## દરેક કામમાં નિય્યત સાફ રાખો

ઈમામ બુખારી (રહ.) એ આટલી લોકપ્રિય કિતાબ લખી અને તેની શરૂઆત હદીસે નિય્યતથી કરી આપણને તાલીમ આપી કે કોઈ પણ સદ્કાર્ય કરતી વખતે તમારી નિય્યતને વ્યવસ્થિત કરી લો.

બુખારી શરીફની અંતિમ હદીસથી માલૂમ થાય છે કે આપણા મોઢેથી નિકળેલા શબ્દો અને બદનના અવયવોથી જાહેર થયેલ અમલોનું વજન કરવામાં આવશે અને સાથે જ આ વાત પણ સાબિત થાય છે કે તોલમાં અમલનું ભારે હોવું તેના મોટા હોવાની દલીલ નથી, બલકે તોલમાં ભારે હોવાનો સંબંધ અમલનું મહત્વ અને તેનું કિંમતી હોવું દર્શાવે છે, પછી ભલે તે નાનો અમલ હોય, દુન્યવી દ્રષ્ટિએ પણ જોવામાં આવે, તો લોખંડ મોટા–મોટા પથ્થરો જે ખૂબ જ ભારે ભરખમ હોય છે, જયારે તેના સમક્ષ સોનું છે, કિંમતી મોતી છે, તેનું વજન જાહિરી રીતે ઘણું જ ઓછુ હોય છે, પરંતુ હજારો ટનના પથ્થરો અને લોખંડથી બે ત્રણ કિલો સોનાની કિંમત, એવી જ રીતે આ બાબત જોવામાં ન આવે કે આખી રાત નમાઝ પઢીશું, તો વધારે સવાબ મળશે, મોટા પ્રમાણમાં માલ ખર્ચ કરીશું તો તે કિંમતી ઠરશે, બલકે નાનો અલમ પણ અલ્લાહ તઆલાની બારગાહમાં મહત્વ રાખે છે, કિંમતી શુમાર થાય છે, અમલને નાનો સમજી તેને છોડવુ જોઈએ નહી, હદીસ શરીફમાં હુઝુર સલ્લલ્લાહુ અલહયહિ વ સલ્લમનું ફરમાન છે, નેકીના કામને મામૂલી અને નાનુ  ન સમજો, એ જ રીતે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું ફરમાન

છે કે તમો આગથી બચો ભલે ખજૂરના એક નાન ટુકડા વડે કેમ ન હોય,"આ હદીસ બુખારી શરીફમાં વર્ણન થઈ છે અને હદીસના વિવરણ કર્તાઓએ આ હદીસના બે મતલબ લીધા છે.

(૧) પોતાના શિરે કોઈનો નજીવો હક ખજૂરના એક ટુકડાના પ્રમાણમાં બાકી હોય, તો તેને અદા કરવાની ફિકર કરે અને પોતાને તે નાનકડા હકને અદા કરી આગથી બચાવે અને આ જ કારણે ઉલમાએ તાકીદ કરી છે કે મરનારે છોડેલ દરેક નાની–મોટી વસ્તુને તેના વારસામાં શામેલ કરવામાં આવે, અહિંયા સુધી કે નાનકડી સોય કે દોરો હોય, તો તેને પણ વારસામાં શામેલ કરવામાં આવે અને હકદાર વારસદારો સુધી શરઈ નિયમથી પહોંચાડવામાં આવે, નહીં તો આ બધું આગ બની શકે છે, એવી જ રીતે કોઈના એક–બે રૂપિયા બાકી હોય, તો તેને પણ અદા કરવામાં આવે, તેની અદાયગીની ફિકર કરવામાં આવે, આવી નાનકડી બાબતોની અદાયગીની પાબંદી કરીશું, તો મોટા હકોને અદા કરવું આસાન થઈ જશે.

(૨)ઉપરોકત હદીસનો બીજો અર્થ આ છે કે નાની–મામૂલી ચીઝ જેમકે ખજૂરનો ટુકડો ખૈરાત માટે ઉપસ્થિત હોય, તો તેને ગનીમત સમજો અને ખૈરાત કરવામાં પાછા ન પડો કે આ નાનકડો ટુકડો પણ માણસને આગથી બચાવી શકે છે, ખજૂરના ટુકડા સંબંધે બુખારી શરીફમાં આવેલ એક બનાવ યાદ આવે છે કે દુશ્મનોથી લડાઈનો સફર હતો, ખાધ સામગ્રી અને સફરનો તોસો પુર્ણ થઈ રહયો હતો, તો લશ્કરના વડાએ બધાને પોત પોતાનો બાકી તોસો ભેગો કરવાનો આદેશ આપ્યો, તોસો જમા થયો તો તે ખજૂરો હતી, પહેલા તેમાંથી બધાને મુટ્ઠી ભરીને ખજૂરો આપવામાં આવતી હતી, પછી તો માત્ર એક–એક ખજૂર આપવામાં આવતી હતી, મઝકૂર બનાવ વર્ણન કરનાર સહાબી હઝરત જાબિર(રદી.)થી કોઈએ પુછયું કે એક ખજૂરથી શું થાય? તો હઝરત જાબિર(રદી.)એ કહયું કે જયારે એક ખજૂર પણ નહીં મળે ત્યારે જ એક ખજૂરની કિંમત સમજમાં આવી.

માટે કોઈ પણ નેક કામને સામાન્ય સમજવું ન જોઈએ, જેવો મોકો મળે, તેને અંજામ આપી દેવું જોઈએ. (અલ્લાહ તઆલા આપણા સૌને તૌફીક અતા ફરમાવે.) આમીન.

---

# નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિનું કદ, વાળ અને ચાલ અને પોશાક

રજુ : ગાઝી અહમદ સાહેબ.

## હુઝૂર (સલ.) નું કદ મુબારક

હઝરત નબીએ કરીમ (સલ.) ન વધુ ઊંચા હતા અને ન તો ઠીંગણા હતા, એટલે આપનું કદ વચગાળાનું હતું. પરંતુ દેખાવમાં કદ ઊંચુ જણાતું હતું. વચગાળાનું કદ એક ખૂબી સમજવામાં આવે છે, આમ છતાં મજલિસમાં સૌથી ઊંચા નજર આવતા હતા, આ આપની કરામત હતી. અલ્લાહ તઆલા એમ ચાહતા હતા કે જેમ આંતરિક ગુણોમાં કોઈ આપથી આગળ ન હોય એવી રીતે બાહ્ય કમાલાત–ખૂબીઓમાં પણ કોઈ આપથી ઊંચું ના દેખાય.

## હુઝૂર (સલ.) નો રંગ મુબારક

ولا بـــالابيـض الامهـق-- الـخ અરબી મુજબ "الامهـق" કહે છે એવા સફેદને જેની સફેદી સારી ન લાગે જેમકે ગોરા લોકો હોય છે, તેમની સફેદી સારી લાગતી નથી અથવા કોઢવાળાની સફેદી. અર્થાત આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સફેદ, ઉજળા રંગના હતા, પણ આપની ખુબસુરતી અને અને ઉજળાપણું આવું સારું ન લાગે એ પ્રકારનું ન હતું.

"ادم" એવો શ્યામ જેનો રંગ ઘેરો હોય, ન આપ સંપૂર્ણ સફેદ હતા અને ન તો શ્યામ રંગના, બલકે આપની સફેદીમાં લાલાશની મિલાવટ હતી, આપણે ત્યાં જેને "લાલ ગોરો" કહે છે. સફેદીમાં ઘઉં જેવો રંગ એવો મિશ્રિત હતો, જેનાથી આપ સોનેરી નજર આવતા હતા.

## હુઝૂર (સલ.)ના વાળ મુબારક

આપ (સલ.)ના વાળ મુબારક ન તો એકદમ વાંકોડિયા હતા જેમ કે હબ્શીઓના વાળ હોય છે, કે માથું જ નજર ન આવે અને ન બિલ્કુલ સીધા – સપાટ જેમ કે ગોરાઓના વાળ હોય છે કે તેમાં વળાંક અને જટિલતા હોતી જ નથી. હઝરત નબીએ કરીમ (સલ.)ના વાળમાં થોડું એવું વાંકાપણું હતું જે ખુબસુરતીની નિશાની સમજવામાં આવે છે.

## નુબુવ્વત વખતે હુઝૂર (સલ.) ની ઉમર મુબારક

સૌથી પહેલી વહી હઝરત નબીએ કરીમ (સલ.) પર સોમવારના દિવસે

ઉતરી, આ બાબતે બધા એકમત છે, પરંતુ તારીખમાં મતભેદ છે. અલ્લામા ઈબ્ને અબ્દુલબર્ર માલિકી (રહ.) ફરમાવે છે કે ૮ રબીઉલ અવ્વલ હતી. આ કથન મુજબ વહી વખતે આપની ઉમર શરીફ ૪૦ વર્ષની હતી. અને મુહમ્મદ બિન ઈસ્હાકના કથન પ્રમાણે ૧૭ રમઝાન સોમવારના દિવસે પહેલી વહી આવી. એ હિસાબથી રબીઉલ અવ્વલથી રમઝાન છ મહિના થાય છે, એટલે આ લોકોના કથન પ્રમાણે વહી વખતે સાડા ચાળીસ વર્ષની હતી. અને અમુક કહે છે કે સાડા ઓગણચાળીસ. હાફિઝ ઈબ્ને હજર અસ્કલાની (રહ.) એ રમઝાનમાં વહી આવવાને વધુ મજબૂત કહ્યું છે. અને વહી વખતે સાડા ચાળીસ વર્ષની ઉમર શરીફ બતાવી છે.

## *મક્કા મુકર્રમા અને મદીના મુનવ્વરામાં રોકાણની મુદ્દત*

મક્કા મુકર્રમામાં વહી પછી (નુબુવ્વત મળ્યા પછી) આપનું રોકાણ ૧૩ વર્ષ રહ્યું અને અહીંયા (શમાઈલે તિરમિઝીમાં) હઝરત અનસ (રદિ.)ની રિવાયતમાં દસ વર્ષ છે, એ ૧૩ ને બદલે ૧૦ કેમ ફરમાવે છે ? આ હદીસની સમજુતી કરનારા હઝરાતે ઉલમાએ કિરામ ફરમાવે છે કે અરબોનો એક નિયમ રહ્યો છે કે દાયકાની ઉપરની સંખ્યાને બયાન કરતા નથી. દા.ત. બાર હોય તો દસ બોલે છે, બાવીસ હોય તો વીસ બોલે છે અને તેત્રીસ હોય તો ત્રીસ બોલે છે. ઉપરના બે ત્રણ કાઢી નાંખે છે અહીંયા પણ એવું જ કર્યુ છે કે મક્કા મુકર્રમામાં આપનું રોકાણ ૧૩ વર્ષ રહ્યું, પરંતુ ઉપરના ત્રણ વર્ષ તેમણે બયાન ન કર્યા. કેટલાક હઝરાત ફરમાવે છે કે ચાળીસ વર્ષની ઉમર શરીફમાં પહેલી વહી આવી ત્યાર બાદ એક મુદ્દત સુધી વહીનો સિલસિલો બંધ રહ્યો. આ વિષયના ઈમામ મુહમ્મદ ઈબ્ને ઈસ્હાક કહે છે કે વહીનો સિલસિલો ત્રણ વર્ષ સુધી બંધ રહ્યો, આ ત્રણ વર્ષ તેમણે ગણાવ્યા નથી. મદીના મુનવ્વરહનું રોકાણ સર્વાનુમતે દસ વર્ષનું છે.

## *વફાત વખતે હુઝૂર (સલ.)ની ઉમર મુબારક*

ચાળીસ વર્ષની ઉમરમાં વહીનો સિલસિલો શરૂ થયો. દસ વર્ષ મક્કા અને દસ વર્ષ મદીનામાં રોકાણ રહ્યું અને ૬૦ વર્ષની ઉમરે વફાત પામ્યા. અહીંયા પણ ઉપરના ત્રણ વર્ષ છોડી દીધા છે. નહીં તો ઉમર મુબારક ૬૩ વર્ષની છે. ઉમર શરીફના સિલસિલામાં ત્રણ પ્રકારની રિવાયતો આવી છે. જે પ્રકરણ

નંબર ૫૪ હુઝૂર (સલ.)ની વફાતમાં ઈન્શાઅલ્લાહ બયાન કરવામાં આવશે. આ રિવાયત પણ ઈમામ તિરમિઝી (રહ.) ત્યાં ફરીવાર વર્ણન કરશે.

## હુઝૂર (સલ.) ના સફેદ વાળોની સંખ્યા

وَلیس فی رأسه ---الخ સફેદ વાળ ૨૦ થી કેટલા ઓછા હતા ? અમુકે ૧૮, અમુકે ૧૭ અને અમુકે ૧૫ બયાન કર્યા છે. આ વિષય પર ઈમામ તિરમિઝી (રહ.) પ્રકરણ પાંચમાં હુઝૂર (સલ.)ના સફેદ વાળ વિશે અલગથી પ્રકરણ લાવ્યા છે. ત્યાં ઈન્શાઅલ્લાહ તેનું વર્ણન આવશે.

## હદીસ નંબર (૨)

હઝરત અનસ (રદિ.) ફરમાવે છે કે રસૂલુલ્લાહ (સલ.) મધ્યમ કદ (દેખાવમાં ઊંચા) હતા. ન વધારે ઊંચા ન ઠીંગણા. શરીર ઘણું ખુબસુરત હતું અને આપ (સલ.)ના વાળ ન તો એકદમ વાંકડીયા હતા, ન તો એકદમ સીધા. ઘઉવર્ણ (લાલશ પડતો સફેદ) રંગ હતો. જયારે આપ ચાલતા તો આગળની તરફ થોડા ઝુકેલા રહેતા, મજબૂતી સાથે કદમ ઉઠાવતા અને ઝડપી ચાલતા.

ફાયદો : اَسۡمَرَ اللَّوۡن સવાલ એ છે કે પહેલી રિવાયતમાં આવ્યું છે لابالأدم એટલે ઘઉવર્ણા ન હતા અને આ રિવાયતમાં أسمر اللون ઘઉવર્ણા કહ્યા છે. જવાબ એ છે કે એક તો ચુના જેવી સફેદી હોય છે કે તેમાં લાલાશની મિલાવટ બિલ્કુલ ન હોય. હઝરત નબીએ કરીમ (સલ.)ના મુબારક શરીરનો રંગ એવો ન હતો, બલકે તેમાં લાલાશની મિલાવટ હતી. એ જ લાલાશને સમજાવવા માટે اسمر اللَّوۡنَ નો શબ્દ લાવવામાં આવ્યો છે.

## હુઝૂર (સલ.) ની ચાલવાની રીત

اِذا مشی یتکفأ હઝરત નબીએ કરીમ (સલ.) ની ચાલમાં ત્રણ ખૂબીઓ હતી. (૧) આગળ તરફ ઝૂકીને ચાલતા, જેમકે કોઈ ઢોળાવ અને નીચાણવાળી જગ્યામાં ઉતરી રહ્યા હોય. તે વખતે શરીરનો ઉપરનો હિસ્સો આગળ તરફ ઝૂકેલો રહેતો હતો. હઝરત નબીએ કરીમ (સલ.) આ રીતે આગળ તરફ ઝૂકીને ચાલતા હતા. (૨) ચાલતી વખતે મજબૂતીથી કદમ ઉપાડતા એટલે આપ પગોને ઘસેડીને ચાલતા ન હતા, બલકે કદમ મુબારક ઉઠાવીને ચાલતા હતા આ કુવ્વત અને મર્દાનગી–વીરતાની નિશાની સમજવામાં આવે છે. પગો ઘસેડીને ચાલવું પ્રિય ચાલ નથી. (૩) આપ (સલ.) ઝડપી ચાલતા હતા,

હઝરાતે સહાબએ કિરામ (રદિ.) બયાન કરે છે કે હઝરત નબીએ કરીમ (સલ.) ચાલતી વખતે એવું માલૂમ થતું કે જમીન આપના માટે લપેટવામાં આવી રહી છે. અમે આપ (સલ.) ની સાથે ચાલવામાં પોતાને થકાવી દેતા હતા. હાલાંકે આપ સામાન્ય ગતિએ ચાલતા હતા.

تکفؤ નો તર્જુમો કરીશું : આપ (સલ.) ઝડપી ચાલ સાથે આગળ તરફ ઝૂકીને મજબૂતી સાથે કદમ ઉપાડીને ચાલતા હતા, આ રીતે આ ત્રણે ખૂબીઓ આપની ચાલમાં મોજૂદ હતી. હઝરત નબીએ કરીમ (સલ.) ની ચાલવાની રીત વિશે ઈમામ તિરમિઝી (રહ.) એક અલગ પ્રકરણ "રસૂલુલ્લાહ (સલ.) ની ચાલનું બયાન" (પ્રકરણ નંબર ૧૮) લાવ્યા છે.

## હદીસ નંબર (3)

હઝરત બરાઅ બિન આઝિબ (રદિ.) બયાન કરે છે કે આપનું શરીર (દેખાવે ઊંચુ) મધ્યમ હતું, આપના વાળમાં વળાંક હતી. અને આપ મધ્યમ ઊંચાઈના હતા, બંને ખભા વચ્ચેનું અંતર (સામાન્ય સ્કેલ કરતા) થોડું વધારે હતું, કાનની ટીસી સુધી લાંબા ગીચ વાળ હતા, આપના પવિત્ર શરીર પર એક લાલ લાઈનીંગવાળો પોશાક હતો, મેં આપનાથી વધુ હસીન કયારેય કોઈ ચીજ જોઈ નથી.

## હદીસ વર્ણવનાર હઝ. બરાઅ બિન આઝિબ (રદિ.)

سمعت البراء بن عازب આ તે બહાદુર સહાબામાંથી હતા, જેમણે ગઝવએ ઉહુદના મોકા પર પોતાને ગઝવહ માટે રજૂ કર્યા હતા, પરંતુ તેમની નાની ઉંમરને કારણે હઝરત નબીએ કરીમ (સલ.)એ તેમને શરીક થવાની મંજુરી આપી ન હતી. અબૂઅમ્મારહ ઉપનામ હતું. ઔસની શાખ બનુ હારિષાથી હતા. તેઓ અંતિમ દિવસોમાં કુફામાં સ્થાયી થયા હતા.

رَجُل / رَجِل નો અર્થ

رَجِلًا આ શબ્દની બે શકયતાઓ છે. (૧) رَجُلًا માં જીમને પેશ સાથે (૨) رَجِلًا માં જીમ ઝેરની સાથે. જો 'رَجُلًا' માં જીમ સાથે પઢીએ તો અર્થ છે પુરુષ અને જો 'رَجِلٌ' માં જીમને ઝેર સાથે પઢીએ તો અર્થ છે વાંકડિયા વાળવાળા. જો 'رَجُلٌ' જીમને પેશ સાથે પઢી પુરુષનો અર્થ લઈએ તો કેટલાક લોકોએ તેની ઉપર વાંધો ઉઠાવ્યો કે 'رَجُلٌ' આપ (સલ.) માટે યોગ્ય લાગતો

નથી અને આ શબ્દ ન પ્રશંસાનો છે. આ રિવાયત સિવાય બીજી રિવાયતોમાં સહાબા (રદિ.) એ આપ (સલ.) નું વર્ણન رَجُلًا થી કર્યુ નથી. તેના જવાબો નીચે પ્રમાણે છે.

(૧) આ શબ્દ બુખારી અને મુસ્લિમની રિવાયતોમાં નથી, પરંતુ શમાઈલમાં જ રસૂલુલ્લાહ (સલ.)ના માથાના વાળોનું બયાન (પ્રકરણ : ૩, હદીસ નંબર ૨૫) માં હઝરત બરાઅ બિન આઝિબ (રદિ.)થી રિવાયત આવી રહી છે, તેમાં આ શબ્દ નથી તેમાં માત્ર આટલું જ છે. كان رسول الله مربوعًا આ પુરાવાના આધારે એ કહી શકાય છે કે બાદમાં કોઈ રાવીએ વધારો કરી દીધો હોય, પરંતુ મુલ્લા અલી કારી (રહ.) એ આ જવાબને એવું કહીને પસંદ ન ફરમાવ્યો કે રિવાયત કરનારાઓ પર આ આક્ષેપ યોગ્ય નથી, કારણ કે રિવાયત કરનારાઓ વિશ્વાસુ છે, જો તેમના તરફથી વધારો પણ હોય તો વિશ્વાસુઓનો વધારો લોકપ્રિય છે.

(૨) કેટલાક હઝરાત ફરમાવે છે કે આરબો رجل શબ્દને વખાણ માટે પણ વાપરે છે, એટલે અહીંયા વખાણ અને વર્ણનના અર્થમાં લેવામાં આવે.

(૩) رجل શબ્દ ઓળખાણ અને પ્રારંભિક પરિચય માટે પણ વપરાય છે, જો કે હંમેશા જરૂરી નથી. જેમકે આયતે કરીમા بل انتم قوم مسرفون અને انتم قوم تجهلون માં قوم જાહેરી હાલતમાં નામ અને સિફત છે, જે હકીકતમાં નામ અને સિફતની પ્રસ્તાવના કરે છે.

(૪) મુલ્લા અલી કારી (રહ.) ફરમાવે છે : સૌથી ઉત્તમ બયાન એ છે કે તેને વાસ્તવિક આળખના અર્થમાં માનવામાં આવે અને સંપૂર્ણ પુરુષત્વ મુરાદ લેવામાં આવે અને આ સામાન્ય રીતે વપરાય છે. કહેવાય છે કે فلان رجل كريم ફલાણો માણસ સખાવતમાં સંપૂર્ણ (મોટો સખી) છે.

(૫) અલ્લામા બિજનોરી (રહ.) ફરમાવે છે : કેટલાકના કથન પ્રમાણે رجُل(પેશ સાથે) વાળોના ઘુંઘરિયાલાપન માટે પણ વપરાય છે, તેનો અર્થ એ થશે કે આપ સહેજ વાંકા વાળ વાળા હતા. તેથી رجُل (પેશ સાથે) પુરુષ અને ઘુંઘરિયાલા વાળ માટે વપરાય છે.

(૬) કેટલાક લોકો ફરમાવે છે : તેને رجِل (ઝેર સાથે) પઢવામાં આવે તો એ સુરતમાં વાળોની સિફતનો અર્થ થશે. પરંતુ બધી રિવાયતોમાં જીમ સાથે બયાન કરેલ છે એટલે رجُلا પઢવું જ બહેતર છે.

## હુઝૂર (સલ.) ના ખભા દરમિયાનનું અંતર

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના બંને ખભાઓ વચ્ચે વધારે અંતર હતું. બંને ખભાઓ વચ્ચેનું અંતર ત્યારે વધુ હોય છે જયારે કે માણસના સીના ઉપરનો ભાગ પહોળો હોય. હુઝૂર (સલ.) ના સીનાનો ભાગ પહોળો હતો, આ બહાદુરી અને સખાવતની નિશાની સમજવામાં આવે છે.

## વાંકડિયા અને ચમકદાર વાળ

عظیم الجمة અરબોમાં વાળના પ્રમાણ અને સાઈઝ પ્રમાણે અલગ અલગ નામ છે. (૧) એક તે વાળ જે કાન અથવા કાનની ટીશીની નજીક હોય, તેને અરબીમાં وفرة કહે છે. (૨) બીજા તે વાળ જે ગરદન સુધી પહોંચી જાય તેને لمة કહે છે. (૩) ત્રીજા તે વાળ જે ખભા સુધી પહોંચી જાય તેને جمة કહે છે.

અહીંયા રાવી جمة સાથે الی شحمة اذنیه લાવ્યા છે. એટલે આપ (સલ.) ના વાળ મુબારક ખૂબ ગીચ અને કાનની ટીશી સુધી હતા, હાલાંકે جمة એ વાળોને કહે છે જે ખભા સુધી પહોંચ્યા હોય. ઉલમાએ તેનું સમર્થન કર્યુ છે કે વાળ તો ગીચ અને કાનની ટીશી સુધી હતા. અમુક વાળ ખભા સુધી પહોંચ્યા હતા, પરંતુ ખભા સુધી પહોંચેલા અંતિમ હિસ્સાના વાળ એટલા ગીચ ન હતા, એટલે રાવીએ جمةની સાથે الی شحمة اذنیه કહી દીધું. કેટલીક વખતે એવું થાય છે કે મોટા વાળ વાળાઓના વાળોનો ગીચ ભાગ કાનની ટીશી સુધી હોય છે, પછી આગળ માત્ર થોડા વાળોના છેડા રહી જાય છે. આ રીતે બંનેનું વર્ણન આવી ગયું. જો જનરલ મોટા વાળ હોવાનું સમજવામાં આવે તો કોઈ વાંધો જ નથી તો તેની સમજુતી આ રીતે કરીશું કે હઝરત નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ગીચ વાળ વાળા હતા. જે કાનની ટીશી સુધી હતા.

## મુબારક શરીર પર લાલ પોશાક

علیه حلة حمراء માનવી સામાન્ય રીતે પોતાનું શરીર છુપાવવા માટે બે કપડા વાપરે છે. શરીરના નીચેના ભાગને છુપાવવા માટે અલગ કપડા હોય છે, જેમકે લુંગી, પાયજામો વગેરે અને ઉપરના ભાગને છુપાવવા માટે અલગ કપડું હોય છે. દા.ત. કુર્તો, કમીસ વગેરે, તે જમાનામાં અરબો સામાન્ય રીતે બે

ચાદરો વાપરતા હતા, સીવેલા કપડા પહેરવાનો એટલો આમ રિવાજ ન હતો, નીચેના ભાગ માટે જે ચાદર વપરાતી હતી તેને અરબીમાં ازار કહે છે અને ઉપરના ભાગ માટે જે ચાદર વપરાતી હતી તેને "رداء" કહે છે, જો આ બંને કપડા એક જ પ્રકારના હોય, એક જ દોરાથી બનેલા હોય, એક જ રંગના હોય તો તેને અરબીમાં "حـــلة " ઉર્દુમાં "જોડી" અને આપણે ત્યાં તેને "સૂટ" કહે છે. આ જોડી, સૂટ અને حـــلة ત્યારે બોલીશું જયારે બંને એક જ પ્રકારના હોય જો અલગ અલગ હોય તો તેને જોડી નહીં કહીએ, અહીંયા "حـلة" લાવીને એ બતાવવા માંગે છે કે બંને ચાદરો એક જ પ્રકારની હતી. તે જમાનામાં યમનની બનેલી ચાદરો પ્રખ્યાત હતી, તે લાઈનીંગવાળી હતી, એક લાલ ધારી હતી અને એક કાળી. એટલે લાલ અને કાળી ધારીવાળી. આખી ચાદર માત્ર લાલ ન હતી. સંપૂર્ણ લાલ પોશાક પુરુષો માટે પસંદ નથી. ટુંકમાં હઝરત નબીએ કરીમ (સલ.) ના મુબારક શરીર પર લાલ લાઈનીંગવાળી જોડી હતી.

مـارأيـت شيـئا قط احسن منه આગળ હઝરત અલી (રદિ.)ની રિવાયત આવે છે તેમાં પણ لـم ارقبـلــه ولا بـعـده مثـل આવ્યું છે. એટલે મેં આપથી પહેલા અને બાદમાં આપ જેવા કોઈને નથી જોયા.

## આ અતિશયોકિત નથી

સામાન્ય રીતે જયારે કોઈની ખૂબીઓ બયાન કરવામાં અતિશયોકિત મકસદ હોય છે તો એવા વાકયો વાપરવામાં આવે છે કે તેના જેવો વ્યકિત મેં જોયો નથી. પરંતુ હુઝૂર (સલ.) વિશે જયારે એવા વાકયો બોલવામાં આવે છે તો ત્યાં અતિશયોકિત નથી, બલકે હકીકત છે. અલ્લામા મનાવી (રહ.) ફરમાવે છે કે દરેક મુસલમાન એ અકીદો રાખે કે શારીરિક ખૂબીઓમાં પણ કોઈ વ્યકિત હઝરત નબીએ કરીમ (સલ.) જેવો નથી. એટલે શારીરિક રીતે એક પુરુષમાં જે ખુબીઓ અને કમાલાત હોવા જોઈએ તે બધા અલ્લાહ તઆલાએ આપને આપ્યા હતા, કોઈ બીજામાં ન હતા. એટલે સહાબા (રદિ.) એ આ પ્રકારના વાકયો વાપરવા અતિશયોકિત નથી. બલકે હકીકત છે.

અહીંયા રાવીએ شيـئـا ફરમાવ્યું شـخـصا અથવા رجلا ન કહયું એટલે માત્ર માનવી નહીં, બલકે આપના જેવી કોઈ ચીજ હસીન નથી. સૂર્ય અને ચંદ્ર પણ આપથી વધુ હસીન નથી. હઝરત નબીએ કરીમ (સલ.) ના હુસ્નના મુકાબલામાં દરેક ચીજના હુસ્નનો નકાર કરી દીધો. ● ● ●

# નિકાહ શરીઅત મુજબ કરો કુરિવાજોથી બચો

*નિકાહની મહત્વતા અને ફઝીલત*

અનેક પરિવારો મળીને સમાજ બને છે. અને પરિવારની બુનિયાદ દાંપત્ય જીવન છે, એટલા માટે ઈસ્લામે કૌટુંબિક વ્યવસ્થાને બાકી રાખવા તથા પવિત્ર સંસ્કારિક સમાજનું નિર્માણ કરવા માટે નિકાહની વ્યવસ્થા કરી છે. નહીં તો જયાં નિકાહની વ્યવસ્થાને છોડીને લોકો બેલગામ થઈ ઈચ્છાપૂર્તિ કરે છે ત્યાં ખાનદાની વ્યવસ્થા નષ્ટ થઈ જાય છે, વંશ બરબાદ થઈ જાય છે અને જીવન વ્યવસ્થા અસ્તવ્યસ્ત થઈ જાય છે, નિકાહનો હેતુ માત્ર જાતિય આનંદ અને માલો દોલતની પ્રાપ્તી નથી, બલકે ઈસ્લામે તેને પવિત્રતા અને પાકદામનીનું સાધન બતાવ્યું છે. નિકાહની ફઝીલત માટે આટલુ પુરતું છે જાતે નબીએ કરીમ (સલ.) અને આપ (સલ.) થી પહેલા નબીઓએ પણ નિકાહ કર્યા, કુર્આનમાં છે : અને ખરેખર અમે આપથી પહેલાં ઘણાં નબીઓને મોકલ્યા અને અમે તેમની પત્નીઓ અને સંતાનો પણ આપ્યા" (સૂરએ રઅદ : ૩૮)

કુર્આન અને હદીસમાં ઈમાનવાળાઓને કાયદેસરથી નિકાહનો આદેશ આપ્યો છે. અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે : "અને તમારામાં જે અપરણિત હોય (તો) તમે તેનો નિકાહ કરાવી આપો." (સૂરએ નૂર : ૩૨)

અલ્લાહના રસૂલ (સલ.) એ નવયુવાનોને સંબોધી ફરમાવ્યું : એ યુવાનો ! જે માણસ પણ તમારામાંથી નિકાહ(તેની જરૂરિયાતો એટલે કે મહેર અને ભરણપોષણ ખર્ચ વગેરે)ની તાકત રાખતો હોય તેણે નિકાહ કરી લેવા જોઈએ, કેમકે આ નિકાહ પરાયી સ્ત્રી પર નજર પડવાથી હિફાઝતનું કારણ છે. અને શર્મગાહને પણ સુરક્ષિત રાખે છે, અને જે માણસમાં તેની તાકત ન હોય તેણે રોઝા રાખવા જોઈએ કેમકે રોજા રાખવાથી જાતીય ઉત્તેજનામાં ઓછી રહે છે.

તેમજ અલ્લાહના રસૂલ (સલ.) નું ફરમાન છે : " અમારી સુન્નત નિકાહ છે, તમારાંથી સૌથી ખરાબ માણસ તે છે જે કુંવારો છે અને ખરાબ મોતે મરનારો પણ તે છે જે કુંવારો છે, શયતાન પાસે નેક માણસ માટે ઓરતોથી વધારે કામ આવનાર હથિયાર કોઈ નથી, હા, જો તે નેક લોકો પરણિત હોય. (મુસ્નદે અહમદ, હદીસ નંબરઃ ૨૧૫૦)

### નિકાહના અહકામ

વિવિધ પરિસ્થિતિઓના આધારે નિકાહના અહકામ પણ અલગ અલગ છે. સામાન્ય હાલતમાં શારીરિક તંદુરસ્તી સારી હોવી અને મહેર–ભરણભોષણ ખર્ચની અદાયગી કરી શકવાની હાલતમાં નિકાહ કરી લેવો સુન્નતે મુઅક્કદ છે. જો નિકાહ ન કરવાથી ગુનાહમાં ફસાય જવાનો ખતરો હોય તો નિકાહ કરી લેવો વાજિબ છે અને જો ગુનાહમાં સફાય જવાનું યકીન હોય તો નિકાહ કરી લેવો ફર્ઝ છે. અને જો તે એટલે કંગાળ છે અથવા કોઈ શારીરિક બીમારીમાં સપડાયેલો છે કે ડર છે કે તે પત્નીનો હક અદા કરી શકે એમ નથી તો નિકાહ કરવો મકરૂહે તહરીમી છે. અને જો હક ન અદા કરવાનું પાકુ યકીન હોય તો નિકાહ કરવો હરામ છે.(બહરુર્રાઈકઃ૩/૮૪)

### મહેર

નિકાહના કારણે પત્નીને મહેર આપવી વાજિબ થઈ જાય છે, એટલે મહેર નક્કી કરવામાં આવે જેને શોહર અદા કરી શકે, મહેરની ઓછામાં ઓછી દસ દિરહમ એટલે ત્રણ ગ્રામ ૬૧૮ મિ.ગ્રામ ચાંદી અથવા તેની કિંમત છે, જો તેનાથી ઓછા પૈસા ઉપર નિકાહ થયો તો પણ દસ દિરહમ અદા કરવા જરૂરી છે, મધ્યમ વર્ગના લોકો માટે મહરે ફાતિમી એટલે કે ૧ કિલો ૫૩૦ ગ્રામ ૯૦૦ મિ. ગ્રામ ચાંદી મહેર પેટે નક્કી કરવી મુસ્તહબ છે, નિકાહ પછી તરત મહેર અદા કરી દેવી ઉત્તમ છે, અદાયગીમાં મોડું કરવું યોગ્ય નથી.

### વલીમો

શાદી પ્રસંગમાં વલીમો સુન્નત અમલ છે,અલ્લાહના રસૂલ (સલ.) એ તેનો હુકમ આપ્યો છે અને જાતે પણ પોતાની શાદીઓમાં વલીમો કર્યો છે અને તેનો મકસદ શાદીની નેઅમત પર અલ્લાહ તઆલાનો આભાર માનવો છે. અને ઈસ્લામમાં અભાર માનવાની એક રીત ખાવું ખવડાવવું છે, વલીમાનો મસ્નૂન સમય પહેલી રાત્રી એકાંતમાં ગુઝાર્યા પછી છે, પરંતુ જો કોઈ કારણસર નિકાહ પછી એકાંતવાસ ગુઝારતા પહેલા વલીમો કરી લીધો તો વલીમાની સુન્નત અદા થઈ જશે, નિકાહથી પહેલા જો દાવત કરવામાં આવે તો તે વલીમો ગણાશે નહીં. વલીમાનો સુન્નત તરીકો આ પ્રમાણે છે કે કોઈ પણ જાતના તકલ્લુફ અને ગર્વ કર્યા વગર ટુંકમાં યથાશકિત મુજબ ખાસ

લોકોને ખવડાવી દે, વલીમાની દાવત માટે જાનવર ઝબહ કરવું અથવા કોઈ વ્યવસ્થા કરવી જરૂરી નથી, બસ શરત એટલી કે ખાલિસ અલ્લાહ તઆલા (ની પ્રસન્નતા) ખાતર હોય, તેમાં ગરીબોને પણ દાવત આપવામાં આવે, માત્ર માલદારોને જ દાવત ન આપવામાં આવે, ઉપરાંત યથાશકિત મુજબ, તેના માટે લોન કે વ્યાજુ કરજ લેવામાં ન આવે. (ઈસ્લામી શાદીઃ ૨૩૬)

***મસ્જીદમાં નિકાહ અને મુબારકબાદી આપવી***

નિકાહ માટે શ્રેષ્ઠ જગ્યા મસ્જીદ છે, જયાં મસ્જીદની બરકત પણ પ્રાપ્ત થાય છે અને ઘણી ખરાબીઓથી બચી પણ શકાય છે, હદીસે પાકમાં છે : જાહેરમાં નિકાહ કરો અને તેને મસ્જિદમાં અંજામ આપો, નિકાહ પછી દુલ્હા અને દુલ્હનને મુબારકબાદ આપવી સુન્નત છે, મુબારકબાદીના શબ્દો એક હદીસમાં આ પ્રમાણે આવ્યા છે : "બારકલ્લાહુ લક, વ બારક લક, વ બારક અલયક વ જમઅ બય્નકુમા ફીલ–ખૈર" (અબૂદાવૂદ : ૨ / ૨૪૧) અલ્લાહ તઆલા આ નિકાહમાં બરકત આપે, તમારા પર બરકતોની વર્ષા કરે અને તમો બંનેને ખૂબ સારી રીતે ભેગા રાખે. (તમારા દાંપત્ય જીવનને સુખી રાખે.)

***ગરીબીની બીકથી નિકાહમાં વિલંબ ન કરો***

આ ફિત્નાઓનો જમાનો છે, ગુનાહમાં ફસાય જવાનો ખતરો રહે છે, એટલા માટે બાલિગ થયા પછી કોઈ કારણ વગર શરઈ શાદી કરવામાં મોડું કરવું જોઈએ નહીં. માતા–પિતાએ આ બાબતમાં પોતાની જવાબદારી પર સંપૂર્ણપણે ધ્યાન આપવું જોઈએ, નહીં તો ગુનાહનો વબાલ તેમના ઉપર આવશે, અલ્લાહના રસૂલ (સલ.)નું ફરમાન છે : જો બાલિગ થયા પછી પિતાએ પુત્રનો નિકાહ કરાવ્યો નહીં અને પુત્ર ગુનોહ કરી બેઠો તો તેનો ગુનોહ તેના બાપને પણ થશે.

ગરીબીના માત્ર વિચારો અને રોજિંદા ખર્ચાઓમાં વધારાના વિચારથી પણ શાદીમાં વિલંબ કરવો ખોટું છે. અલ્લાહ પાકે રોજી આપનાર છે, અને શાદીની બરકતમાંથી છે કે નિકાહ કરવાથી તેની રોજીના દ્વાર ખુલે છે. અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે : જો તે લોકો (જે નિકાહ કરવાના છે) ગરીબ હશે તો અલ્લાહ તઆલા પોતાના ફઝલથી તેને માલદાર બનાવી દેશે."(સૂરએ નૂર : ૩૨) અલ્લાહના રસૂલ (સલ.) નું ફરમાન છે :" ઓરતો સાથે નિકાહ કરો એટલા

માટે કે તે તમારી પાસે (અલ્લાહ તઆલા તરફથી રોજી અને) માલ લાવશે. (ઈબ્ને અબી શયબા : ૩ / ૨૧૭)

## કુરિવાજો અને શરીઅત વિરુદ્ધ કૃત્યોથી બચો

નિકાહને માનવીય જરૂરત હોવાને કારણે શરીઅતે તદન સરળ બનાવી દીધો છે, અને મનોરંજન અને વ્યર્થ ખર્ચાઓથી વેગા રહી સાદગીથી કરવાનો હુકમ આપ્યો છે. અલ્લાહના રસૂલ (સલ.) નું ફરમાન છે : "સૌથી વધારે બરકતી નિકાહ તે છે જેમાં ખર્ચ ઓછો હોય" પરંતુ અફસોસની વાત છે કે મુસલમાનોએ કુપ્રથાઓ અને વ્યર્થ ખર્ચાઓના કારણે નિકાહ જેવી આસાન અને મહત્વપૂર્ણ ઈબાદતને અત્યંત મુશ્કેલ બનાવી દીધી છે. આ એક સુન્નતની અદાયગી માટે શું ખબર કેવ કેવા ગુનાહો કે શરીઅતે મનાઈ ફરમાવેલ કામો કરી બેસે છે. એટલા માટે આપણે બુરાઈઓથી પવિત્ર, સહીહ અને સુન્નત તરીકા મુજબ નિકાહનો માહોલ તૈયાર કરવાના પ્રયત્નો કરવા જોઈએ.

## પ્રચલિત જહેજની લાનત

રુખ્સતી વખતે દુલ્હનને તેના પિતા અથવા અન્ય સંબંધીઓ, વરપક્ષ તરફથી માંગણી કે સામાજિક બળજબરી વગર સ્વેચ્છાએ ખુશીથી સારી નિય્યતે કંઈક ભેટ – સોગાત આપવા ચાહે તો તેમાં ગુંજાઈશ છે, બલકે મુસ્તહબ છે, અને આ બધા માલની માલિક દુલ્હન થશે, પરંતુ કાયદેસરથી જહેજની લાલચથી શાદી કરવી અથવા તેની માંગણી કરવી અને જાતે પિતાનું પણ બળજબરી પૂર્વક અને માત્ર સમાજની બીકથી, માત્ર ગર્વ ખાતર પોતાની શકિતથી વધારે કરજ લઈ જહેજની વ્યવસ્થા કરવી ના જાઈઝ અને અધમ અમલ છે, શરીઅતે નિકાહ અને ત્યાર પછીની બધી માલી જવાબદારી પુરુષ પર નાંખી છે, ઓરત પર નહીં. એટલા માટે ગાડી અથવા ખાસ માલની માંગણી કરવી ભલે પછી સ્પષ્ટતા સહીત હોય કે પછી સાંકેતિક ! ડાયરેકટ હોય કે પછી કોઈના માધ્યમથી, શરીઅત વિરુદ્ધ અને હરામ હોવા ઉપરાંત મર્દના સન્માન અને પ્રતિષ્ઠાની પણ વિરુદ્ધ છે. જહેર અને તિલક જેવા બિન શરઈ રિવાજોના કારણે કેટલીય ગરીબ અને નિરાધાર છોકરીઓની શાદી પણ થઈ શકતી નથી, લોકો છોકરીઓના જન્મ (જે એક નેઅમત છે તેને) બોજ સમજવા લાગ્યા છે, કેટલીય છોકરીઓ જહેજની વ્યવસ્થા ન હોવાના લઈ શાદીથી પહેલા અને અમુક શાદી પછી સાસરીવાળાઓ તરફથી ઓછુ જહેજ

લાવવાની ટીપ્પણીઓ અને ટોણા સહન ન કરવાના લઈ આત્મહત્યા કરી લે છે અને અમુક વખતે છોકરીની શાદીમાં વધારે ખર્ચના લીધે એમ માની લેવામાં આવે છે કે હવે તેને વારસાઈ હિસ્સાની જરૂરત નથી, હાલાંકે વારસો તેનો જરૂરી હક છે, તેનાથી તે ખતમ થશે નહીં.

સમાજમાંથી આ દુષણને ખતમ કરવા માટે મુસલમાનોના દરેક વર્ગને આગળ આવવું પડશે અને આપણા યુવાનોને સમજવું જોઈએ કે એવી શાદી જે માત્ર માલ અને દોલત ખાતર હોય છે ખાનાઆબાદી નહીં પરંતુ ખાના બરબાદીનું કારણ બને છે, અલ્લાહના રસૂલ (સલ.) એ કેટલા સ્પષ્ટ શબ્દોમાં સમજાવ્યું છે કે " જે માણસ કોઈ ઓરત સાથે માત્ર તેની દુન્યવી ઈજ્જત અને ખ્યાતિના કારણે શાદી કરશે તો અલ્લાહ તઆલાતેની ઝિલ્લતમાં વધારો કરી દેશે, અને જે માણસ કોઈ ઓરત સાથે માત્ર તેની માલ–દોલતના લીધે શાદી કરશે તો અલ્લાહ તઆલા તેને ગરીબી અને મોહતાજીને વધારે કરી દેશે, અને જે માણસ કોઈ ઓરત સાથે માત્ર તેના મોટા ખાનદાનના લઈ શાદી કરશે તો અલ્લાહ તઆલા તેને વધારે બેહેસીયત કરી દેશે. પરંતુ જે માણસ એ નિય્યતે કોઈ ઓરત સાથે નિકાહ કરે કે તેની નજર નીચી રહે, અથવા શર્મગાહ મહફૂઝ રહે અથવા સિલા રહમી કરી શકે તો અલ્લાહ તઆલા બંનેને એક બીજા માટે ખૈરો બરકતનું કારણ બનાવશે. (મોઅજમે અવસત તબરાની : ૩ / ૧૭૮)

***સગાઈની પ્રથા***

સગાઈ (મંગની) એટલે નિકાહનો પયગામ આપવો અને તેને પાકું કરી લેવું સારી બાબત છે. રસૂલે ખુદા (સલ.)એ પોતે હઝ. આઈશા (રદિ.)ને નિકાહનો પયગામ આપ્યો હતો, પરંતુ સગાઈના નામે જે કુપ્રથાઓ અને કુરિવાજો પ્રચલિત છે, શરીઅતમાં તેની ઈજાઝત નથી. દા.ત. છોકરીનું એકાંતમાં છોકરા પાસે કંઈક લઈને જવું, છોકરા–છોકરીનું એકબીજાને વીંટી પહેરાવવું. કેમકે અત્યાર સુધી બંને એક બીજા માટે પરાયા જ છે, આ અવસરે લોકોને ભેગા કરી વિડીયોગ્રાફી તથા નાચ–ગાનથી તેની ખરાબી વધી જાય છે.

***બરાત; શરીઅતની દ્રષ્ટિએ***

શરીઅતમાં બરાતની કોઈ સાબિતી નથી, અને ન તો સુન્નત છે, આજકાલ બરાતના નામે વરપક્ષ તરફથી મોટી સંખ્યામાં લોકો છોકરીના ઘરે જાય છે, અને ઓછા માણસનો જાનમાં લઈ જવા અપમાન સમજવામાં આવે છે, શરઈ

રીતે આ તરીકો અયોગ્ય અને નાપસંદ ગણાય છે, નામના અને વ્યર્થ ખર્ચથી બચી અમુક લોકો છોકરાની સાથે ચાલ્યા જાય અને નિકાહમાં શરીક થઈ જાય, અને પછી છોકરીને લઈને બધા લોકો સાથે આવી જાય તો તેમાં કોઈ વાંધો નથી, છોકરા પક્ષને બારાત (જાન)ની આજકાલ પ્રચલિત પ્રથા બાબતે આગ્રહ કરવો જોઈએ નહીં, જે બારાતમાં પ્રચલિત ખરાબીઓ અને કુપ્રથાઓ થતી હોય ત્યાં જવું જોઈએ નહીં. છોકરીવાળા જો મજબૂરીમાં જાનૈયાઓ માટે ખાવા–પીવાની વ્યવસ્થા કરે તો તેમના માટે ગુનોહ નથી.(ઓનલાઈન ફતાવા દારૂલ ઉલૂમ દેવબંદ જવાબ નંબર : ૧૫૭૪૬૨)

### વિડીયોગ્રાફી અને બીજા શરીઅત વિરુદ્ધ કામો

આ સિવાય પણ અનેક કુપ્રથાઓ વિભિન્ન વિસ્તારોમાં નિકાહના નિમિત્તે મુસલમાનોમાં પ્રચલિત છે, દા.ત. પીઠી, સેહરો નાંખવો, બુટ છુપાવવા, દૂધ પીવડાવવું અને બળજબરી પૂર્વક દુલ્હા પૈસાની માંગણી કરવી, ફટાકડા ફોડવા વગેરે. જાહેરી વાત છે કે આ બધી બિન શરઈ અને અન્ય ધર્મોના રિવાજો છે તેનો ઈસ્લામ સાથે કોઈ સંબંધ નથી અને વળી શાદીમાં બેપર્દગી, અને સ્ત્રીઓ –પુરુષોનું મિશ્રણ તેમજ ફોટોગ્રાફીની વબા તો લગભગ દરેક જગ્યાએ સામાન્ય બની ગઈ છે, જે અલ્લાહ અને રસૂલ (સલ.)ને નારાજ કરનાર અને આખિરતને બરબાદ કરનાર કૃત્યો છે, જેનાથી બચવું અતિ જરૂરી છે.

### અંતે નમ્ર અપીલ

નિકાહ એક મુબારક અમલ છે, તેને એકદમ સાદગીથી સુન્નત તરીકા મુજબ અંજામ આપો. યાદ રાખજો ! નિકાહ માત્ર સામાજિક પ્રથા નથી બલકે આ એક ઈબાદત અને શરઈ હુકમ છે, આપણે સૌ શરીઅતના પાબંદ અને તેના ગુલામ છીએ, માટે ચાલો આવો ! ભૂતકાળની ભૂલોથી તોબા કરીએ અને વચન લઈએ કે હવેથી અમારા ઘર કે પરિવારમાં કોઈ પણ શાદી રસ્મો રિવાજ પ્રમાણે નહીં બલકે શરીઅત અને સુન્નત તરીકા મુજબ થશે, આપણે બધા સાથે મળીને આપણા સમાજને, જહેજ, વહેવાર અને અન્ય ખોટી પ્રથાઓ અને ખરાબીઓ અને દુષણોથી પવિત્ર કરી શાદીના અમલને આસાન બનાવીએ અને આપણા સર્જનહાર અને માલિકને રાજી રાખવાની કોશિશ કરીશું. અલ્લાહ તઆલા આપણ સૌને શરીઅત મુજબ ચાલવાની તૌફીક આપે. (આમીન)

● ● ● ● ● ●

# ઈસ્લામ અને મહેમાન નવાઝી

ઈસ્લામના મિજાજમાં ભાઈચારો અને કરુણા–હમદર્દી છે, અને સમગ્ર વિશ્વ માટે મુહબ્બતનો સંદેશ છે. જેથી તેની તાલીમમાંથી એક મહત્વપૂર્ણ અને ઉદાહરણીય તાલીમ આ છે કે ઈસ્લામ તેના અનુયાયીઓને સર્વ મુનુષ્યો પ્રત્યે સારા અખ્લાક, પ્યાર અને મુહબ્બત, દયાભાવ, કરુણા, એક બીજાની ખબર અંતર, તેમનું આતિથ્ય અને જાતે તેમની દાવત કબૂલ કરવાની તાકીદ કરે છે, માલ ખર્ચ કરવા અને દરેકની સાથે બલિદાનની પ્રેરણા આપે છે.

અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે : " અને તેમના માલમાં સવાલ કરનાર (ગરીબો) અને (બિન સુવાલી) નિરાધારોનો ભાગ છે.

સાઈલથી મુરાદ ગરીબ જરૂરતમંદ છે, જે પોતાની જરૂરત લોકો સામે કરી દે છે અને લોકો તેની મદદ કરે છે અને "મહરૂમ"ની મુરાદ એવો માણસ જે ગરીબ, કંગાલ અને જરૂરતમંદ હોવા છતાં શરાફત ખાતર પોતાની જરૂરત કોઈની સામે જાહેર કરી શકતો નથી. જેથી તે લોકોની મદદથી વંચિત રહે છે, સુવાલી અને ગેર સુવાલીમાં આ શરત નથી કે તે મુસલમાન હોય તેમાં કોઈ શરત ન લગાવવી એ બતાવે છે કે માંગનાર અને જરૂરતમંદનો કોઈ પણ ધર્મ હોય તેની મદદ કરવામાં આવે, આ અલ્લાહનો આદેશ છે અને દરેક (નાત–જાત) વગર દરેક મોહતાજ અને ગરીબની મદદ કરવી જન્નતી હોવાની નિશાની છે.

વિચારવા જેવી વાત એ છે કે આ માલી ઈબાદતનું વર્ણન કુર્આને પાકે આ વિષયથી ફરમાવ્યું છે "વ–ફી અમ્વાલિહિમ હક્કુન" એટલે કે આ લોકો જે ફકીરો અને ગરીબો પર ખર્ચ કરે છે તેમના પર કોઈ એહસાન નહીં હોય બલકે અલ્લાહે અર્પણ કરેલ માલમાં તેમનો પણ હક છે અને હકદારનો હક તેને પહોંચાડવો કોઈ એહસાનનું કામ નથી, બલકે એક હક અને જવાબદારીને અદા કરવી છે.

## ખાવું ખવડાવવું જન્નતી હોવાની નિશાની

અને તે લોકો જે અલ્લાહની મુહબ્બત ખાતર ગરીબ,યતીમ અને કેદીઓને ખાવું ખવડાવે છે. (સૂરએ દહર : ૮)

આ આયતમાં પણ ગરીબ, યતીમ અને કેદીનો શબ્દ આમ છે, એટલે કે કોઈ પણ નિરાધાર અને જરૂરતમંદની મદદ કરવી ઈસ્લામમાં સારા અને નેક હોવાની એક શરત છે, જેના દિલમાં દયા નથી અને યતીમ અને નિરાધાર માણસો પર માનવતા ખાતર રહેમ અને દયા નથી કરતા તે હકીકતમાં સાચો–પાકો, નેક મુસલમાન નથી. એટલે કે સારા અને નેક લોકો તે છે જે દુન્યામાં ગરીબો, યતીમો અને કેદીઓને ખાવું ખવડાવે છે, માટે કેદી ભલે બિનમુસ્લિમ હોય તેને ખાવું ખવડાવવું સવાબનું કામ છે.

## મહેમાનોનું સન્માન, ઈમાનની નિશાની

હઝરત અબૂ સુરૈહ કઅબી (રદિ.) થી રિવાયત છે કે અલ્લાહના રસૂલ (સલ.) એ ઈર્શાદ ફરમાવ્યો કે જે માણસ અલ્લાહ અને આખિરતના દિવસ ઉપર ઈમાન રાખતો હોય, તેણે મહેમાનોનું સન્માન અને પરોણાગતી કરવું જોઈએ. (બુખારી : ૨ / ૯૦૬)

મહેમાનોનું આદર – સન્માન એટલે કે તેનું આતિથ્ય કરવું શરઈ રીતે આ છે કે જયારે કોઈ મહેમાન આવે, ભલે તે કોઈ પણ ધર્મનો હોય તેની સાથે હસ્તામુખે અને સંસ્કારિક રીતે આવકાર આપવો જોઈએ, તેની સાથે સુભ અને નરમ વાણી તેમજ નરમાશથી વાતચીત કરવામાં આવે અને તેને ત્રણ દિવસ સુધી એ રીતે ખવડાવે–પીવડાવે કે પ્રથમ દિવસે તો પોતાની શકિત મુજબ સારી રીતે તેની મેજબાની કરે, પરંતુ એ શરતે કે તેના કારણે પોતાના પરિવારજનોનો હકમાં કમી ન થતી હોય, અને ત્યાર પછીના દિવસોમાં જે કંઈ હાજર હોય તેમની સામે રજૂ કરે જેથી બંને (મહેમાન અને મેજબાન)ને ખોટું ન લાગે અને પછી ત્રણ દિવસ પછી (પણ જો મહેમાન રહે તો) તેને ખવડાવવું–પીવડાવવું સદકાના હુકમમાં થશે, જેનાથી મેજબાનને મહેમાનને ખવડાવવાનો સવાબ મળશે. અલ્લાહના રસૂલ (સલ.) નો હુકમ છે કે મુસલમાન દરેક મહેમાનનો આદર અને સન્માન કરે, ભલે તે બીજા ધર્મનો હોય. અલ્લાહના નબી (સલ.) ની પાસે

મુસલમાન પણ મહેમાન આવતા હતા અને બિન મુસ્લિમો પણ મહેમાન બની આવતા હતા પરંતુ આપ (સલ.) બંનેનો એહતિરામ – આદર, યથાશકિત મુજબ પરોણાગત કરતા, અને ઉમ્મતને તેનો હુકમ પણ આપ્યો છે, બલકે આતિથ્યને સારો અને પાકો મુસલમાન હોવાની નિશાની ગણાવી છે. નબીએ અકરમ (સલ.) ની પાસે ઘણા બિન મુસ્લિમ મહેમાનો પધારતા હતા, અને આપ (સલ.) દરેક મહેમાન સાથે સદવર્તન કરતા અને ઉમ્મીદ કરતાં વધુ તેમની અને મહેમાનનવાઝી કરતા.

***<u>બિન મુસ્લિમોની મહેમાનનવાઝી</u>***

હઝરત અબુહરૈરહ (રદિ.)થી રિવાયત છે, હુઝૂર (સલ.)ના ઘરે એક બિન મુસ્લિમ મહેમાન આવ્યો, (તો) નબીએ કરીમ (સલ.) એ એક બકરી દોહવાનો હુકમ આપ્યો, તેણે (મહેમાને) તે દૂધ પી લીધું, પછી બીજી બકરી દોહવાનો હુકમ કર્યો, તેણે તે પણ દોહી અને તે દૂધ પણ પી લીધું ત્યાર પછી અન્ય બકરી દોહવાનો હુકમ આપ્યો તે તે દૂધ પણ પી ગયો અહીંયા સુધી કે સાત બકરીઓનું દૂધ પીધું (તેનું પરિણામ એ આવ્યું કે) સવારે તેણે ઈસ્લામ કબૂલ કરી લીધો. (તિરમિઝી : ૨ / ૪)

આનાથી સ્પષ્ટ થયું કે આપ (સલ.) નું દસ્તરખ્વાન બધાના માટે ખુલ્લું રહેતું હતું, મુસલમાન અને બિન મુસલમાનનો કોઈ ફર્ક ન હતો, બધા માટે આમ હતું અને આપ (સલ.) દરેકનું તેની હેષીયત મુજબ માન–આદર અને પરોણાગત કરતા, અને જો કોઈ બિનમુસ્લિમ મહેમાન આવતું તો આપ (સલ.) ના સંસ્કારોથી પ્રભાવિત થયા વિના ન રહેતો. કેટલાક તો આપ (સલ.)ના સુસંસ્કારોને જોઈને ઈસ્લામ કબૂલ કરી લેતા.

હિ.સ. ૯ માં તાઈફ શહેરનું એક મંડળ નબી (સલ.) ની સેવામાં હાજર થયું તો આપ (સલ.) એ તેના સરદારને જે મૂર્તિપૂજક હતો, આખા મંડળને મસ્જિદે નબવીમાં રોકાવાની પરવાનગી આપી અને તે લોકો માટે મસ્જિદે નબવીના સહનમાં તંબુઓ તૈયાર કરાવી દીધા, નમાઝ અને ખુત્બા વખતે તે લોકો હાજર રહેતા, નબીએ કરીમ (સલ.) ઈશાની નમાજ પછી તે મહેમાનો પાસે તશરીફ લઈ જતા અને મોડે સુધી તેમની સાથે

વાતો કરતા, મક્કામાં વર્ષો સુધી જે તકલીફો આપ (સલ.)એ સહન કરી તે બાબતે પણ ચર્ચા કરતા, ગઝવાઓ અને સરાયાનું વર્ણન કરતા, મતલબ કે ખૂબ જ સારી રીતે અને પ્રેમ સાથે તેમની સાથે રહેતા, જો કે આ તે જ લોકો હતા જેમણે પથ્થર મારીને અલ્લાહના રસૂલ (સલ.) ને પોતાના શહેરમાંથી કાઢી મુકયા હતા, જયારે નબી (સલ.) તેમને અલ્લાહનો સંદેશો સંભળાવવા ગયા હતા.

***ઈસાઈ મહેમાનોની પરોણાગત***

હિ.સ. ૯ માં નજરાનનું એક મંડળ હુજૂર (સલ.) ની ખિદમતમાં આવ્યું, નજરાન મક્કા અને યમનની મધ્યમાં આવેલ એક વિસ્તાર છે, જયાં ઈસાઈઓની વસ્તી હતી, આ વિસ્તારમાં એક મોટું ચર્ચ આવેલ હોવાથી અરબસ્તાનમાં આ વિસ્તાર ખૂબ જ પ્રખ્યાત હતો, જેને લોકો મક્કાની જેમ પવિત્ર સમજતા હતા, આ મંડળમાં સાઈઠ જેટલા મોટા મોટા પાદરીઓ હતા, અલ્લાહના રસૂલ (સલ.) એ તેમને મસ્જિદની સહનમાં ઉતારો આપ્યો, તેમની નમાઝનો વખત થયો તો હુઝૂર (સલ.) એ તેમને મસ્જિદે નબવીમાં જ ઈસાઈ ધર્મ મુજબ "બયતુલ મુકદસ" તરફ મોઢું કરી નમાઝ પઢવાની ઈજાઝત આપી અને તેમણે સંપૂર્ણ સંતોષ અને શાંતિથી નમાઝ અદા કરી.

દુનિયા જે પણ કહે, પરંતુ હકીકત આ છે કે જગતના સમગ્ર ઈતિહાસમાં ઈસ્લામથી વધારે માનવતાવાદી અને માનવ અધિકારો અર્પિત કરનાર કયો ધર્મ છે જે દુનિયામાં વસતા તમામ માનવોની જરૂરિયાતોને પૂર્ણ કરી શકે, ઈસ્લામ અને ઈસ્લામી શિક્ષણ પહેલાથી રોશન છે અને રહેશે. સમય ગતિ ભ્રમણથી તેને કોઈ ફર્ક પડશે નહીં, મુસલમાનોએ પોતાની જિંદગીને અલ્લાહના રસૂલ (સલ.) ની તાલીમાત મુજબ બનાવવી જોઈએ, અને દરેક માણસ સાથે માનવતાના આધારે સુસંસ્કારનું વર્તન કરવું જોઈએ જેથી ઈસ્લામથી ખરી અને સાચી છાપ દુનિયા સામે રજૂ કરી શકાય અને ઈસ્લામ વિરોધીઓના ખોટા પ્રચાર અને પ્રપંચોનો જડબાતોડ જવાબ બની શકે. ● ● ● ●

# દીન અને દીની આમાલનું મહત્વ

અંગ્રેજી તા.૩૦ જાન્યુઆરી / ૨૦૨૪ અને ઈસ્લામી તારીખ : ૧૮/ ૨જબ ૧૪૪૫ હિ.ના મંગળવાના રોજ જામિઅહની મસ્જિદમાં ખત્મે બુખારી પછી દાઈએ કબીર હઝરત મૌલાના ઈબ્રાહીમ દેવલા સા. (દા.બ.) એ અસરકારક બયાન આપ્યું તે વાંચક મિત્રોના લાભ ખાતર અત્રે રજૂ કરવામાં આવે છે.

હમણાં ઈલ્મ અને અમલ વિશે આપણી સામે ઘણી વાતો અને અલ્લાહ તઆલા અને રસૂલુલ્લાહ (સલ.)ના આદેશો–ઉપદેશો અને બુઝુર્ગોની નસીહતો આપણી સામે આવી ગઈ.

## નસીહતો પર અમલ કરવાના ચાર ઈનામો

હવે ઈરાદો કરીએ કે જે વાતો કહેવામાં આવી તેના ઉપર આપણે અમલ કરીએ, જો આપણે અમલના પાબંદ બનીશું તો તેનું પરિણામ, ફળ અને તેની બરકતો અલ્લાહ તઆલા આપણને અર્પણ કરશે. કુરઆનમાં અલ્લાહ તઆલા ફરમાવે છે :

وَلَوْ اَنَّهُمْ فَعَلُوْا مَايُوْعَظُوْنَ بِهٖ لَكَانَ خَيْرًا لَّهُمْ وَأَشَدَّ تَثْبِيْتًا۔ وَإِذًا لَّاٰتَيْنٰهُمْ مِنْ
لَدُنَّا أَجْرًا عَظِيْمًا۔ وَلَهَدَيْنٰهُمْ صِرَاطًا مُسْتَقِيْمًا۔

અર્થ : અને જો આ (મુનાફિક) લોકોને જે વાતનો બોધ આપવામાં આવે છે તેનું પાલન કરત તો તેઓ માટે ઘણું જ બેહતર અને (તેઓના ઈમાનને) વધુ મજબૂત બનાવનાર થાત. અને તે વેળા તો અવશ્ય અમે પણ તેઓને પોતાની પાસેથી મહાન સવાબ આપત. (સૂરએ નિસાઅઃ ૬૬–૬૭)

આ આયતે કરીમામાં નસીહત ઉપર અમલ કરવા બદલ મળનાર ઈનામો બયાન ફરમાવ્યા છે, નસીહતો ઉપર અમલ કરવાના ઈનામો અલ્લાહ તઆલાએ આપને સમજાવ્યા છે. તે પૈકી....

## પ્રથમ ઈનામ :ભલાઈ અને શ્રેષ્ઠતા

અલ્લાહ તઆલા અને તેના રસૂલ (સલ.) તરફથી બંદાઓને જે આદેશોની નસીહત કરવામાં આવી છે, એ રીતે ઉલમા તરફથી જે નસીહતો કરવામાં આવે તેના ઉપર અમલ કરશો તો તે આપણા હકમાં સર્વોત્તમ છે.

### દ્વિતીય ઈનામ : અમલ ઉપર અડગતા

બીજુ કે નસીહતને સાંભળવા–સંભળાવવાથી અમલમાં અડગતા નસીબ થાય છે, વારંવાર સંભળાવીશું, સાંભળીશું તો અમલ ઉપર પાબંદીનું કારણ બને છે અને જરૂરી છે કે માણસ અમલ કરે અને તેની પાબંદી કરે. બાળકોની જેમ ન કરવું જોઈએ કે કયારેક કર્યુ અને કયારેક છોડી દીધું, કયારેક રમ્યું અને કયારે ન રમ્યું. આવું કરવું એ ઈસ્લામને રમત બનાવવા સમાન છે, ધ્યેય વિહિન છે, જે વસ્તુને ધ્યેય અને મકસદ બનાવવો હોય તેના ઉપર માસણ પાબંદી કરે છે, એટલા માટે કહ્યું કે નસીહતો ઉપર અમલ કરશો તો તેના માટે બહેતર છે અને તેના ઉપર અડગતા અને પાબંદીનું કારણ છે.

### તૃતીય ઈનામ : મહત્તમ સવાબ

અલ્લાહ તઆલા તેના બદલામાં ખૂબ સવાબ અર્પણ કરીશે, અમલ ઉપર પાબંદી કરવાના બદલારૂપે અમે તમને અતિ સવાબ પણ આપીશું અને ભવિષ્યમાં સત્ય માર્ગની રેહબરી પણ કરીશું. તો નસીહતો પર અમલ કરવાના ઈનામો મોટા–મોટા છે. સવાબ પણ મળશે અને માર્ગદર્શન પણ મળશે, અડગતા પણ મળશે, અનેક ભલાઈઓ ભેગી થઈ જશે.

### દીની સભાઓ અને જલસાઓનો હેતુ

માટે અલ્લાહ તઆલાથી તૌફીક માંગવામાં આવે કે જે વાતો સાંભળી, સંભળાવવામાં આવી અલ્લાહ તઆલા તેના ઉપર અમલ કરવાની તૌફીક અતા ફરમાવે. આ વાતોને ગંભીરતાથી લો અને વિચારો કેમ કે અસલ તો આખિરતની તૈયારી છે, દીન જીવનમાં આવે અને આખિરત બને આ મુખ્ય હેતુ છે, આવું કરવાથી નિખાલસતા પેદા થાય. આ જ આ દીની જલસાઓનો મુખ્ય હેતુ છે. આવા જલસાઓમાં શિર્કત કરી પોતાના દીન–ધર્મ પ્રત્યે જાણકારી મેળવવી જોઈએ. આજકાલ જે મુસીબત આપણા પર આવી છે તે દીની જ્ઞાન અને જાણકારી ન હોવાને કારણે છે. આ મોટો અન્યાય કહેવાય કે જે ધર્મ પર આપણું ઈમાન અને અકીદત છે, જેના પર આપણી નજાતનો આધાર છે, તેનાથી જ અપરિચિતતા !! આ સૌથી મોટી ઉણપ અને કમી છે. આ મજલિસોનો હેતુ છે કે ઉમ્મતમાં ઈલ્મ–અમલની, ઈખ્લાસ અને પાબંદી – અડગતા સહિત દીન આવે. પોતાના ધર્મ (ઈસ્લામના આદેશો) વિશે પૂછો, જેવી રીતે દુન્યવી બાબતો જે તે કામના અનુભવીઓને પૂછીએ છીએ એવી

રીતે ધાર્મિક બાબતો પણ પૂછો અને શીખો, શીખીને તેના પર અમલ કરો. પોતાની જિંદગીમાં ઉતારો. આ જ મકસદ છે અને આ જ અસલ છે.

## દીનદારી હશે તો બધા કામો થઈ જશે

જો દીન બની ગયો તો બધું કામ થઈ ગયું સમજો,નબી (સલ.) ની દુઆ છે, દુઆ માંગી છે, દુઆ શું માંગી ? આપણને દુઆ શીખવાડી છે :

**અલ્લાહુમ્મ અસ્લિહ્ લી દીની, અલ્લઝી હુવ ઈસ્મતુ અમ્રિ.**

હે અલ્લાહ ! મારો દીન બનાવી દે કેમકે તેના પર બધો આધાર છે. (ઈસ્મતુ અમ્રિ) બધી બાબતો તેના ઉપર આધારિત છે, દીન હશે તો દુન્યા પણ બનશે અને આખિરત બનશે અને જો દીન નહીં હોય તો કઈ પણ નહીં બને. માટે અલ્લાહના રસૂલ (સલ.) એ દુઆ માંગી : "મારો દીન સંવારી દે કેમકે તેના પર તો મારી બધી બાબતો આધારિત છે. દુનિયાની સુરક્ષા અને સલામતી અને આખિરતમાં છુટકારો તેના ઉપર જ આધારિત છે. માટે ઈસ્લામની દરેક બાબતોને શીખવા અને શીખવવાની પાબંદી કરવી જોઈએ.

## અવલાદ માટે માલના બદલે દીનની ફિકર કરો

પોતાના બાળકોને દીનદાર બનાવવાની ફિકર કરો, તેમને માલદાર બનાવવા પાછળ ગાંડા ન બનો, માલ તો જેટલો નસીબમાં છે એટલો જ મળવાનો છે, પરંતુ અલ્લાહ તરફથી જે જવાબદારીઓ આપણને આપવામાં આવી છે, તેને પૂર્ણ કરવી અસલ છે, દા.ત. તરીકે પોતે દીનદાર બનો, પોતાના માહોલને દીનદાર બનાવો, દુનિયામાં દીન આવે, આપણા ખાવા–પીવા, કમાવવા અને ઈબાદતમાં પણં દીન આવે એ અસલ છે.

## આપણું કામ ઇસ્લામની હિફાઝત છે

ઉપરાંત દીનને શીખવો, બીજાઓને શીખવાડવો અને ફેલાવવો, આ આપણું કામ છે, આ કામ માટે અલ્લાહ તઆલાએ આપણને પેદા કર્યા છે, આ ઉમ્મત કુર્આન અને હદીસની વારસદાર છે. અલ્લાહ તઆલાનું ફરમાન છે : અમે આ ઉમ્મતને વારસદાર બનાવી છે. આપણે તેના વારસદાર છીએ અને આપણને ખબર પણ નથી, માટે આપણું સંપૂર્ણ ધ્યાન દીની બાબતોને શીખવા –શીખવાડવા તરફ હોવું જોઈએ, પોતાના સંતાનોને પણ દીની શિક્ષણ અપાવો. અલ્લાહનો આદેશ છે : અર્થ : હે ઈમાનવાળાઓ ! પોતાને અને પોતાના બાળ બચ્ચાઓને દોજખથી બચાવો.

એટલે કે તેમને દીનદાર બનાવો કેમકે પોતાની પેઢીને દીનદાર બનાવવું એ નબીઓનો તરીકો છે.

***અવલાદને દીનદાર અને નમાઝી બનાવવા માટે હઝરત ઈબ્રાહીમ (અલૈ.) ની દુઆ***

સંતાનોને દીનદાર બનાવવા માટે હઝરત ઈબ્રાહીમ (અલૈ.) દુઆ શીખવી છે, કુર્આનમાં છે :

رَبِّ اجْعَلْنِیْ مُقِیْمَ الصَّلٰوۃِ وَمِنْ ذُرِّیَّتِیْ

એ મારા પાલનહાર! મને નમાઝનો પાબંદ બનાવી દે અને મારી અવલાદને પણ નમાઝની પાબંદી કરનાર બનાવી દે.

શું હઝરત ઈબ્રાહીમ (અલૈ.) નમાઝ પઢતા ન હતા ? મને નમાઝનો પાબંદ બનાવી દે, વિચારવા જેવું છે કે તેમની નજરમાં નમાઝ કેટલી મોટી વસ્તુ હશે ! આટલા મોટા નબી છે, તેઓ દુઆ કરી રહ્યા છે : મને નમાઝ કાયમ કરનાર બનાવી દો અને મારી અવલાદ–નસલ(વંશ)ને પણ નમાઝને કાયમ કરનાર બનાવી દો ! કેમકે નમાઝ દીનનો પાયો છે, પાયો પહેલા બનાવવામાં આવે છે ત્યાર પછી તેના ઉપર બાંધકામ કરવામાં આવે છે, અને પાયો જેટલો મજબૂત હોય છે ઉપરનું બાંધકામ એટલું જ મજબૂત હોય છે, માટે દુઆ માંગી અને આપણને શીખવ્યું કે "(પહેલા) પોતાને દીનદાર બનાવો કેમકે નમાઝ દીનનો પાયો અને સ્તંભ છે અને મુખ્ય ફરીજો છે, નમાઝથી જીવનમાં દીનદારી આવે છે અને નમાઝ ન હોવાથી દીનદારી ખતમ થાય છે, માટે દરેકે આ પ્રમાણે દુઆ માંગવી જોઈએ "મને અને મારી અવલાદને દીનદાર બનાવી દો."

દુઆ કબૂલ થવા માટે પણ દુઆ કરવી જોઈએ, કારણ કે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ ત્યાર પછી દુઆની કબૂલીયત અને પછી બધા માટે માફી માંગી છે, મુસલમાનો માટે આ નબીઓનો તરીકો છે, દુઆ, તાલીમ, દઅવત વડે પોતાને દીનદાર બનાવવા આ અસલ કામ છે.

માટે મજલિસો યોજવાનો મકસદ અને લક્ષ્ય એ જ કે પોતાને દીનદાર બનાવો, દરેક ક્ષણે પોતાની દીનદારીમાં વૃદ્ધિ થાય, જે રીતે માલદારીમાં વૃદ્ધિ કરવાની દરેકને ફિકર અને ચિંતા હોય છે કે મારી માલદારીમાં વૃદ્ધિ થાય, એટલો માલદાર હોવા છતાં પણ તેની લાલચ ખતમ થતી નથી, બલકે સદા

ફિકરમાં રહે છે કે માલ વધે "વતુહિબ્બુનલ માલ હુબ્બન જમ્મા" કે માલ સાથે તમને અતિ મુહબ્બત છે, દરેક માણસને ઈચ્છા હોય છે કે દોલત વધતી રહે, હાલાંકે માલનો સંબંધ જયાં સુધી આંખ ખુલ્લી છે ત્યાં જ સુધી છે જયારે આંખ સદા માટે બંધ થઈ જશે, દુનિયાની દરેક વસ્તુથી સંબંધ ખતમ થઈ જશે હવે જે વસ્તુ કમાયા છો તે તેમની પાસે હશે. માટે અસલ આ જ કે પોતાને દીનદાર બનાવો, પોતાના ઘર અને વિસ્તારના માહોલને દીની બનાવો અને સમગ્ર વિશ્વમાં દીન (ની વાતો) જાય તેની ફિકર કરો, આ ઉમ્મતનું કામ છે.

## અસલ દીન કુર્આન અને હદીસ છે

એક શકલ આ પણ છે કે દીનનું શિક્ષણ મેળવો, કુર્આન અને હદીસ મુખ્ય દીન છે, બાકી તો તેને પ્રાપ્ત કરવાની મહેનતો છે:

يٰٓاَيُّهَا الرَّسُوْلُ بَلِّغْ مَا اُنْزِلَ اِلَيْكَ مِنْ رَّبِّكَ

જે અલ્લાહ તઆલાએ ઉતાર્યુ છે તેની તબ્લીગ થશે, એટલે કે અસલ પ્રચાર કુર્આન અને હદીસનો છે, અલ્લાહના આદેશો અને નબી (સલ.) ની સુન્નતોની તબ્લીગ અને પ્રચાર છે. આની ક્ષમતા અને સલાહીયત પેદા કરવા માટે અન્ય હાલાત અને તરીકાઓ અપનાવવામાં આવે છે. અસલ તબ્લીગ અલ્લાહ તઆલાના આદેશો અને તેના રસૂલ (સલ.)ના તરીકાઓ, આપની સુન્નતો આપણી જિંદગીઓમાં આવી જાય. આ જ પઢવા – પઢાવવાનો ધ્યેય અને મકસદ છે કે જે પઢો અને પઢાવો તે એ નિય્યતે કરો કે તે મુજબ અમલ કરવો છે અને દીનની ખિદમત કરવી છે આ જે પઢાવવામાં આવ્યું છે એ જ નિય્યત બનાવવા માટે છે.

## તલબાને નસીહત

તલબાને સંબોધીને કહી રહયો છું કે હઝરત ઉમર (રદિ.) નું કથન બુખારી શરીફ (૧ / ૨૫) માં છે :

تفقهوا قبل ان تسودُوا (بخاری: ۱/۲۵)

અર્થ : પોતાનામાં દીનની સમજણ પેદા કરો એથી પહેલા કે લોકો તમને ઝિમ્મેદાર બનાવે. (બુખારી : ૧ / ૨૫) હવે તમે અહીંયા મદ્રસામાંથી જશો તો લોકો તમને જવાબદારીઓ સોંપશે કે અમારા મદ્રસાના સદર–પ્રમુખ, મુદર્રિસ બની જાવ, અમારા મદ્રસાના વ્યવસ્થાક–નાઝિમ બની જાવ, મસ્જિદના

ખતીબ અને ઈમામ બની જાવ વગેરે જવાબદારીઓ આપના શિરે આવનારી છે. કેમકે તમે આ રસ્તાનું કામ પૂર્ણ કર્યુ છે. માણસ જે તે વિષયનો કોર્ષ પુર્ણ કરે છે તેને તે પ્રમાણે જવાબદારી સોંપવામાં આવે છે, તમને આ જવાબદારી મળવાની છે, તમારા માટે માર્ગદર્શન છે કે تَفَقَّهُوا قَبۡلَ اَنۡ يَسُوۡدُوا " પોતાની અંદર સમજણ પેદા કરો એથી પહેલા કે લોકો તમને જવાબદાર બનાવે. માટે અહીંયા અમુક વરસો સુધી પાબંદી સહિત તાલીમ મેળવી લો જેથી આગળ જતા લોકો તમને જે જવાબદારીઓ આપે તે વ્યવસ્થિત અને સારી રીતે અદા કરી શકો. જેથી પોતાનામાં દીન પ્રત્યે સમજણ પેદા કરવાની છે.

***ઈલ્મનો સંબંધ બે વસ્તુઓ સાથે છે : તકવો અને ફિસ્ક***

ઈલ્મ બે વસ્તુઓ સાથે સંલગ્ન છે, (૧) પરહેઝગારી અને ફિસ્ક (ખરાબી) જો તમે પાબંદી સાથે ઈલ્મ મેળવ્યું તો આ ઈલ્મ તકવો – પરહેઝગારી પેદા કરશે, અલ્લાહ તઆલાનો ડર પેદા થશે અને અલ્લાહના નજીક સૌથી ઈજ્જતદાર અને પ્રતિષ્ઠિત માણસ તે છે જે જેટલો મુત્તકી અને પરહેઝગાર છે. اِنَّ اَكۡرَمَكُمۡ عِنۡدَ اللّٰهِ اَتۡقٰكُمۡ અલ્લાહના દરબારમાં આદરપાત્ર માણસ તે છે જે જેટલો પરહેઝગાર અને મુત્તકી હશે. એક દુઆ છે

أللهم أغۡنِنی بِالۡعِلۡمِ وَ زَيِّنِّی بالۡحِلۡمِ وَأَكۡرِمۡنِی بالتَقۡویٰ وجَمِّلۡنِی بِالۡعَافِيَةِ

અર્થઃ હે અલ્લાહ ! મને આદર પાત્ર બનાવી દે તકવા અને પરહેઝગારી વડે, અને મારી પરિસ્થિતિને સારી બનાવી દે આફિયત આપીને.

ઈલ્મ દ્વારા આ બે વસ્તુઓની માંગણી છે, ઈલ્મથી પરહેઝગારી મળે છે, ઈલ્મ મેળવ્યા પછી ઈલ્મના પાબંદ બનશો તો અલ્લાહ તકવો –પરહેઝગારી નસીબ કરશે. હઝરત ઉમર (રદિ.) ફરમાવતા હતા અમને તકવો મળ્યો છે અલ્લાહ તઆલાએ સહાબા (રદિ.)ના દિલોને ચકાસ્યું અને તેમને તકવો અર્પણ કર્યો એટલા માટે હઝરત ઉમર (રદિ.) ફરમાવતા હતા કે અમને તકવો મળ્યો છે, તકવો એક ખાસ વસ્તુ છે જે દિલમાં અલ્લાહ તઆલા પેદા કરે છે, તે દેખાવાની વસ્તુ નથી, હદીસમાં છે : اتقوی ههُنَا واشار الی صدره (મુસ્લિમ) નબી (સલ.)એ દિલ તરફ ઈશારો કરી ફરમાવ્યું કે તકવો (અલ્લાહનો ડર) અહિંયા હોય છે, કેટલો તકવો છે ? માણસ કેટલો પરહેઝગાર છે ? તે બધું અલ્લાહ જ જાણે છે.

فلا تُزَكُّوا اَنۡفُسَكُمۡ هُوَ اَعۡلَمُ بِمَنِ التَّقٰی

અહીંયા પોતાને પવિત્ર અને પાકીજા ન બતાવો, (અલ્લાહ તઆલા ફરમાવે છે) મને ખબર છે કે કોણ કેટલું પરહેઝગાર છે ! તકવો – પરહેઝગારી દિલમાં હોય છે, માટે અલ્લાહથી માંગવું જોઈએ કે ઈલ્મને તકવા સાથે જોડે. જો ઈલ્મ તકવા સાથે જોડાશે નહીં, ઈલ્મની સાથે તકવો જીવનમાં નહીં હોય તો ઈલ્મ ફિસ્કની સાથે જોડાશે, બની ઈસ્રાઈલના ઉલમાને કુર્આને પાકમાં અલ્લાહ તઆલાએ ફાસિક કહયા છે. واکثرھم فاسقون તેમાંથી મોટા ભાગના ફાસિક છે, અમુક જ લોકો વ્યવસ્થિત છે.

مِنْهُمْ اُمَّةٌ مُّقْتَصِدَةٌ وَ كَثِيْرٌ مِّنْهُمْ سَآءَ مَا يَعْمَلُوْنَ

અર્થઃ તેમાંથી થોડાક જ વ્યવસ્થિત છે, બાકી અપાત્ર છે.

હાલાંકે તે બની ઈસ્રાઈલના ઉલમા છે, ખુલાસો એ છે કે ઈલ્મ ફિસ્ક સાથે પણ જોડાય છે, જેવી રીતે માલ વ્યર્થ ખર્ચાઓ સાથે પણ જોડાય છે અને માલ તકવા સાથે પણ જોડાય છે, માટે માલ વડે તકવો પ્રાપ્ત કરો, આખિરતના દરજાઓ મેળવો અને માલથી અન્ય બુરાઈઓ–ખરાબીઓ પણ પેદા થાય છે, ઈલ્મથી તકવો પેદા થાય આ અસલ અને મોટી વસ્તુ છે, ઈલ્મનો સંબંધ તકવા સાથે હોય, ફિસ્ક અને ખરાબીઓ સાથે ન હોય. આદેશનું ઉલ્લંઘન ન કરો.

### *તૌબા કરો*

માણસથી ભૂલ થઈ શકે છે, પરંતુ આદેશનું ઉલ્લંઘન થાય તો તરત તૌબા કરી લો, અલ્લાહ તઆલા સમક્ષ માફી માગો, અલ્લાહ તઆલાએ માફીનો દરવાજો સદા ખુલ્લો રાખ્યો છે, એટલા માટે પોતાને દીની ઈલ્મના પાબંદ બનાવવા જરૂરી છે, હઝરત ઉમર (રદિ.) ફરમાવતા હતા : જેવી ઝિંદગી ગુઝારશો, એવું જ મૃત્યુ આવશે અને જેવા મરશો, એવા જ કબરોમાંથી ઉઠાવવામાં આવશો, માટે આપણી રેહબરી કરવામાં આવી છે કે જિંદગી ઈમાનવાળી અને તકવાવાળી બને.

### *અલ્લાહ તઆલા મુત્તકી લોકોને પસંદ કરે છે*

અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે : اِنَّمَا يَتَقَبَّلُ اللّٰهُ مِنَ الْمُتَّقِيْنَ અલ્લાહ તઆલા કોની કાર્યવાહીઓને કબૂલ કરશે કહ્યું :મુત્તકી અને પરહેઝગાર લોકોની કબૂલ કરશે, તેમની કારગુઝારીઓ, કાર્યવાહીઓ તથા તેમના આમાલ અલ્લાહ તઆલા કબૂલ કરશે.

આદમ (અલૈ.)ના પ્રથમ પુત્રએ ઉકત વાત કહી અલ્લાહ તઆલાએ આ વાતને આદમ (અલૈ.)ના તમામ સંતાનો (ઈન્સાનો) માટે કુર્આનમાં નકલ કરી છે : انـما يتقبل الله من المتقين અલ્લાહ તઆલા મુત્તકીઓની જ વાત માન્ય રાખે છે, અન્ય કોઈને કબુલ કરતો નથી, "ઈન્નમા" લાવીને આ વાત કહી કે અલ્લાહ તઆલા માત્ર પરહેઝગારોને કબૂલ કરે છે, એમના સિવાય કોઈને કબુલ કરતા નથી. માટે તેમાં દાવત છે કે પોતાને પોતાના દીન ઉપર પાબંદ અને પરહેઝગાર બનાવો.

***હરામથી બચવું સૌથી મોટો તકવો છે***

હરામથી બચવું એ સૌથી મોટી પરહેઝગારી અને તકવો છે. અલ્લાહના રસૂલ (સલ.) નું ફરમાન છે : اتقِ الْمَحَارِمَ تَكُنْ اَعْبَدَ النَّاسِ પોતાને હરામથી બચાવો, જેનાથી તમે મોટા ઈબાદત ગુઝાર બની જશો. અને હરામથી બચવું ઈમાની ક્ષમતા પર આધારિત છે, જેટલી ઈમાની તાકત હશે, જેટલું ઈમાન પાકુ અને મજબૂત હશે એટલી જ હરામ વસ્તુઓથી બચવાની તાકત પેદા થશે. એટલે કહયું કે હરામથી બચનાર મોટો ઈબાદત ગુઝાર છે.

***ઈલ્મ અને અમલ ભેગા થશે તો ઈમાની તાકત પેદા થશે***

આપણામાં ઈમાની શકિત પેદા કરવી જોઈએ, ઈલ્મની સાથે અમલ હશે તો જ ઈમાની તાકાત ઉત્પન્ન થશે, દિલમાં અલ્લાહનો ડર પેદા થશે, જવાબદારીઓનો એહસાસ પેદા થશે, માટે પોતાના ઈલ્મ ઉપર અચૂક અમલ કરો અને આખિરતને સામે રાખી પોતાનું બચેલું જીવન ગુઝારો, અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે : وَلْتَنْظُرْ نفس ما قَدَّمَتْ لِغَدٍ દરેક માણસે હમેશાં ધ્યાનમાં રાખવું જોઈએ કે આખિરત માટે મેં કેટલી તૈયારી કરી છે ?

દરેકનું મૃત્યુ ચોક્કસ છે અને કિયામતના દિવસે અલ્લાહના દરબારમાં હિસાબ આપવાનો છે એ પણ નિશ્ચિત છે, તો એ માટે કેટલી તૈયારી કરી ? આ વસ્તુ હમેશાં નજર સમક્ષ રાખો અને અલ્લાહનો તમારી ઉપર જે હક્કો છે તેને સંપૂર્ણપણે અદા કરો, આ જ બાબત وَلْتَنْظُرْ نفس ما قَدَّمَتْ لِغَدٍ માં છે. માણસનું મૃત્યુ તેની વ્યકિતગત કયામત છે અને સામુહિક કયામત તે છે જેમાં સૂર ફૂંકવામાં આવશે. અલ્લાહ તઆલા સૌને અમલની તૌફીક આપે.(આમીન)

### એક ગુમનામ રબ્બાની શખ્સિયત

# હઝ. મૌલાના મુહમ્મદ કાવી (હાથીખાના)

*જ. મુફ્તી અસ્જદ દેવલા. શૈખુલ હદીસ જામિઅહ જંબુસર*

હું તારિખ: ૧૫ જુમાદલ ઉલા / ૧૪૪૫ હિજરી= ૩૦ નવેમ્બર/૨૦૨૩ ઈ.સ. જુમેરાતના રોજ અસરની નમાઝ પછી બુઝુર્ગ વાલિદા સાહિબા – અલ્લાહ તઆલા તેઓને સલામત રાખે – ની સેવામાં હાજર હતો, ત્યાં જ મારા બુર્ઝુગ વાલિદ સાહબ (મ.ઝિ.)ની ફોનની ઘંટી વાગી, ફોન ઉપાડતાની સાથે જ દર્દભરી અવાઝમાં આ દુઃખદ ખબર સંભળાવી કે હાથીખાનાવાળા મામાનો ઈન્તિકાલ થઈ ગયો છે, સાથે જ જણાવ્યું કે તેઓ ઘરેથી વુઝૂ કરી નમાઝ પઢવા માટે મસ્જિદમાં ગયા અને ત્યાં જ અલ્લાહને પ્યારા થઈ ગયા, ખબર ખ્યાલ અને ગુમાન વિરૂદ્ધ હતી એટલે વાલિદ સાહબથી અરજ કરી અને વારંવાર પુછયું કે આ કોના ઈન્તિકાલની ખબર છે? તો ફરમાવ્યુ: "હાથીખાના વાળા મવલાના મુહંમદ સાહબની વફાતના તાજા સમાચાર છે" અને શબ્બીર ભાઈ જે હઝરત મવલાના મરહૂમના સપુત છે, તેમનો ફોન આવેલ છે. અંતે યકીન કરવું પડયુ કે હઝરત મવલાના મુહમ્મદ સાહબ કાવી, હાથીખાના વડોદરા આપણા દરમિયાન હવે આ દુનિયામાં રહ્યા નથી, આ દુઃખદ સમાચાર સાંભળી દિલ હલી ઉઠયું, માહોલ આઘાત–ગમમાં ફેરવાઈ ગયો.

હમને ચાહા થા કે ન હો     મગર હુઈ સુબ્હે ફિરાક

રોજની જેમ જયારે આજે નિત્યક્રમ પ્રમાણે અલ્લાહના ઘરમાં અલ્લાહની સાથે મુનાજાત માટે અને મુલાકાત માટે તશરીફ લઈ ગયા, તો અલ્લાહ તઆલાએ પોતાની પાસેથી પરત ફરવાની ઈજાઝત ન આપી અને આ રીતે હઝ. મવલાના રહ.નું જાહિરી અસ્તિત્વ દુન્યામાં બાકી ન રહ્યું. ઈન્નાલિલ્લાહ

**મુબારક મોત :** દરેક મનુષ્યનું મૃત્યુ એક ચોક્કસ બાબત છે, તેનો સમય નક્કી નથી, માણસ અલ્લાહ તરફથી નક્કી સમયે અને વિવિધ સ્થિતિઓમાં મોતને ભેટે છે; કોઈ પોતાની પથારીએ સુતા સુતા જાન ગુમાવે છે, કોઈ હોસ્પિટલમાં પોતાની ઝિંદગીથી હાર સ્વીકારે છે, કોઈ નશામાં મસ્ત હોવાની હાલતમાં દુન્યાથી રૂખ્સત થાય છે, કોઈ અલ્લાહ તઆલાના ઝિક્રમાં મશ્ગૂલ હોવાની હાલતમાં અને કુર્આને પાકની તિલાવત કરતા કરતા, કોઈ નમાઝ

પઢતા પઢતા, સજદો કરતા કરતા, પોતાના પરવરદિગારથી મુલાકાત કરે છે.

તે માણસ ઘણો જ નસીબદાર ગણાય છે, જે કોઈ નેક કાર્યમાં પરોવાયેલ હોય અને તેની વફાત થાય, હદીસ શરીફમાં છે : દરેક વ(યકિતને તે હાલતમાં ઉઠાવવામાં આવશે, જે હાલત પર તે મોતને ભેટી.(મુસ્લિમ શરીફ)

ઉલમાએ કિરામે હદીસનું અર્થઘટન કરતા લખ્યું છેઃ દરેક બંદાને તે અમલ સાથે(કયામતના દિવસે) ઉઠાવવામાં આવશે, જેને અંજામ આપતા તેનું મૃત્યુ થયુ હતુ. ઉકત બશારત મુજબ કાલે કયામતના દિવસે હઝ. મવલાના તે નેક લોકોમાં હશે જેમના વુઝૂના અવયવો રોશન અને ચમકદાર હશે અને નમાઝનો પ્રબંધ કરનાર પવિત્ર લોકોની સફમાં ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરશે.ઈન્શા અલ્લાહ.

રહને કો સદા દહરમેં આતા નહી કોઈ
તુમ જેસે ગયે એસે ભી જાતા નહી કોઈ

**સંબંધઃ** હઝરત મવલાના(રહ.) તેમની અહલિયા મોહતરમા તરફથી અમારા નિકટના રિશ્તેદાર હતા, અમે બધા તેઓને નાનપણથી જ "મામા" કહેતા હતા અને તેઓ સાથે મામા–ફોઈના રિશ્તાની જેમ ગાઢ સંબંધ હતો, બલકે અમે તેઓને પોતાના બુઝુર્ગ અને વડીલ સમજતા હતા, અમારી સાથે ખૂબ જ મુહબ્બત, શફકત ફરમાવતા, અવાર નવાર ખબર અંતર પૂછવા, પ્રોત્સાહિત કરવું, દુઆઓથી નવાઝવું વગેરેનો સિલસિલો હંમેશા અને મૃત્યુ સુધી ચાલુ રહયો અને આ એક હકીકત છે કે આજે હઝ. મવલાના રહ. ની વિદાયથી આ બધી મોંઘેરી નેઅમતો વિશેષ રીતે દુઆથી મહરૂમ થઈ ગયા છે.

**દીની તાલીમઃ** હઝરત મવલાના (રહ.)ગુજરાતના મશહૂર તારીખી શહેર ભરૂચ જિલ્લાના ઐતિહાસિક અને વિખ્યાત ગામ કા(રવીના રહીશ હતા, પ્રથમ ગામના મદરસામાં મકતબની તાલીમ હાસિલ કરી, ત્યાર બાદ ગુજરાતની મશહૂર ઈલ્મી દીની દર્સગાહ જામિઅહ હુસૈનિય્યહ રાંદેરમાં ઉચ્ચ દીની શિક્ષણ અર્થે પ્રવેશ મેળવ્યો અને ત્યાંના બુઝુર્ગ અસાતિઝહ હઝરત મવલાના મુહંમદ સઈદ સાહબ રાંદેરી, હઝરત મવલાના શેખ અહમદુલ્લાહ સાહબ, હઝરત મવલાના ઈસ્માઈલ સાહબ વાડીવાલા, હઝરત મવલાના શમ્સુદીન અફગાની (રહ.) વગેરેથી દીનનું શિક્ષણ પ્રાપ્ત કર્યુ, ફાજિલ અને આલિમની પદવી મેળવી, હઝરત મવલાનાએ મઝકૂર મદરસામાં ઘણા ખંત અને મહેનતથી ઈલ્મ પ્રાપ્ત કર્યુ. તેમના એક સાથી હઝરત મવલાના હાશિમ

માલજી સાહેબ (મદ્રસા ઈમ્દાદિય્યહ – કાવી)ના કહેવા મુજબ "ઈ.સ. ૧૯૫૯માં તેમની શાદી થઈ, હવે તેમના ઘરમાં તેમની વડીલ વિધવા વાલિદાના કહેવાથી હું (મવલાના હાશિમ સા.) જાતે રાંદેરના અસાતિઝએ કિરામ સાથે મર્હુમના ઘરના અમુક આર્થિક તથા અન્યા પ્રોબ્લેમ બાબતે એકાંતમાં મળ્યો, અને તેઓ સામે ઘરની સંપૂર્ણ હકીકત દર્શાવી, અને પરિસ્થિતિને જોઈને મવલાના (રહ.) ને બે દરજા સાથે આપવાની ભલામણ કરી, જેથી ઝિમ્મેદારોએ મારી ભલામણને મંજૂર કરી, જેથી મર્હુમે હિદાયહ અને મિશ્કાત શરીફ એમ બે દરજા એકી સાથે પૂર્ણ કર્યા" હંમેશા હઝરત મવલાના પરીક્ષાઓમાં પ્રથમ–દ્વિતિય નંબરે સ્થાન મેળવતા અને વિદ્યાર્થીકાળ દરમિયાન તલબામાં અખ્લાક, નેકી અને પઢવા વગેરે જેવી બધી જ ખૂબીઓમાં આગલી હરોળમાં રહેતા, જેથી અસાતિઝહના પણ ખૂબ લાડલા હતા. વિદ્યાર્થીકાળથી જ મર્હુમ સુફી તબીઅતનું વ્યકિતત્વ ધરાવતા, જેથી મદ્રસાના તલબા પર તેમને "સુફી સાહેબ" ના નામથી બોલાવતા હતા.

**દીની ખિદમતઃ** ત્યાંથી આલિમ બન્યા બાદ જંબુસર તાલુકાના એક નાનકડા ગામ ટુંડજ ખાતે અમુક મુદત સુધી મસ્જિદની ઈમામત તથા મકતબમાં તાલીમી સેવા આપી, આ ગામમાં જહાલત અને બિદઅત ખૂબ ફેલાયેલ હતી, પરંતુ મવલાનાએ હિમ્મત ન હારી અને અને ખૂબ જ ઈખ્લાસ અને દીની ભાવના સાથે આ લોકો પાછળ મહેનત કરી અને તેમની દીની રેહનુમાઈ ફરમાવી. ત્યાર બાદ બુર્ઝુગોના યાદગાર આરિફ બિલ્લા, મશહૂર આલિમે દીન, હઝરત મવલાના અલી સાહબ કાવી(રહ.)ની સલાહથી વડોદરા શહેરની મશહૂર જગ્યા હાથીખાનામાં મસ્જિદ અને મદરસામાં ઈમામત તથા મુદર્રિસ તરીકેની સેવા અર્થે ઈ.સ.૧૯૬૪ એટલે કે આશરે હિ.સ. ૧૩૮૩માં તશરીફ લઈ ગયા અને છેલ્લા શ્વાંસ સુધી અવિરતપણે ઈસ્તિકામતની સાથે મશ્ગૂલ રહયા, જેમાંથી ઈસ્લામી વર્ષ મુજબ લગભગ ૪૯–૫૦ વર્ષ સુધી તો એકલા હાથે બધી જ નમાઝોમાં ઈમામતની જવાબદારી પ્રમાણિકતા અને અમાનતદારી પૂર્વક નિભાવી, ત્યાર પછી પણ દિવસની નમાઝોની ઈમામત કરાવતા રહયા અને મકતબની તાલીમનો સિલસિલો તો વફાત સુધી ચાલુ રહયો, અહિંયા સુધી કે છેલ્લા દિવસે પણ મદરસામાં હાજરી આપી અને બચ્ચાઓને કુર્આન પઢાવ્યું, જોવા જઈએ તો

હઝરત મવલાના (રહ.) બાળપણથી દીની તાલીમ સાથે જોડાયા અને વફાત સુધી કુર્આન શિખવાથી લઈ, શિખવાડવા જેવી અઝીમ ખિદમતમાં પ્રવૃત્ત રહયા અને હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના મુબારક ઈરશાદઃ خیر کم من تعلم القرآن و علمه (તમારામાં ઉત્તમ તે છે જે કુર્આન શિખે અને શિખવાડે)નું શ્રેષ્ઠ ઉદાહરણ પુરુ પાડયું, આ હઝરત(રહ.)ની મોટી કરામત અને કરિશ્મો કહી શકાય.

**હાથીખાના, વડોદરાની દીની કાયાપલટઃ** હઝરત(રહ.) જયારે હાથીખાનામાં ઈમામ અને મુદર્રિસ તરીકે ગયા તો મસ્જિદ અને મદ્રસા બંનેની હાલત કફોડી હતી, હાથીખાના મોહલ્લો બિદઅતનો ગઢ ગણાતો હતો, બદીઓ – બુરાઈ બાબતે પણ તેની ઓળખ સારી ન હતી, મવલાના (રહ.) ઈખ્લાસ, દિલસોઝી, આવડત અને નસીહતથી લોકો ઉપર મહેનત કરી અને આખા હાથીખાના વિસ્તારની કાયાપલટી નાખી, આ દરમિયાન તેમને અનેકવાર વિકટ પરિસ્થિતિઓનો સામનો પણ કરવો પડયો, જાન પર જોખમ આવ્યુ; પરંતુ હઝરત મવલાના (રહ.) આ તકલીફો અને વેદનાઓને હસ્તા મુખે સહન કરતા રહયા, પરંતુ પોતાના મેદાન ક્ષેત્રને છોડયું નહીં અને લોકોને બિદઅતો, કુરિવાજો, બદીઓથી મુકત કરાવી, આખો માહોલ બદલી નાખ્યો,સેંકડો લોકોને તોબા કરાવી, મસ્જિદને નમાઝીઓથી આબાદ કરી, દરેક નમાઝમાં મસ્જિદ ભરચક કરી દીધી, લોકોને દીની મહેનત; એટલે કે દાવતો તબ્લીગના કામ સાથે જોડયા, જયારે દીની માહોલમાં પ્રગતિ થઈ, નમાઝીઓની સંખ્યા વધી ગઈ, તો હાથીખાના મહોલ્લાની મસ્જિદથી અંતરે રહેતા નમાઝીઓની આસાની અર્થે મસ્જિદના ઉત્તરના ખૂણે મસ્જિદ અને દક્ષિણના ખૂણે ઈબાદતખાનુ તામીર કરાવ્યું અને અસલ મસ્જિદથી અંતરે રહેતા રહીશો માટે જમાઅત સાથે નમાઝની પાબંદીને સરળ બનાવી દીધી, અને બંનેવ જગ્યાએ મકતબની તાલીમ પણ ચાલુ કરાવી, આજે બંને સ્થળો નમાઝ અને બાળકોની તાલીમથી આબાદ છે અને આસપાસના લોકો ખૂબ ફાયદો ઉઠાવી રહ્યા છે.

આ સિવાય બાળકોને ઉચ્ચ દીની તાલીમ માટે તૈયાર કરી, દારૂલ ઉલૂમોમાં પ્રવેશ અપાવ્યો અને હાથીખાના વિસ્તારમાંથી સમાજને અનેક આલિમો અને હાફિઝો અપાવ્યા. હકીકત છે કે કોઈ પણ સમાજ કે વિસ્તારને

કુરિવાજો, ખોટી વિચારધારાથી મુક્ત કરવું અતિશય કપરું કામ હોય છે, પરંતુ હઝરત મવલાનાનો કમાલ કહેવાય કે આ મુશ્કેલ કામ પણ પાર પાડયુ, એટલું જ નહીં, આજે વડોદરા શહેરમાં જે દીની માહોલ દેખાય રહયો છે, તેમાં જે બુઝુર્ગ ઉલમાએ કિરામનું મોટુ યોગદાન રહ્યું છે, તેમાં હઝરત મવલાના મુહમ્મદ સાહબ (રહ.) નું પણ ઘણું મોટુ બલિદાન છે.

મિલાયા હક સે અહલે હક કો હક સે આશ્ના બન કર
મિતાએ નકશ હર બાતિલ કે ઉસને હકનુમા બન કર

આ જ કારણ છે કે જયારે બકીય્યતુસ્સલફ હઝરત મવલાના ઈબ્રાહીમ સાહબ દેવલા – અલ્લાહ તઆલા તેઓની છત્રછાયા સદા આફિયતથી ઉમ્મત પર સલામત રાખે– એ મરહૂમના નાના પુત્ર, મારા સાથી અને જામિઅહ જંબુસરના માનનીય મુદર્રિસ મુફતી અબ્દુર્રહીમ સાહેબને તઅઝિયત અને તસલ્લી આપતા ફરમાવ્યુ : "એક મર્દે સાલેહ થા જિસને મેહનત કે ઝરીએ એક બસ્તી કો (હિદાયત) પર ઉઠાયા." હઝરત મવલાનાની આ વાત મવલાના મરહૂમ વિશે એક મોટી શહાદત છે. સાચે જ કહેવામાં આવ્યુ છેઃ

લોક કેહતે હૈં બદલતા હે ઝમાના સબ કો
મર્દ વો હૈં જો ઝમાને કો બદલ દેતે હૈં

**ઈખ્લાસ અને તવાઝુઅ :** હઝરતની મોટી ખૂબી ઈખ્લાસ – નિખાલસતા અને વિનમ્રતા હતી, એકદમ સાદગી અને સાફ–સુથરુ રહેવાને પસંદ કરતા હતા, તેમજ ખૈર–ખૈરાત, મસ્જિદ, મદરસા તથા સમાજસેવાના કાર્યો કરતા; પરંતુ લેશ માત્ર કોઈની સામે તેનુ વર્ણન કરવું અથવા તે ઉપર વાહવાહીની આશાનો આભાષ પણ કદી ન થતો, ચાલ–ઢાલ અને હરવા–ફરવામાં વિનમ્રતાના પ્રતિક હતા, ગરદન ઝુકાવી, નજરો નીચી કરી ચાલતા અને વાતચીત પણ હંમેશા ધીમા સ્વરે કરતા.

**સુન્નત, શરીઅતની પાબંદીઃ** સુન્નતની પાબંદી વિના ઝિંદગીમાં બરકત તથા સફળતા મળવી ખરેખર મુશ્કેલ છે, આપણા બુર્ઝુગો અને અકાબિર ઉલમા સ્પષ્ટપણે આ વાત કહે છે કે અમને જે કંઈ મળ્યું છે, તે સુન્નતની પાબંદીના લીધે મળ્યું છે; એટલે જ કહેવામાં આવ્યું છેઃ "الاستقامة خير من ألف كرامة" અર્થાત દીન પર સાબિત કદમી–અડગતા અને સુન્નતની પેરવી હજાર કરામતો અને ચમત્કારોથી અફઝલ છે. હઝરત મવલાના (રહ.)

સુન્નત અને શરીઅતના ચુસ્તપણે તટસ્થ અને પાબંદ હતા, હઝરત (રહ.) પોતાની ચાલચલગત, વાણી, લિબાસ–પોશાક, ખાણા– પીણા, ઈબાદત – મુઆમલાત, મુઆશરત અને અખ્લાક વગેરે બાબતોમાં સુન્નત અને શરીઅતનો ખાસ ખ્યાલ ફરમાવતા.

કિતાબે ઝિંદગી કા હર વરક તસ્વીરે સુન્નત હૈ
તેરી હર નકલો હરકત નકશએ તદબીરે સુન્નત હૈ

નાનપણથી જ સારી પેઠે યાદ છે કે હઝરત મવલાના (રહ.) જયારે ખાવુ ખાતા, તો ખાવા દરમિયાન કસરતથી અલ્લાહની આ (ખાવાની) નેઅમત પર શુક્રિયા અદા કરી દરેક કોળિયે......

"أللهم لك الحمد ولك الشكر"

(અલ્લાહુમ્મ લકલ્ હમ્દુ વ–લકશ્શુક્ર) ના શબ્દો ધીમી અવાજે ઉચ્ચારતા. ખસાઈલે નબવીમાં રિવાયત છે કે હક તઆલા બંદાની એ વાત પર ખૂબ જ રજામંદી અને ખુશી વ્યકત કરતા ફરમાવે છે કે તે એક લુકમો ખાય અથવા એક ઘૂટડો પાણી પીવે અને તેના ઉપર અલ્લાહ તઆલાનો શુક્ર અદા કરે. હઝરત શયખુલ હદીસ મવલાના મુહમ્મદ ઝકરિય્યહ સાહબ કાંઢલવી (રહ.) એ શુક્રના શબ્દો લખ્યા છે:

أللهم لك الحمد و لك الشكر ،لا أحصى ثناء عليك.

હઝરત (રહ.) ઉકત હદીસ અને તેમાં વર્ણન કરવામાં આવેલ અલ્લાહ તઆલાને ખૂશ કરનાર અમલ પર વફાત સુધી બાકી રહયા, જયારે પણ હઝરત (રહ.)ની સાથે ખાવાની સઆદત મળી, ત્યારે મેં તેમને ઉકત અમલ કરતા મારી નરી આંખોએ જોયા, તેવી જ રીતે ખાવાના દસ્તરખ્વાન પર નિહાળ્યું કે તેઓ હંમેશા બે પગ ઉભા રાખી ઉકડું બેસતા, કદી ટેક લગાડી અથવા પલાંઠી વાળીને બેસતા જોયા નથી અને સામાન્ય સ્થિતિમાં પણ હઝરતની બેસવાની રીત નમ્રતાની જ રહેતી, તેમાં પણ પલાંઠી વાળીને બેસવાથી પરહેઝ કરતા. હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની ખાવાની સિફત હદીસમાં વર્ણન થઈ છે કે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ખાતી વેળાએ ટેક ન લગાવતા, હઝરત શૈખ મુહમ્મદ ઝકરિય્યહ સાહબ(રહ.)એ ટેક લગાવવાની એક સૂરત લખી છે કે માણસ પલાંઠી વાળીને બેસે અને ખાય. (ખસાઈલે નબવી)

**આખરી ક્ષણ અને સુન્નતનો પ્રબંધઃ** આખરી પળોના કેચ કરવામાં આવેલ સી.સી.ટી.વી. કેમેરાના ફુટેજનું ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરવામાં આવે તો મસ્જિદમાં પ્રવેશ માટે આપ(રહ.)એ ચપ્પલ ઉતાર્યા તો બિલ્કુલ સુન્નત મુજબ હતા, પ્રથમ ડાબો પગ ચપ્પલમાંથી કાઢયો, ત્યાર બાદ જમણો પગ અને ચપ્પલને ડાબા હાથમાં પકડયા અને ઉઠાવી ચપ્પલ મુકવાની નક્કી જગ્યાએ મુકયા, જયારે આવી નાની–નાની બાબતોમાં શરીઅતના અદબો અને સુન્નતોનો આટલો બધો પ્રબંધ અને તે પણ છેલ્લી ઘડીમાં ! એવી જ રીતે ઘરેથી વુઝૂ કરીને મસ્જિદમાં આવવું, દાદર ચઢતા અલ્લાહુ અકબરના મુબારક શબ્દો અને ઉતરતી વેળાએ સુબ્હાનલ્લાહના મુબારક શબ્દોનું આપની ઝબાનથી નીકળવું વગેરે હઝરત મવલાનાની આદતોમાંથી હતું; આનાથી અંદાજો લગાવી શકાય છે કે હઝરત મવલાના સુન્નત અને શરીઅત બાબતે કેટલા ચુસ્ત હતા.

**નમાઝ સાથે લગાવ :** હઝરતના હર્નિયાના ઓપરેશન વેળાએ બીમાર પુર્સી અર્થે જવાનું સૌભાગ્ય મળ્યું, તો હઝરતે ખેર ખૈરિયત આપતા વાતચીત દરમિયાન ફરમાવ્યું કે ડોકટરે ઘરે રહી, બેસીને નમાઝ પઢવાની સલાહ આપી છે, અઠવાડિયા માટે દાદર ઉતરવા–ચઢવાથી પરહેઝ કરવાનું કહયું છે, પરંતુ મને આ રીતે એકલુ બેસીને નમાઝ પઢવામાં કોઈ લુત્ફ (આનંદ) પ્રાપ્ત થતો નથી, અજીબ અજીબ લાગે છે, માટે મેં તો અલ્લાહના ભરોસે મસ્જિદે જઈ જમાઅત સાથે નમાઝ પઢવાનું શરૂ કરી દીધું છે. આનાથી સમજી શકાય છે કે હઝરત મવલાનાનો નમાઝ, મસ્જિદ અને જમાઅત સાથે નમાઝ પઢવાનો કેવો લગાવ હતો અને આ લગાવને હઝરતે એટલો મજબૂત કર્યો હતો કે તેમાં વિક્ષેપ પડવાથી આકુળ વ્યાકુળ અને બેચેન થઈ ઉઠતા હતા, તકલીફ વેઠવુ આસાન હતુ; પણ જમાઅત, નમાઝ અને કિયામ છુટે તે મંજૂર ન હતુ !! હઝરત મવલાનાએ દીન બાબતે પોતાની તબીઅતની તરબીયત જ એ રીતે કરી હતી કે તેના વિના આપની તબીયત પરેશાન રહેતી હતી અને તેના ઉપર અમલ કરવામાં આપને લઝઝત અને આનંદ મળતો હતો.

હઝરત મવલાના(રહ.)નો ઉપરોકત એહતિમામ ફકત ફરજ નમાઝ સુધી જ સિમિત ન હતો, બલકે દિવસ–રાત્રી દરમિયાન નફલ નમાઝો; ઈશ્રાક, ચાશ્ત, અવ્વાબીન અને તહજ્જુદમાં પણ જોવા મળતો હતો. અહિંયા

જામિઅહમાં તશરીફ લાવતા તો મસ્જિદમાં વહેલા પહોંચી જતા, નમાઝ વગેરેમાં મશ્ગૂલ રહેતા અને નમાઝ પછી પણ મસ્જિદમાં રહી નમાઝ વગેરે પઢતા રહેતા અને બધાના નિકળ્યા બાદ મસ્જિદમાંથી નિકળતા હતા.

**મામૂલાત તથા કલામે પાકની તિલાવત :** હઝરત મવલાના મામૂલાત, અવરાદ, વઝાઈફના પણ ઘણાં પાબંદ હતા, વિશેષ રીતે કુર્આનથી આપને ખાસ લગાવ હતો, ખૂબ તિલાવત કરનાર, સાલિહીનમાંથી હતા, ઘણીવાર એવું થયું કે અમે વડોદરા તેમની ખિદમતમાં હાજર થયા તો તેઓ મસ્જિદમાં કુર્આનની તિલાવતમાં વ્યસ્ત જોવા મળતા, અહિંયા જામિઅહના રોકાણ દરમિયાન પણ જોયુ કે ઈશા બાદ પોતાની સાથે કુર્આન પાક લઈ જતા અને સુતા પહેલા તિલાવત ફરમાવતા, બલકે જયારે હઝરત મવલાના થાઈરોઈડની બિમારીમાં સંકળાયા અને આંખની તકલીફ ઉભી થઈ જેમાં એક આંખ ખોવી પડી, ઉંઘ ઓછી થઈ ગઈ, તો અહિંયાના રોકાણ દરમિયાન હઝરત મવલાના રાત્રીએ ઉભા થઈ જતા અને કુર્આન લઈ તિલાવતમાં મશ્ગૂલ રહેતા, મગરીબ બાદ સામાન્ય રીતે આપ પોતાના પુત્રની દુકાન પર તશરીફ લઈ જતા, ત્યાં બેસીને મગરીબથી ઈશા સુધી ફારિગ સમયમાં કુર્આનની તિલાવતમાં વ્યસ્ત રહેતા. હઝરત મવલાના ફઝલુર્રહમાન ગંજમુરાદાબાદી (રહ.) ફરમાવે છેઃ "જયારે અલ્લાહનો બંદો અલ્લાહની યાદ–ઝિક્ર અને તપસ્યા થકી અલ્લાહનો કુર્બ–નિકટતા હાસિલ કરી તેનો મુકર્રબ અને ખાસ બંદો બની જાય છે, તો તેની નિકટતા અને કુર્બની આખરી નિશાની એ હોય છે કે અલ્લાહ તઆલા બીજા ઝિક્ર અને યાદની સૂરતોથી વધુ અલ્લાહ તઆલા અલ્લાહની કિતાબની તિલાવત સાથે સંલગ્ન કરી દે છે." મતલબ કુર્આનની વધુમાં વધુ તિલાવતની તૌફીક અલ્લાહના મકબૂલ હોવાની મોટી નિશાની છે, અલ્લાહ તઆલાએ હઝ. મવલાનાને કબુલિય્યતની આ મહત્વની નિશાનીથી પણ નવાઝયા હતા.

**સિલારહમીઃ** હઝરત મવલાનાની ઝિંદગીમાં એક મોટી બાબત એ હતી કે આપ સિલારહમી એટલે કે સગાસ્નેહીઓ સાથે સંબંધો જાળવવામાં હંમેશા પ્રતિબધ્ધ રહેતા, રિશ્તેદારમાંથી કોઈને ત્યાં કોઈ પ્રસંગ અથવા દુઃખના સંજોગો હોય તો મવલાના બસ વગેરેનો લાંબો સફર ખેડી, જહમત ઉઠાવી જરૂર શરીક થતા, ભલે પછી તે નિકટના સગા હોય કે દૂરના, કયારેય તેમાં સખત મજબૂરી વિના ગેર હાજર ન રહેતા, જયારે પણ કાવી, દેવલા,

ભડકોદ્રા, જંબુસર, ખાનપૂર અથવા અન્ય કોઈ જગ્યાએ તશરીફ લઈ જતા, તો ત્યાં જેટલા દૂર–નજીકના સગાઓ હોતા, તે બધાને ત્યાં વારા ફરતી હાજરી આપી તેમની ખબર અંતર પૂછતા.

**અવલાદ સાથે સમાન વ્યવહારઃ** મવલાના પોતાની અવલાદની તરબિયત અને પરવરિશ બાબતે ખૂબ જ સજાગ હતા, તેમજ તેઓની ખૂબ ખૈરખબર પણ રાખતા, અવલાદ વિશે શરીઅતની હિદાયત મુજબ લેન–દેન અને વર્તનમાં સમાનતાનો ખ્યાલ રાખતા, બરાબરીનો વ્યવહાર ફરમાવતા, જેટલું વર્તન નાની–મોટી રીતે એક સાથે કરતા એટલું જ બીજી અવલાદ પ્રત્યે પણ આપનું રહેતું.

મવલાના (રહ.)ની આ એવી ખૂબી છે, જે આજે સામાન્ય રીતે સામાજિક જીવનમાંથી ખતમ થઈ ગઈ છે, મવલાના(રહ.)આટલી બધી અવલાદ દરમિયાન સમાનતનો ખ્યાલ અહિંયા સુધી રાખતા કે જે અવલાદ વિદેશમાં વસતી હતી, સધ્ધર હતી, તેઓ માટે પણ હિસાબ લખી રાખતા. વાસ્તવમાં સમાજની વ્યવસ્થાને વ્યવસ્થિત અને પ્રેમભર્યી રાખવા હદીસ શરીફમાં આ વિશે ખાસ હિદાયત કરવામાં આવી છે જો તમે અવલાદને કોઈ હદિયો કે ભેટ આપવા માંગો તો દરેકને સરખી રીતે આપો, શરઈ કારણ વગર સુલૂકમાં વધઘટ કરવા અથવા એકને આપી અન્યોને બકાત રાખવાથી બચવામાં આવે, બરાબરીનો ખ્યાલ ન રાખવો જાહિરી રીતે એક અન્યાયભર્યુ પગલુ કહેવાય, આના લઈ પરસ્પર અવલાદમાં દુશ્મનાવટ અને ખોટનો ભાવ પેદા થાય છે, જેનું પરિણામ બુરું છે; માટે એક બાપનું માન સન્માન જળવાય રહે, અવલાદના દિલમાં બાપની મોહબ્બત બાકી રહે, ખોટ અને ગલત ભાવ ઉભો ન થાય, તે માટે જરૂરી છે કે અવલાદ સાથે સમાન વ્યવહાર કરવામાં આવે.

મને યાદ છે કે મરહૂમ હઝરત મવલાના યાકૂબ કિકયા સાહબ(રહ.)–જે દેવલાના મશહૂર આલિમે દીન અને નિખાલસ સમાજ સેવક હતા,–જયારે તેમણે તેમની દિકરીની શાદીમાં કરેલ પુત્રી સાથેના વ્યવહાર અને સુલૂકનું વર્ણન જામિઅહ જંબૂસરના શૈખુલ હદીસ, મારા બુઝુર્ગ મામા તથા મુરબ્બી હઝરત મવલાના મુફતી ઈસ્માઈલ સાહબ ભડકોદ્રવી (રહ.) સમક્ષ કરી, પુછયું કે દિકરીને આપ્યા મુજબ દિકરાઓને પણ આપવું પડશે? તો હઝરત મુફતી સાહબે કહયુંઃ હા, આપવું પડશે. તે બાદ મરહૂમ મવલાના યાકૂબ

સાહબ (રહ.) એ પોતાના દિકરાઓ માટે પણ અલગથી વ્યવહાર કર્યો. આજકાલ આપણા સમાજમાં આ બાબતે ઘણી જ ગફલત અને લાપરવાહી જોવા મળે છે, માટે આનાથી દરેક મુસલમાને બચવું જોઈએ.

**સખાવત,મહેમાન નવાઝીઃ** હદિયો–તોહફો આપવાની આદત તો આપના માટે એક સામાન્ય બાબત હતી, આ સુન્નતમાં રિશ્તેદારો સુધી સિમિત ન હતા, બલકે મામૂલી સંબંધ રાખનાર વ્યકિતને પણ હદિયો–તોહફો પેશ કરતા, આવા અનેક નેક કાર્યોનેથી આપ સમાજમાં ખૂબ જ લોકપ્રિય હતા

મવલાના(રહ.) મહેમાન નવાઝીમાં પણ કોઈનાથી કમ ન હતા, મેહમાનની પરોણાગતની હાલત આ હતી કે કોઈ વ્યકિત આપની મુલાકાત અર્થે આવતું ભલે તે શહેરનો રહીશ હોય કે બહાર ગામનો હોય, હઝરત તેને આવકાર આપી તેની ચાકરીમાં કોઈ જાતની કચાસ છોડતા નહીં, ઘરમાં જે નાશ્તો કે પકવાનો હાજર હોતું તેનાથી તેમનું આતિથ્ય અવશ્ય કરતા, બહાર ગામથી કોઈ મહેમાન આવતું અને મૌલાના (રહ.) ને પહેલાથી તેમના આગમનની જાણ હોતી તો તેમના માટે ખાવાનું તૈયાર કરી રાખતા, મહેમાનને સાથે બેસાડીને આગ્રહપૂર્વક ખવડાવતા, આ રીતે મવલાના(રહ.) હદીસ શરીફ મુજબ મહેમાન નવાઝી જેવી ઈમાની ખૂબીથી પણ સુશોભિત હતા.

**બિમારપુર્સીઃ** વડોદરા શહેર મેડિકલ તથા દવાદારૂ ક્ષેત્રે પહેલાંથી જ પ્રખ્યાત છે, જેથી નજીક–દૂરના સંબંધીઓ, સગા–સ્નેહીઓ જયારે પણ દવા અર્થે વડોદરા આવતા, વર્ષોથી તેઓના ખાવા–પીવાની વ્યવસ્થા કરવાની આપની ભલી આદત હતી અને જો કોઈ દર્દીને એડમીટ કરવામાં આવતા, તો ટીફીન તૈયાર કરી પોતાની જાતે પગપાળા ચાલીને ટીફીન પહોંચાડતા, ગામડાઓ અને દૂરથી આવનાર સંબંધીઓને ખૂબ જ રાહત પહોંચાડતા.

કરમ બે–મિષ્લ થા વો શફકતોં કા એક ખઝીના થા
હઝારોં ખુબીયાં થી જિસમેં વો ઐસા નગીના થા

**સલાહ–મશ્વેરાને પ્રધાન્ય :** હઝરત રહ.ની શખસિય્યત ઈલ્મમાં પ્રખર હતી, મઝબૂત સોચ ધરાવતા હતા અને કોઈ પણ કાર્ય વિશે નિર્ણાયક ફેસલો લેવાની કાબેલિય્યત ધરાવતા હતા, આપની મઝકૂર સલાહિય્યતોના લઈ વિવિધ દારૂલ ઉલૂમો અને સંસ્થાઓના આપ જવાબદાર સભ્ય અને ટ્રસ્ટી; બલકે પ્રમુખ પણ હતા, પરંતુ હઝરત મવલાના પોતે કોઈ ફેસલો કરવાના

બદલે પોતાને હમેંશા મશ્વેરાના પાબંદ રાખતા હતા, દીની ઈલ્મ હાસિલ કર્યુ, ત્યારથી લઈ અંત સુધી હઝરત(રહ.) બુઝુર્ગો અને પોતાના ઉસ્તાઝોથી હંમેશા જોડાયેલા રહયા, આરીફ બિલ્લાહ હઝરત મવલાના અલી સાહબ કાવી (રહ.), હઝરત મવલાના યાકુબ સાહેબ કાસ્મી (રહ.), હઝરત મવલાના મુહંમદ સઈદ રાંદેરી (રહ.), શેખ અહમદુલ્લાહ (રહ.), હઝરત મવલાના ઈસ્માઈલ સાહબ વાડીવાલા(રહ.), હઝરત મવલાના ઈસ્માઈલ સાહબ ભડકોદ્રા(રહ.) અને મારા વાલિદ સાહબ હઝરત મવલાના અહમદ દેવલા (મ.ઝિ.) વગેરેની સેવામાં હાજર થઈ પોતાના અહમ દીની–દુન્યવી કામો વિશે સલાહ લઈ કામ કરતા. કહેવામાં આવ્યું છે કે મશ્વરામાં ખૈર અને બરકત હોય છે અને હઝરત(રહ.)ની નજર સામે આ વાત હંમેશા રહી; આ જ કારણ હતુ કે મવલાના (રહ.)ની ઝિંદગી દીની– દુન્યવી બંને ક્ષેત્રે ખૂબ જ સફળ રહી અને ઈસ્લામી ગણતરી પ્રમાણે ૬૧–૬૨ વર્ષ સુધી એક જ જગ્યાએ રહી દીની ખિદમતની સઆદત ઈસ્તિકામત અને અડગતા સાથે નસીબ થઈ, હા, વિકટ પરિસ્થિતિઓનો પણ સામનો કરવો પડયો, પરંતુ બુઝુર્ગોના માર્ગદર્શન હેઠળ હઝરત(રહ.) પહાડની જેમ અડીખમ રહયા, જે કોમ–મિલ્લત માટે ફાયદાકારક નિવડી.

હઝરત મવલાના (રહ.)ની સદર ખૂબી (મશ્વેરાથી કામ કરવું) આપણા માટે બોધરૂપ છે, મશ્વેરાને મહત્ત્વ ન આપવાના લઈ ઘણીવાર ખોટુ પગલું ભરાઈ જાય છે, જેથી પરેશાનીઓનો સામનો કરવો પડે છે. અલ્લાહ તઆલા આપણ સૌને મશ્વેરાનું મહત્ત્વ સમજાવી, તે ઉપર ચાલવાની તૌફીક આપે.
જે આજે ધીરે ધીરે લોકોમાંથી લુપ્ત થઈ રહી છે અને એના લઈ દીનના ખાદિમો અનેક પરેશાનીઓમાં સપડાય છે. આમાં પણ મવલાના (રહ.) ની ઝિંદગી આપણા માટે બોધરૂપ છે.

**હઝરત મવલાના(રહ.)અને જામિઅહ જંબુસરઃ** હઝરત મવલાના (રહ.)જામિઅહ જંબુસરના મોટા ખૈરખ્વાહ, મુહસિન અને હમદર્દ હતા, સ્થાપના કાળથી જ જામિઅહથી નિકટનો સંબંધ ધરાવતા હતા અને તેની પ્રગતિ અને તરક્કી માટે સદા ફિકરમંદ રહેતા, મહેનત ફરમાવતા, જરૂરી સલાહ સૂચનો આપતા. સખીદાતાઓને વિશેષરૂપે જામિહની મદદ કરવા

બાબતે અચુક ધ્યાન દોરવતા, જામિઅહની ચંદાબુક પોતાની પાસે રાખતા અને જામિઅહ માટે ઉઘરાણું ફરમાવતા. કોરોના કાળમાં તો વડોદરા શહેરની મસ્જિદોમાં તથા દાનવીરો પાસે જઈ જામિઅહ માટે વિશેષ ફન્ડિંગ સ્વજાતે કરી, એક મોટો સહકાર પ્રદાન કરેલ. આજે હઝરતની વિદાયથી અમે પોતે જયાં ખાનદાનની રીતે એક મોટી ખોટ અનુભવીએ છીએ, ત્યાં જામિઅહ પરિવાર માટે પણ મોટુ નુકસાન છે. અલ્લાહ તઆલા મવલાના મરહૂમની મગફિરત ફરમાવે અને જામિઅહને શ્રેષ્ઠ બદલો આપે.

**હઝરત(રહ.)ની અવલાદ :** હઝરત મવલાના(રહ.)એ પોતાના પાછળ ત્રણ પુત્રો છોડયા છે, મવલાનાના કુલ ચાર પુત્રો હતા, જેમાંથી મોટા પુત્ર મવલાના મૂસા સાહબ(રહ.) આપની હયાતીમાં જ વફાત પામ્યા છે, તેઓ જામિઅહ હુસેનિય્યહ રાંદેરના ફાજિલ હતા, ઈલ્મી કાબેલિયત ધરાવતા હતા અને સંસ્કારી અને અલ્લાહના નેક બંદા હતા, મશ્હૂર દીની દર્સગાહ દારૂલ ઉલૂમ કંથારીયામાં વર્ષો સુધી દરસે નિઝામીની મહત્વની કિતાબો પઢાવી, મદરસાની ખિદમત કરતા કરતા આશરે દોઢ–બે વર્ષ પહેલાં ઈન્તિકાલ કરી ગયા.

બીજા નંબરના પુત્ર "હાજી શબ્બીર ભાઈ" છે, જેઓ આલિમ નથી, પરંતુ એક આલિમની જેમ દીની ખિદમતમાં મશ્ગુલ છે, મવસૂફ દીનદાર છે અને સાથે મોટી હદે મરહૂમ વાલિદ સાહબની ફિકરો મુજબ મદરસા "તવહીદુલ ઈસ્લામ"માં પઢાવે છે, તથા જામિઅહના હસ્તે ચાલતા એક ઈબાદતખાનામાં ઈમામ છે, સાથે જ દાવતો તબ્લીગના નેક કામ સાથે પણ જોડાયેલ છે.

ત્રીજા પુત્ર મશહૂર આલિમે દીન શૈખુલ હદીસ મવલાના મુફતી ઈબ્રાહીમ સાહબ (દા.બ.) જેઓએ આલિમ તથા મુફતીની સંપૂર્ણ કોર્ષ દારૂલ ઉલૂમ કંથારીઆથી પ્રાપ્ત કર્યો, અલ્લાહ તઆલાએ તેઓને ઈસ્લામી ઉલૂમ અને ફુનૂન, મવલાનાને વિષેશ રીતે ફિકહ–ફતાવા અને હદીસમાં કમાલ અર્પણ કરેલ છે. ફારિગ થયા બાદ જામિઅહ જંબુસરમાં તદરીસી સેવા બજાવતા મિશ્કાત શરીફ સુધીની કિતાબોના સબકો પઢાવ્યા, ત્યાર બાદ લંડન (યુ.કે.)માં સ્થાયી થઈ, ત્યાં ઈમામતની સાથે શૈખુલ હદીસના હોદ્દા પર

બિરાજમાન છે અને બુખારી શરીફ, તિરમિઝી શરીફ વગેરેના દરસ આપવાનું સૌભાગ્ય આપને હાસિલ છે, સાથે જ મવલાના એક ઉમદા વક્તા પણ છે, પોતાના પ્રવચનો દ્વારા ઉમ્મતને દીની ફૈજથી ફૈજવંત કરી રહેલ છે, અલ્લાહ તઆલા તેમનાથી પણ દીનની મોટી ખિદમતો લઈ રહયા છે, જામિઅહથી દિલી લગાવ રાખી, તેના નેક કાર્યોમાં હિસ્સેદાર બનવું તેઓનું એક દિલચસ્પ કામ છે, અલ્લાહ તઆલા તેઓને તંદુરસ્તી અતા ફરમાવે અને તેઓની તમામ ખિદમતોને કબૂલ ફરમાવે.

સૌથી નાના પુત્ર દારૂલ ઉલૂમ કંથારીઆના ફાજિલ અને મારા સાથી અને ભાઈ એવા મવલાના મુફતી અબ્દુર્રહીમ બરોડવી (ઝિ.મ.), તેઓ પણ ખૂબ કાબેલ મુદર્રિસ, મહેનતી અને નેક–પરહેઝગાર વ્યકિતત્વ ધરાવે છે, જામિઅહમાં લગભગ(ઈ.સ. ૨૦૦૦)થી મુદર્રિસ છે, દરજાતે વુસ્તાની કિતાબો; શરહે અકાઈદ, તરજમએ કલામ પાક, રિયાજુસ્સાલિહીન, ઉસૂલુશ્શાશી જેવી વિવિધ કિતાબો પઢાવે છે. મવલાના ખતીબ પણ છે, જુમ્આના પ્લેટફોર્મથી ઉમ્મતની દીની રહેબરી ફરમાવે છે.

મવલાના મરહૂમની બધી જ અવલાદ માશાઅલ્લાહ ખૂબ જ દીનદાર અને સાચી દીની ફિક્રો અને ખિદમતમાં વ્યસ્ત છે ; અહિંયા સુધી કે જે અવલાદ આલિમ ન હતી, તે પણ માશાઅલ્લાહ મોલવી તરીકેની સેવા બજાવી રહેલ છે, કહી શકાય કે આ બધી મવલાનાની ફિક્રોનું ફળ છે અને સદકએ જારિઅહ છે.

જરૂર આજે મઝકૂર અવલાદની ખિદમતોની બરકતોથી મવલાના મરહૂમની રૂહ ખરેખર શાંતિ મેળવી રહી હશે !!

**હુસ્ને ખાતિમહ** : હઝરત મવલાના મુફતી રફીઅ ઉસ્માની(રહ.) એક નકશબંદી બુઝુર્ગના હવાલાથી લખે છેઃ

" વ્યકિતના જીવનમાં નેક કાર્યોનું પ્રમાણ વધુ હોવું જોઈએ, સામાન્ય રીતે વ્યકિતનું મોત તે જ પ્રવૃત્તિ અને હાલતમાં આવે છે, જે પ્રવૃત્તિમાં મોટા ભાગે પરોવાયેલો રહે છે અને જે કાર્યથી ઝિંદગીમાં તેને દિલચસ્પી વધુ હોય છે, આ વાતના અનુસંધાનમાં આપ(રહ.) ઉદાહરણરૂપે તેમના વાલિદે મુહતરમ ફકીહે આ'ઝમ હઝરત મવલાના મુફતી શફીઅ સાહબ(રહ.) અને પોતાના

મુહતરમ ઉસ્તાદ હઝરત મવલાના સુબ્હાન મહમૂદ સાહબ(રહ.)ના જીવનની છેલ્લી ઘડીઓ અને વફાત સમયનો બનાવ વર્ણવતા લખે છે કે હઝરત મુફતી શફીઅ સાહબ(રહ.)એ સમગ્ર જીવન ફતવા લખવાના શ્રેષ્ઠ કાર્યમાં વિતાવ્યુ, તો આપના જીવનનું છેલ્લુ કાર્ય પણ આ જ હતું, આપ (રહ.) એ એક ફતવો લખાવી તેના પર સહી કરી અને ત્યાર પછી થોડી જ વારમાં આપ (રહ.) અલ્લાહને પ્યારા થઈ ગયા, તેમજ હઝરત મુફતી સુબ્હાન મહમૂદ(રહ.)એ આશરે ૩૫ વર્ષ હદીસ શરીફની પ્રખ્યાત કિતાબ બુખારી શરીફ પઢાવવામાં મશ્ગૂલ રહયા, તો આપે જીવનની છેલ્લી ઘડીઓ પણ આ જ મુબારક કાર્યોમાં વિતાવી, આપ(રહ.)બુખારી શરીફના સબકનું વાંચન અને અભ્યાસ કરી ઘરેથી મદરસે પધાર્યા અને ઓફીસના અમુક કાર્યોમાં વ્યસ્ત હતા, ત્યાં જ આપની તબિયત લથડી અને ક્ષણવારમાં જ વફાત થઈ. (અલબલાગ ઉર્દૂ)

હઝરત મવલાના(રહ.)એ આખું જીવન સુન્નત–શરીઅતની પાબંદી સાથે વિતાવ્યું, તેમજ જીવનના પચાસથી વધુ વર્ષો નમાઝ પઢાવવા, બાળકોને કુર્આને કરીમ શિખવાડવા, લોકોને દીની સમજ આપવા, લોકોને અલ્લાહ તઆલાથી નઝદીક કરવાની તથા લોકસેવા જેવી અઝીમ મહેનતોમાં પસાર કર્યુ, તો આપના જીવનનો છેલ્લો દિવસ પણ આ જ પ્રમાણે રહયો, આપે મકતબમાં બચ્ચાઓને કુર્આન શરીફ પઢાવ્યુ અને તેમની દીની તરબિયત કરી, મામુલાત પૂરા કર્યા, નમાઝ જેવી અઝીમ ઈબાદતને અદા કરવા ઘરેથી વુઝુ કરી સુન્નત તરીકા પ્રમાણે મસ્જિદમાં પધાર્યા અને આ જ મુબારક હાલતમાં હુસ્ને ખાતિમહની સાથે અલ્લાહ તઆલાના ઘરેથી અલ્લાહ તઆલાના દરબારમાં જીવનભરના નેક કાર્યોનો બદલો અને ઈનામ પ્રાપ્ત કરવા ચાલ્યા ગયા. ઉલમાએ હુસ્ને ખાતિમહની અમુક નિશાનીઓ વર્ણવી જે હઝરત (રહ.)માં જોવામાં આવી તે નીચે મુજબ છે.

(૧) હદીસ શરીફમાં વુઝૂની ફઝીલતોમાંથી છે કે વુઝૂની હાલતમાં મૃત્યુ પામનાર વ્યકિતને શહાદતનો દરજજો પ્રાપ્ત થાય છે. હઝરત અનસ રદી. ફરમાવે છેઃ હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે મને નસીહત ફરમાવીઃ "હે વહાલા પુત્ર! જો તુ હંમેશા વુઝૂની હાલતમાં રહી શકતો હોય તો આવું કર, એટલા માટે કે મોતનો ફરિશ્તો બંદાની રૂહને ઉઠાવે અને તે બાવુઝૂ હોય, તો

તેના માટે શહાદતની મોત લખવામાં આવે છે."

હઝરત મવલાના(રહ.)ઘરેથી વુઝૂ કરી મસ્જિદમાં પહોંચ્યા અને તુરંત વુઝૂની હાલતમાં જ અલ્લાહ તઆલાએ પ્રાણ લઈ લીધા. મઝકૂર હદીસની દ્રષ્ટિએ હઝરત મવલાના(રહ.)ને અલ્લાહ તઆલા તરફથી શહાદતવાળી નેક મોત નસીબ થઈ અને શહીદોમાં શુમાર કરી આપ્યા.

યે રૂતબએ બુલંદ મિલા જિસ કો મિલ ગયા
હર મુદઈ કે વાસ્તે દારો રસન કહાં

(૨) ઉલમાએ કિરામે હુસ્ને ખાતિમહની વર્ણન કરેલ એક મશહૂર નીશાની છેઃ "મરનાર વ્યકિત શહાદતનો કલિમો પઢતા–પઢતા વફાત પામી જાય, તો તેના માટે જન્નતની ખૂશખબરી સંભળાવવામાં આવી છે". હઝરત મવલાના(રહ.)ની વફાત સમયે હાજરજનોના મુખે લોકચર્ચા હતી કે આખરી ઘડીએ હઝરત મવલાનાના મોઢેથી કલિમાના શબ્દો નીકળી રહયા હતા. આ બાબત પણ હઝરત મવલાના(રહ.)માટે મોટી બશારત છે.

(૩) હદીસોના આધારે ઉલમાએ અન્ય એક નિશાની હુસ્ને ખાતિમહના સંબંધે લખેલ છે કે "માણસની વફાત નેકી અને ફરમાબરદારીનું કામ કરતા – કરતા થાય છે." હઝરત મવલાના બાવુઝૂ નમાઝ માટે; એટલે કે એક મોટી ઈબાદત અદા કરવા માટે જઈ રહયા હતા, મસ્જિદના સહનમાં પ્રવેશતા જ અલ્લાહ તઆલા તરફથી બોલાવો આવી પહોંચ્યો. હદીસમાં છે કે જયારે અલ્લાહ તઆલા કોઈ બંદા સાથે ખૈર અને ભલાઈ ઈચ્છે છે તો તેને પોતાનો મહબૂબ બનાવી લે છે. સહાબા(રદિ.)એ અરજ કરી કે કઈ રીતે મહબૂબ બનાવી લે છે? તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે તેને નેક કામોની તોફીક આપે છે અને તે ઉપર જ તેને મૃત્યુ નસીબ કરે છે, ઉલમાએ કિરામે મઝકૂર હદીસનો ભાવાર્થ બયાન કરતા એક વાત લખી છે કે તેને નેકીની હાલતમાં મોત આપે છે અને આનાથી ફલિત કર્યુ છે કે નેકી અને ઈબાદતનું કામ કરતા કરતા વફાત હુસ્ને અંજામની પવિત્ર નિશાની છે.

ખરેખર! હઝરત મવલાનાને સદર અલામત પણ નસીબ થઈ કે નમાઝ જેવી મહાન ઈબાદત અદા કરવા જઈ રહયા હતા અને અલ્લાહને પ્યારા થયા.

(૪) એવી જ રીતે મુબારક ખાતિમહની એક નિશાની એ કે મૃત્યુ

પામનારના વખાણની લોકચર્ચા સાંભળવા મળે છે, જેથી નેક લોકોમાં જયારે મૃતકની ભલાઈ, પરહેઝગારી, દીનદારી વિગેરેની ચર્ચા થતી હોય તો આ અલ્લાહ તઆલા તરફથી તેના વિશે એક ગવાહી છે કે અલ્લાહ તઆલાના ત્યાં મકબૂલ છે. હદીસમાં છે કે એક વેળાએ એક જનાઝો પસાર થયો તો લોકોએ તે મય્યિતના વખાણ કર્યા. અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યુ: "وَجَبَتْ وَجَبَتْ وَجَبَتْ" એટલે કે (જન્નત) સાબિત થઈ ગઈ, (જન્નત) સાબિત થઈ ગઈ, (જન્નત) સાબિત થઈ ગઈ, ત્યાર બાદ અન્ય એક જનાઝો પસાર થયો તો લોકોએ તેની બુરાઈ કરી તો ફરી કહયું "وَجَبَتْ وَجَبَتْ وَجَبَت "એટલે કે (જહન્નમ)સાબિત થઈ ગઈ, (જહન્નમ)સાબિત થઈ ગઈ, (જહન્નમ) સાબિત થઈ ગઈ, હઝરત ઉમર(રદી.)એ અરજ કરી કે અલ્લાહના રસુલ! મારા માં–બાપ આપ પર કુરબાન. જયારે એક જનાઝો પસાર થયો, તેના વખાણ થયા તો આપે "وجبت" કહયું અને જયારે બીજો જનાઝો પસાર થયો અને તેની બુરાઈ કરવામાં આવી તો આપે ફરી "وجبت" કહયું (તો આની શું હકીકત છે)? પેગમ્બર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યુ:"જેના તમે વખાણ કર્યા, તેના માટે જન્નત પાકી થઈ ગઈ અને જેની તમે બુરાઈ કરી તેના માટે જહન્નમ પાકી થઈ ગઈ. "ત્યાર બાદ આપે ફરમાવ્યુ: "તમો જમીન પર અલ્લાહ તઆલાના ગવાહ છો."(બુખારી શરીફ) સાબિત થયું કે મુસલમાન અને ખાસ કરી નેક લોકો તરફથી કોઈ મય્યિતના વખાણ થવા તેની સારી મોતની નિશાની છે.

હઝરત મવલાના વિશે જોયું તેમજ સાંભળ્યું કે તેમાં દફનવિધિમાં હાજર તમામ લોકોના મુખે હઝરત (રહ.)ના સદગુણો તેમજ નમ્રતાના વખાણ જ વખાણ હતા ! બલકે તેઓની મુબારક મોત પર લોકોને રશ્ક કરતા જોયા, આ પણ હઝરત મવલાના (રહ.) માટે એક બેહતરીન અંજામ અને મુબારક મૌતની ખબર આપે છે.

કયા લોગ થે જો રાહે વફા સે ગુઝર ગએ
જી ચાહતા હૈ નકશે કદમ ચુમતે ચલેં

# ઈસ્લામ અને માતા-પિતા

માતા–પિતા સાથે સદવર્તન બાબતે કુર્આનમાં ઘણી જગ્યાએ ઉલ્લેખ છે, બલકે કેટલીક જગ્યાએ તો અલ્લાહના હક પછી માતા–પિતાના હકનું વર્ણન કરવામાં આવ્યું છે, વાસ્તવિક સત્ય જોતાં બધી જ નેઅમતો અને ઉપકારો અલ્લાહ તરફથી જ છે, પરંતુ દુનિયામાં અલ્લાહ પછી, માણસ પર સૌથી વધુ ઉપકાર તેના માતાપિતા તરફથી છે, કારણ કે તે બંન્નેવ આ જગતમાં તેના જન્મનું કારણ છે અને બાળપણથી યુવાની સુધીની તમામ મુશ્કેલીઓમાં, માતા–પિતા જ તેની પ્રગતિ અને અસ્તિત્વનું કારણ બને છે. તેથી વિવિધ આયતોમાં પહેલા અલ્લાહના હકની અદાયગી અને પછી માતાપિતાના હકનું વર્ણન કરવામાં આવ્યું છે. કુર્આનમાં છે :

وَإِذْ أَخَذْنَا مِيْثَاقَ بَنِيْ إِسْرَائِيْلَ لَا تَعْبُدُونَ إِلَّا اللّٰهَ وَبِالْوَالِدَيْنِ إِحْسَاناً

અર્થાત : અને (તે સમયને પણ યાદ કરો) જ્યારે અમે બની ઈસ્રાઈલથી વચન લીધું કે અલ્લાહના સિવાય કોઈની બંદગી કરશો નહિં, અને માબાપ સાથે ભલાઈ કરો.

આ આયત બતાવે છે કે માતા–પિતા સાથે સદવર્તન કેટલું અગત્યનું કામ છે કે માત્ર ઈસ્લામમાં જ નહીં, પરંતુ પ્રથમ આકાશી ધર્મોમાં પણ, અલ્લાહે આદેશ આપ્યો હતો અને તે ધર્મના અનુયાયીઓને તેના પાબંદ બનાવ્યા હતા.

સુરત નંબર ૪ આયત નંબર ૩૬માં

અલ્લાહ તઆલાએ તેના બંદાઓને આદેશ આપ્યો છે:

﴿وَاعْبُدُوا اللّٰهَ وَلَا تُشْرِكُوا بِهِ شَيْئاً وَبِالْوَالِدَيْنِ إِحْسَاناً﴾

અર્થાત : અને તમે અલ્લાહની બંદગી કરો અને (કોઈ પણ બાબતમાં) કોઈને તેનો ભાગીદાર ન ઠેરવો અને માતા–પિતા સાથે સદ્વર્તન રાખો.

આ આયતમાં નવ પ્રકારના લોકો સાથે દયા અને સદવર્તનનો હુકમ આપવામાં આવ્યો છે, પરંતુ અલ્લાહના હક પછી માતા–પિતાનો દરજ્જો સર્વોચ્ચ હોવાથી, સૌ પ્રથમ તેમની સાથે દયાભાવથી વર્તવું ફરજિયાત છે.

આ જ વિષયને થોડા વિસ્તારથી સુરત નંબર ૧૭ ની આયત નંબર

૨૩/૨૪ માં સમજાવવામાં આવ્યો છે :

وَقَضَى رَبُّكَ أَلَّا تَعْبُدُوا إِلَّا إِيَّاهُ وَبِالْوَالِدَيْنِ إِحْسَاناً إِمَّا يَبْلُغَنَّ عِندَكَ الْكِبَرَ أَحَدُهُمَا أَوْ كِلاهُمَا فَلاَ تَقُل لَّهُمَا أُفٍّ وَلاَ تَنْهَرْهُمَا وَقُل لَّهُمَا قَوْلاً كَرِيماً، وَاخْفِضْ لَهُمَا جَنَاحَ الذُّلِّ مِنَ الرَّحْمَةِ وَقُل رَّبِّ ارْحَمْهُمَا كَمَا رَبَّيَانِي صَغِيراً، رَّبُّكُمْ أَعْلَمُ بِمَا فِي نُفُوسِكُمْ إِن تَكُونُواْ صَالِحِينَ فَإِنَّهُ كَانَ لِلأَوَّابِينَ غَفُوراً

અર્થાત : અને આપનો પરવરદિગાર હુકમ કરી ચૂક્યો છે કે તેના સિવાય કોઈની બંદગી કરો નહિ અને (પોતાના) માં–બાપની સાથે ભલાઈથી વર્તો; જો તે બન્નેમાંથી એક અથવા બન્ને આપની સામે વૃદ્ધાવસ્થાએ પહોંચી જાય તો તેમને 'ઉં' પણ કહેવું નહિ અને તેમને તરછોડો નહિ અને તેમની સાથે બહુ અદબથી વાત કરો અને તેમની આગળ માયાળુપણે નમ્રતાથી ઝૂકીને જ રહો અને એવી દુઆ માંગતા કરતા રહો કે હે પરવરદિગાર ! એ બન્ને પર રહમ કર કે જેવી રીતે કે એમણે મને નાનપણમાં (દયાભાવથી) ઉછેર્યો છે. તમારા દિલોમાં જે કંઈ છે તેને તમારો પરવરદિગાર ખૂબ જાણે છે. જો તમે ભલાઈ કરનાર હશો તો બેશક, (તૌબા કરી) રજૂ થનારાઓને તે બખ્શનાર છે.

વૃદ્ધાવસ્થામાં, માતા–પિતાને વધુ સેવાની જરૂર હોય છે, જેનાથી કેટલીક વાર બાળકો અને પરિવારના સભ્યોને કંટાળો આવે છે, ઉંમર વધુ થઈ જવાથી કેટલીક વાર ઈન્દ્રિઓ (કાન વગેરે) બરાબર કામ કરતા નથી, સ્વભાવ ચીડિયો બની જાય છે, ખાસ કરીને જ્યારે કે બાળકોની કસોટી થતી હોય છે, ત્યારે આ આયત આ સ્થિતિમાં બાળકોને આગાહ કરી રહી છે કે આવા સમયમાં માતા–પિતાની સેવા કરવા અને તેમનું આજ્ઞાપાલન કરવામાં જરાય ઓછુ ન જોખવું અને બોજ ન સમજવું એ સૌથી નસીબદાર બાળકોનું કર્તવ્ય છે. અરે તેમની સામે બોલવું અને તેમને તોડી પાડવા તો દૂરની વાત, તેમની સામે "ઉહ–આહ" કહેવું પણ અલ્લાહને પસંદ નથી. આવી પરિસ્થિતિમાં પણ, તમારા માટે ફરજ છે કે તેમની સાથે વાત કરતી વખતે નમ્રતા અને આદરથી કામ લેવું જોઈએ અને

તેમની સાથે એવી રીતે વાત કરો કે જાણે કોઈ ગુનેગાર ચાકર પોતાના કડક સ્વભાવથી માલિક સાથે વાત કરે છે અને તેમના માટે અલ્લાહથી દુઆ પણ કરે કે ...

"હે મારા પરવરદિગાર ! તે બંને પર રહમ ફરમાવ (દયાળુ વર્તન કર) જેવી રીતે કે તેઓએ મને પ્યાર–મુહબ્બતથી નાનેથી મોટો કર્યો."

આનો અર્થ એ કે જ્યારે હું ખૂબ જ નબળો અને કમજોર હતો, ત્યારે તેમણે મારા ઉછેરમાં રાત અને દિવસ લોહી અને પરસેવો ભેગો કરી, અમારી રાહત, આરામ અને સરળતા ખાતર એવી ચિંતા કરી કે પોતાની સઘળી રાહત ભુલી ગયા અને તેઓ દરેક આફતોથી મને બચાવવા માટે પ્રયત્નશીલ રહ્યા. તેમણે આપણા માટે પોતાનો જીવ જોખમમાં નાખ્યો હવે તેમની વૃદ્ધાવસ્થા અને નબળાઈનો સમય આવી ગયો છે, તેથી જેટલી મારી શકિત છે તેની સેવા કરીએ અને તેમનો આદર કરીએ છીએ છતાં પણ તેમની સેવાનો સંપૂર્ણ હક અદા કરી શકતા નથી, એટલે અમે આપને તેમના ઘડપણમાં બલકે મરણ પછી પણ તું તેમના પર રહમની નજર ફરમાવજે.

"તમારો સર્જનહાર તમારા મનમાં શું છે તે(પણ) સારી રીતે જાણે છે"

એટલે કે માતા–પિતા પ્રત્યે આદર,સન્માન અને નમ્રતા અંતઃકરણથી હોવી જોઈએ, જો તમે તેમની સાચા દિલે સેવા કરો છો તો અલ્લાહ જાણે છે કે માતા–પિતાની મનથી કોણ સેવા કરે છે. જો તમે ઈમાનદારી સાથે અને ઈખ્લાસની સાથે અલ્લાહને ખૂશ કરવા માતા–પિતાની સેવા કરશો તો અલ્લાહ તઆલા તમારી ભૂલો અને ગુનાહોને માફ કરશે. (તફસીરે ઉસ્માની)

અહીં એ બાબત નોંધનીય છે કે માતા–પિતાની સાથે માયાળુ વર્તન અને સદવર્તન પર જે ભાર આપવામાં આવી રહયો છે તે તેમના ઉપકારોને કારણે છે જેને કોઈ પણ માણસ નકારી શકતો નથી અને આ ઉપકારો ધર્મ સંબંધિત નથી, બલકે માતા–પિતા ભલે ગમે તે ધર્મના હોય, તેમના બાળકો પ્રત્યેનો જે પ્રેમ હોય છે તે તેમના સિવાય બીજે ક્યાંય મળી

શકતો નથી. એટલા માટે કુર્આને કરીમમાં અનેક સ્થાને માં–બાપનો ઉપકારોને આધાર બનાવી તેમની સાથે સદવર્તનનો આદેશ આપવામાં આવ્યો છે, પરંતુ અલ્લાહ, જેમણે આખા જગતનું સર્જન કર્યું છે અને માનવજાત પર અનેક ઉપકારો કર્યા છે, જે ગણતરીથી બહાર છે અને તેની સંપૂર્ણ આભારવિધી માનવની શક્તિ બહારની વાત છે. તેના હકને પ્રધાન્ય આપવામાં આવશે. પરંતુ જ્યાં આખા જગતના નિર્માતા, અલ્લાહ સર્વ શકિતમાન અને માતાપિતાના હક્કો સામસામે આવી જાય, તો માતા–પિતાના હક કરતાં અલ્લાહના હકને અગ્રિમતા આપવામાં આવશે.

તેથી જ સુરત નંબર ૨૯ની આયત નંબર ૮માં અને સુરત નંબર ૩૧ની આયત નંબર ૧૫માં, અલ્લાહ તબારક વ તઆલા ફરમાવે છેઃ "એ મુસ્લિમો ! જો તમારા માતા–પિતા ભારપૂર્વક કહે કે તમે કોઈને મારી સાથી ભાગીદાર બનાવો, તો (આ વાત પર) તેમનું પાલન ન કરો," કારણ કે તે અલ્લાહ તઆલાનો હક છે.

આ આયત હઝરત સઅદ બિન અબી વકકાસ (રદિ.) વિશે ઉતારવામાં આવી હતી, કારણ કે તેઓ તેમની વાલિદાની ખૂબ જ સેવા કરતા હતા અને તેમની વાલિદાના ખૂબ જ આજ્ઞાંકિત હતા. તેમની માતાનું નામ હમના હતું જે અબૂ સુફિયાનની પુત્રી હતી, જ્યારે સઅદ ઈમાન લઈ આવ્યા અને તેમની માતાને ખબર પડી, ત્યારે તેણીએ શપથ લીધા હતા કે જ્યાં સુધી તે તેના પિતૃઓના ધર્મમાં પાછો નહીં આવે ત્યાં સુધી તે અન્ન ત્યાગ કરશે અને ભૂખ અને તરસથી મરી જશે. એટલે આ આયતના આદેશ અનુસાર હઝરત સઅદ તેમના ઈમાન પર મજબૂતીથી જોડાયેલા રહયા અને માતાનું આજ્ઞાપાલન કરી અલ્લાહ સાથે કોઈને ભાગીદાર ઠેરવ્યા નહીં.

પરંતુ સૂરત નંબર ૩૧ માં આયત નંબર ૧૫ માં માતા–પિતાના હક ઉપર અલ્લાહના હકને પ્રાધાન્ય આપવાની સાથે સાથે આ દુનિયામાં "સાહિબહુમા ફીદ્દુન્યા મઅરૂફા" કહી તેમની સાથે સારો વ્યવહાર કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

એટલે કે ધર્મ બાબતે તો તમે અલ્લાહની વિરુદ્ધ તેમનું આજ્ઞાપાલન નહીં કરો, પરંતુ દુન્યવી બાબતોમાં જેમ કે તેમની શારીરિક સેવા અથવા આર્થિક ખર્ચ જેમકે દવા અને ઉપચાર વગેરેમાં ઘટાડો ન થવા દો, બલ્કે સામાન્ય બાબતોમાં કાયદા મુજબ તેમની સાથે સારો વ્યવહાર કરો, તેમનો અનાદર ન કરો અને અને તેમની વાતનો જવાબ એ રીતે ન આપો જેનાથી તેમનું દિલ દુઃખે.

આનાથી જાણવા મળે છે કે કુર્આન ધાર્મિક આધારે માતાપિતાની સેવા અને આજ્ઞાપાલનનો આદેશ નથી આપતો, પરંતુ તે તેમના મહાન એહસાનોના આધારે છે કે જેના પર તમારું આખું જીવન અને જીવનની ખુશીઓનો આધાર છે. હદીષમાં છે કે હઝરત અસ્મા (રદિ.) એ હઝરત મુહંમદ (સ.અ.વ.)ને પૂછ્યું કે મારી માતા જે મૂર્તિઓની પૂજા કરે છે અને ઈસ્લામને નથી માનતી, તે આજે મને મળવા આવી છે, શું હું તેમની સેવા–ચાકરી તથા આદર સન્માન કરું? આપે જવાબ આપ્યો, "હા, તેમની સેવા ચાકરી કરો, એટલે કે તેણી મુસ્લિમ ન હોવા છતાં પણ તેને એક માં હોવાના કારણે તેમનો હક અદા કરો." અને આ જ હુકમ આપ હઝરાતે સહાબાને પણ આપતા રહેતા હતા.

હદીસમાં આવે છે કે હઝરત અબૂ હુરૈરહ (રદિ.) ની માતા મુસલમાન ન હતી, અબૂ હુરૈરહ (રદિ.) તેમની માતાને ઈમાન લાવવા વિનંતી કરતા રહેતા હતા, પરંતુ તેણી ઈમાન લાવવા તૈયાર ન હતી, એક દિવસે તેમણે તેમની માને ઈમાન લાવવા કહયું તો તેણી તેમની ઉપર ખૂબ ગુસ્સે થઈ ગઈ અને તેમને અને રસૂલુલ્લાહ (સલ.)ને બુરું–ભલું કહેવા લાગી, એટલે હઝરત અબૂ હુરૈરહ (રદિ.) રડતા રડતા હુઝૂર (સલ.)ની સેવામાં પહોંચ્યા અને અરજ કરવા લાગ્યા કે મારી માતા માટે હિદાયતની દુઆ ફરમાવી દો, આપે તરત જ દુઆ ફરમાવી, હે અલ્લાહ! અબૂ હુરૈરહની માતાને હિદાયત આપી દે. આ સાંભળી આપ તો આનંદમાં રડતાં રડતાં ઘરે આવ્યા. જ્યારે આપ ઘરે પહોંચ્યા અને તેમની માતાએ તેમના પગનો અવાજ સાંભળ્યો તો અંદરથી કહ્યું, "અંદર આવશો નહીં, થોડી પ્રતીક્ષા

કરો." વાલિદહ ગુસ્લ કરી રહયાં હતાં. ગુસલથી ફારિગ થઈ તેણીએ કલિમો પઢીને કહ્યું, "હું દિલથી ગવાહી આપું છું કે અલ્લાહ એક છે અને મુહમ્મદ (સલ.) અલ્લાહના સાચા પયગમ્બર છે.

આ ઘટના દર્શાવે છે કે જો માતા–પિતા મુસ્લિમ ન હોય તો પણ તેમની કડવાશ સહન કરવી જોઈએ. કારણ કે અલ્લાહના પયગમ્બર (સલ.)ની શાનમાં કોઈ બુરુ–ભલું કહે તે હઝરત અબૂ હુરૈરહ બરદાશ્ત કરી શકતા ન હતા, છતાં પણ અલ્લાહના પયગમ્બર (સલ.)નો ઉપદેશ હતો અને ઈસ્લામની તાલીમ આ જ હતી એટલે આપે સહન કરી લીધું અને રડતા રડતા અલ્લાહના પયગમ્બર (સલ.)ની સેવામાં આવ્યા.

હઝરત મુહમ્મદ (સલ.) એ એક વ્યક્તિને કહ્યું કે પિતા સ્વર્ગનો મુખ્ય દરવાજો છે, હવે તમારી પાસે વિકલ્પ છે કે તેમનો અનાદર કરીને તેને ગુમાવી દો, અથવા આજ્ઞાપાલન કરીને તેનું રક્ષણ કરો. બીજી એક હદીસમાં પયગમ્બર મુહમ્મદ (સલ.) એ ફરમાવ્યું કે અલ્લાહની ખુશી પિતાની ખુશીમાં છે અને અલ્લાહનો ગુસ્સો પિતાના ગુસ્સામાં છે.

હઝરત અમ્ર ઈબ્ને મુર્રહ જુહની (રદિ.)નું કથન છે કે એક માણસ પયગમ્બર (સલ.) ની પાસે આવ્યો અને કહ્યું, હે અલ્લાહના રસૂલ (સલ.)! મારું ઈમાન છે કે અલ્લાહ એક જ છે તેનો કોઈ ભાગીદાર નથી અને તમે અલ્લાહના સાચા પયગમ્બર છો. હું પાંચ વખત નમાઝ પઢું છું અને મારી સંપત્તિમાંથી ઝકાત પણ અદા કરું છું. હું રમઝાનમાં રોઝા પણ રાખું છું. હવે આપ કહો કે આ બધી વસ્તુઓ જે અલ્લાહ ખાતર કરી રહયો છું મને તેના પર શું મળશે ? પયગમ્બર (સલ.) એ જવાબ આપ્યો કે જે માણસ આ કાર્યો કરતા કરતા મરી જાય છે તે પયગંબરો અને સત્યવાદીઓ (સિદ્દીકીન) અને શહીદો સાથે એવી રીતે ઉઠાવવામાં આવશે જેવી મારી આ બે આંગળીઓ, પરંતુ શરત એ છે કે તે તેના માતા–પિતાની નાફરમાની કરતો ન હોવો જોઈએ.

આપના ફરમાનનો મતલબ એ છે કે જો આ દુન્યામાં કોઈ ઈમાનવાળો નમાઝ, રોઝા, ઝકાત દરેક નેક કામો કરે છે, પરંતુ જો તે

મા–બાપની નાફરમાનીની હાલતમાં મરણ પામ્યો તો કયામતના દિવસે તેનું ઈમાન, નમાઝ, રોઝા અને ઝકાત અને અન્ય સદકર્મો તેને જન્નતમાં લઈ જવા માંગશે, પરંતુ તેનું માતા–પિતાની અવગણના કરવું એ એટલો મોટો ગુનોહ છે કે તે દિવાલ બની જશે અને જ્યાં સુધી તેને આ ગુનાહની સજા નહીં થાય ત્યાં સુધી તે જન્નતમાં જઈ શકશે નહીં.

એક હદીસ છે કે એક માણસ પયગમ્બર (સલ.) ની સેવામાં આવ્યો અને કહ્યું કે, "અલ્લાહના રસૂલ (સલ.)! મારી માતા એકદમ લાચાર અને કમજોર છે, તે નાનપણમાં મારી જે સેવા કરતી હતી તેવી જ હું આજે તેમની સેવા કરું છું તો શું આમ કરવાથી તેના હક અદા થઈ જશે. આપે જવાબ આપ્યો, ના...ના.. ! બિલ્કુલ નહીં.

આનો અર્થ એ છે કે જ્યારે તેણી તમારી સેવા કરતી હતી ત્યારે તમારા પ્રેમ અને સદ્ભાવનાનો સમુદ્ર તેના હૃદયમાં ઉતરી ગયો હતો તેણી હંમેશા તમારી તંદુરસ્તી, સુખ અને લાંબા જીવન માટે દુઆ કરતી હતી અને જો તમે અત્યારે તેમની જે સેવા કરો છો તો તમે અંતરમાં અલ્લાહથી દુઆ કરો છો કે, હે અલ્લાહ! ઈમાનની સાથે તેની મુશ્કેલી સરળ કરો એટલે કે ઈમાન સાથે ઉઠાવી લે, તો તે બંને સમાન કેવી રીતે હોઈ શકે અને તમે તેમનું ઉધાર (કોઈ પણ સંજોગોમાં) ચૂકવી શકતા નથી.

માટે પ્રત્યેક માણસ કે જેના માથે માતા–પિતાની છત્રછયા છે અથવા તેમાંથી કોઈ એક જીવંત છે, તેને અલ્લાહનો મોટો ઉપકાર સમજી તેમની કદર કરવી જોઈએ તેમને દરેક કિંમતે ખુશ રાખવા જોઈએ અને તેમના માટે દુઆ કરતા રહેવું જોઈએ.

# જુગારનો ગુનો અને અને તેના શારીરિક, માનસિક, આર્થિક અને સામાજિક નુકસાનો

અમુક આર્થિક વહેવારો એવા છે જે માણસ અને સમાજ બંને માટે અતિ હાનિકારક છે, સમાજના ગુનાહિત તત્ત્વો અને બજારના મગરમચ્છો આ પ્રકારની શકલો આપનાવે છે અને ભોળા, સહૂલત પસંદ, આળસુ લોકો અને સપનાઓની દુનિયાથી સંતુષ્ટ મુર્ખાઓ તેમની આ પાથરેલી જાળમાં આસાનીથી સપડાય જાય છે અને પોતાની દુનિયા અને આખિરત બંનેનો સોદો કરી બેસે છે.

દરેક માણસ જાણે છે કે બજાર અને સમાજની નૈતિકતા વચ્ચે ઊંડુ જોડાણ છે. બજારમાં ગંદો અને અપવિત્ર થનારો માણસ રાત્રે મહોલ્લામાં જ આશરો લે છે, તો પછી કેવી રીતે શકય છે કે બજાર અપવિત્ર હોય, સોદાઓ ખોટા હોય અને સમાજ શુદ્ધ અને પવિત્ર રહે ? જો આપણું બજાર ગંદુ છે તો સમાજ ઉપર પણ તેની ગંદી અસર અવશ્ય થશે.

ઈસ્લામ ધર્મ મસ્જિદથી લઈ રોજગાર સુધી આપણા માટે શ્રેષ્ઠ પથદર્શક છે, તેના ઉપદેશો જીવનના તમામ ક્ષેત્રોને આવરી લે છે, તેનું માર્ગદર્શન નિશ્ચિત કરે છે કે અર્થતંત્ર પરસ્પરના વ્યવહારની વાસ્તવિકતા અને મજબૂત બુનિયાદ પર કાયમ થાય. જેથી બજારની તાજગી, સુંદરતાનો સફર આપમેળે ચાલતો રહે. દરેક માણસ પોતાની હિસ્સેદારી પ્રમાણે જેટલો ફાયદો ઉઠાવતો રહે અને સમાજ પણ સફળતાનું શ્રેષ્ઠ ઉદાહરણ રજૂ કરે.

આ જ કારણે ઈસ્લામે જહાલતકાળમાં પ્રચલિત એ બધી બાબતો પણ પાબંદી લગાવી જે રોજગાર અને કારોબારી પ્રવૃત્તિઓ માટે હાનિકારક હતી અથવા સમાજ માટે નુકસાનકર્તા હતી, એવી બાબતોને રદબાતલ અને પ્રતિબંધિત જાહેર કરી. તેના વડે મેળવેલ આવકને નાજાઈઝ અને હરામ ઠેરવી, આવી જ એક બાબત જુગાર – સટ્ટો છે, જે આ લેખનો મુખ્ય વિષય છે.

જુગાર અને સટ્ટાની આદત પ્રાચીન કુટેવોમાંથી એક છે, આધુનિક જહાલત અને તેની નવી બનાવટોએ આ ફિત્નાને ઉચ્ચ શિખરો પર પહોંચાડી દીધો છે. પ્રાચીનકાળમાં સટ્ટાની અમુક ખાસ શકલો હતી, તેના ખાસ

અડ્ડાઓ ચાલતા હતા, પરંતુ ત્યાં અવર–જવરને એબદાર સમજવામાં આવતું હતું, જેથી શરીફ લોકો તેનાથી બચેલા રહેતા હતા, પરંતુ ટેકનોલોજીના પ્રવાહ અને ઈન્ટરનેટના બહોળા વપરાશે પરિસ્થિતિને બદલી નાંખી છે. જુગારની શકલો લેવડ દેવડનો એક અંશ બની ગઈ છે, મોટી મલ્ટી નેશનલ કંપનીઓએ જુગારને એટલી હદે ફેલાવ્યો છે કે ખરીદારને એહસાસ શુદ્ધા થતો નથી કે તે જુગારનો હિસ્સો બન્યો છે, ખૈર ! અત્યારે અહીં જુગારના આ પ્રકાર પર ભાર આપવાનો છે જે આપણા સમાજની જડોને અંદરથી ખોખરી કરી રહી છે.

જુગાર એવું નાજાઈઝ અને હરામ કૃત્ય છે જેનું હરામ હોવું કુર્આને કરીમથી સાબિત છે અને તે પણ એવું વિગતવાર કે હરામ સંબંધિત એલાનની આયતમાં તેની બુરાઈઓને પણ આવરી લીધી છે. અત્રે યોગ્ય છે કે સૌ પ્રથમ આયતમાં બયાન કરેલ મુદ્દાઓ તરફ ધ્યાન દોરવામાં આવે.

***<u>જુગાર વિશે અમુક આયતો</u>***

અર્થ : હે ઈમાનવાળાઓ ! આ શરાબ અને જુગાર તથા મુર્તિઓ અને તીરનાં પાસાં એ તમામ ગંદા શયતાની કામ છે, માટે તેનાથી બની શકે એટલા દૂર રહો કે જેથી તમે મુકિત મેળવો. હકીકત એ જ છે કે શયતાન તો એમ ચાહે છે કે શરાબ અને જુગાર વડે તમારા વચ્ચે દુશ્મની અને દ્વેષભાવ નાખે અને તમને અલ્લાહની યાદ તથા નમાઝથી (તમને) રોકે, તો શું હજુ પણ તમે અટકશો ? (કે નહીં ?) અને (દરેક બાબતમાં) અલ્લાહનો હુકમ માનો, તેમજ રસૂલ (સલ.)નું આજ્ઞા પાલન કરો અને (ના ફરમાનીથી) બચતા રહો, તે છતાં પણ જો તમે (તાબેદારીથી) મોઢું ફેરવશો તો સાંભળી લો કે અમારા રસૂલના જિમ્મે તો માત્ર સ્પષ્ટ રીતે (સંદેશો) પહોંચાડી દેવું જ છે.

*(સૂરએ માઈદહ : ૯૦,૯૧,૯૨)*

**વિવરણ :** આ આયતમાં ચાર મોટા ગુનાહોનો ઉલ્લેખ છે, દારૂ, જુગાર, મુર્તિપૂજા અને તીરો વડે ફેસલા કરવા, તીરો વડે ફાલ કાઢવો પણ જુગારનો એક પ્રકાર જ હતો અને અત્રે જુગાર વિશે ચર્ચા જ મુખ્ય હેતુ છે, બાકીની બે બુરાઈઓની અહીંયા વાત નથી.

અલ્લાહ તઆલાએ શ્રેષ્ઠ જીવન પસાર કરવા માટે આપણને સંપૂર્ણ અને પરિપૂર્ણ શરીઅત આપી છે, જેમાં જિંદગીની દરેક બાબતો વિશે સ્પષ્ટ

માર્ગદર્શન છે અને આપણું ઈમાન છે કે પરવરદિગાર તરફથી જે કામો કરવાનો આદેશ છે, તે બધામાં આપણો ફાયદો જ ફાયદો છે. આખિરતની સાથે દુનિયાનો પણ ફાયદો છે, અને જે કામોથી રોકયા છે, તે આપણા માટે ખરેખર નુકસાનકર્તા છે, આ ખોટા કામો આખિરત તો બરબાદ કરે જ છે પરંતુ દુનિયા પણ બરબાદ કરી દે છે.

તેનો કરમ છે કે તે આદેશ આપે છે તો બંદાઓ (મનુષ્યો) ના ફાયદાઓના પેહલૂને ઉજાગર કરી દે છે, એ જ રીતે કોઈ ખરાબ વસ્તુથી રોકે છે તો તેના નુકસાનોથી પણ આગાહ કરી દે છે. નહીંતર તે સંપૂર્ણ મુખ્તાર છે તે ચાહે તે હુકમ આપે.

## *જુગારની ગંદકી*

અહીંયા જુગાર પર પાબંદી લગાડવામાં આવી, તો સાથે તેની બુરાઈઓ અને નુકસાનોને પણ સ્પષ્ટ કરવામાં આવ્યા, આપણે આ આયતોમાં વર્ણન કરેલ આગાહીઓ તરફ ધ્યાન દોરવું જોઈએ, જુગાર માટે પ્રથમ શબ્દ "રિજસ" નો ઉપયોગ કરવામાં આવ્યો છે. જેનો અર્થ ગંદકી થાય છે. આ શબ્દમાં માનવીની શરાફત, સ્વભાવ અને તબીઅતને સામે રાખવામાં આવ્યું છે. ગંદકી અને નાપાકીનું વર્ણન ચીડ અને અણગમો ઉત્પન્ન કરે છે, તેના વિચારથી કુદરતી રીતે ચીડ અને ધૃણા પેદા થાય છે, તો આ શબ્દ માણસને જાગૃત કરવા માટે વાપરવામાં આવ્યો છે કે માણસ જુગારની નજીક પણ કેવી રીતે જઈ શકે છે ? એ તો ગંદી અને નાપાક વસ્તુ છે. તેના નામથી તો ચીડ અને ધૃણા ઉત્પન્ન થવી જ જોઈએ. પછી એક મુસલમાન કે જેને અલ્લાહ તઆલાએ ઈમાનની પવિત્રતા અને શુદ્ધતા નસીબ કરી છે તે પોતાને આટલા નિમ્ન સ્તરે કેવી રીતે લઈ જઈ શકે છે કે તે નાપાકી અને ગંદકીમાં રહેવું પસંદ કરે ?

## *જુગારને શયતાન દ્વારા શરણાણવામાં આવે છે*

બીજો શબ્દ "મિન અમલિશ્શયતાન" છે, એટલે જુગારમાં જે બાહય આકર્ષણ છે, તેમાં શયતાનનો દખલ છે, આવા વિચારોને તે (શયતાન) શણગારીને માણસ સમક્ષ રજૂ કરે છે, નાપાકીઓ અને ગંદકીઓનો બાહય ભપકો તેનો ધંધો છે, દારૂને મીઠા પાણીના રૂપે રજૂ કરવું તેનો ધંધો છે, તેનાથી

સાવચેત રહો, શયતાન આપણો દુશ્મન છે, કેવળ આખિરતનો જ નહીં પરંતુ આપણી દુનિયાની તબાહી અને બરબાદી પણ તેના ધ્યેયોનો એક ભાગ છે. તે આપણી આખિરત અને દુનિયાની પ્રગતિ એમ બંનેનો દુશ્મન છે, તેને આપણી સફળતા ગમતી નથી, તો પછી તેની કોઈ સ્કીમ આપણા માલ અને દોલતની પ્રગતિની બાંહેધરી કેવી રીતે હોઈ શકે છે ? તેનું મિશન ત્યારે જ પૂર્ણ થાય છે જયારે આપણે આખિરતની સાથે દુનિયાથી પણ હાથ ધોઈ બેસીએ, બંને જગ્યાએ અપમાનિત થઈએ, તે માટે તે (શયતાન) ષડયંત્રો રચતો રહે છે. સુંદર સપનાઓ બતાવે છે અને માનવીને ફસાવવાની કોશિશો કરે છે, આ જુગાર અને સટ્ટો આ જ ષડયંત્રો અને તેના લક્ષ્યોની એક ખતરનાક શકલ છે, આ જ વિષયને "મિન અમલિશ્શયતાન" થી ઓળખવામાં આવ્યો છે.

આ બે બાબતો બયાન કર્યા પછી કુર્આન આદેશ આપે છે કે જુગારની ગંદકીથી બચો, તેમાં જ તમારી ભલાઈ છે, તેની વિરુદ્ધ ઉકત નાપાકી અને ગંદકીમાં તમે કામિયાબીની આશા રાખીને બેઠા છો તો તે માત્ર એક ધોકો જ છે, આ માર્ગ નિષ્ફળતા, નિરાશા અને બરબાદી તરફ જાય છે, જો તમે સફળતા ઈચ્છો છો તો યુટર્ન લો, નાપાકીના માર્ગેથી પરત ફરો, આ ગંદકીથી પોતના હાથ ખેંચી લો, પોતાને આ નાપાકીથી પવિત્ર કરો, આ નશાથી ભાનમાં આવો.

### જુગાર દુશ્મની અને નફરત પેદા કરે છે

જુગારની વિશેષ પ્રકૃતિ આ છે કે તે પરસ્પર દુશ્મની અને નફરત પેદા કરે છે, માલ માનવીને જાન કરતા પણ વધારે પ્યારો હોય છે, હારનાર જુએ છે કે તેના હરીફે ઘડીવારમાં તેનો બધો માલ હડપી લીધો તો તેની દુશ્મની હમેશાં માટે દિલ પર અસર કરે છે. પ્રથમ તો તે જુગારના માર્ગેથી બદલો લેવાની તલાશમાં હોય છે, જયારે તેમાં વધારે ઘવાય છે તો તે બીજો માર્ગ અપનાવે છે, બદલાની આગ, વેળની ભાવના અને નફરત –દુશ્મનીમાં ભરેલ પગલું તેને પોતે પણ સદા માટે કેદી બનાવી દે છે.

### સટ્ટો ઝિક અને નમાઝ માટે અવરોધક છે

આયતે કરીમામાં ચોથી ખરાબી એ બયાન કરવામાં આવી છે કે જુગારી માણસ નમાઝ અને રોઝાથી પણ બેપરવા હોય છે, તેની પાસે સમય જ કયાં

છે કે તે નેક આમાલ તરફ ધ્યાન આપે, ઝિક્ર અને નમાઝથી દૂરી, રમત ગમત અને મનોરંજનના ખમીરનો ભાગ છે, રમત ગમત જુગારથી ખાલી હોય તે છતાં તે ફરજોની અદાયગીમાં અવરોધક બને છે, તો પછી જુગારની તો વાત જ શી છે ? સટ્ટાબાજનું દિલ સટ્ટામાં એટલુ બધુ ડૂબી જાય છે કે તેને પોતાની ખૂદની જવાબદારીઓની પણ ખબર કે પરવા નથી હોતી, તો પછી દીની ફરીજાઓની તો વાત જ શું ? આ જ કારણે હઝરત અલી (રદિ.) એ શતરંજ (ચેસ) રમનારાઓને જોઈને ફરમાવ્યુંઃ "આ કેવી મૂર્તિઓ છે ? જેને ઘેરીને તમે બેઠા છો ? આ ફરમાનની પાછળ તલ્લીનતાની કેફીયત છુપાયેલી છે.

***જુગારમાં જીતેલી રકમને પરત કરવી વાજિબ છે***

ઉપરોકત વર્ણન કરેલ ખરાબીઓ તો જુગારનું સામાન્ય પરિણામ છે, જુગારીઓ અને સટ્ટાબાજોની બરબાદી નિશ્ચિત છે, કદાચ જીતે તો પણ તે રકમ કોઈના કોઈ બહાને બરબાદ થઈ જ જતી હોય છે, આનાથી મુરાદ એ છે કે જુગારમાં જીતેલી રકમ પોતાની નથી હોતી, શરીઅતની દ્રષ્ટિએ તે રકમ કાયદેસરથી હારનારની માલિકી માનવામાં આવે છે, અહીં સુધી કે જીતનાર માટે તેનો ઉપયોગ હરામ છે અને તેને મુળ માલિકને પરત કરવી વાજિબ છે.

***જુગાર રમવું ભૂંડના માંસ અને લોહીમાં હાથને ડૂબાડવા સમાન***

એક હદીસમાં છે કે જે માણસ જુગાર રમ્યો, તેણે જાણે પોતાના હાથ ભૂંડના ગોશ્ત અને લોહીમાં નાંખ્યા, આ હદીસમાં જુગારની બુરાઈ તરફ ઈશારો કરવામાં આવ્યો છે, આવી ખતરનાક તાબીર સાંભળ્યા પછી પણ આ કામથી ન બચવામાં આવે તો એહસાસ મૃત થવાની નિશાની છે. આ હદીસમાં એક વાત તો આ પણ છે કે જુગારી જયારે જુગાર રમે છે તો તે પોતાની ઝુબાન અને અમલ વડે ભૂંડના ગોશ્તનું હલાલ હોવાનું એલાન કરે છે.

***જુગાર બાબતે અમુક હદીસો***

(૧) અબ્દુલ્લાહ બિન ઉમર (રદિ.)ની રિવાયત છે કે નબી (સલ.) નું ફરમાન છે કે બેશક અલ્લાહ તઆલાએ શરાબ અને જુગારને હરામ ફેરવ્યું છે. (મુસ્નદે અહમદઃ ૨૭૮૫૮)

(૨) હઝરત અ. રહમાન પોતાના પિતાથી નકલ કરે છે કે મેં નબી (સલ.) થી સાંભળ્યું છે કે જે માણસ જુગાર રમે અને પછી નમાઝ પઢે તે એવા માણસ

જેવો છે જે પીપ (પરું) અને ભૂંડના લોહીથી વુઝૂ કરીને નમાઝ પઢે. (મુસ્નદે અહમદ : ૨૨૫૩૪)

(૩) હઝરત અબૂ હુરયરહ (રદિ.) થી રિવાયત છે કે નબીએ કરીમ (સલ.) નું ફરમાન છેઃ મા–બાપનો નાફરમાન અને જુગારી જન્નતમાં નહીં જાય. (મુસ્લિમ : ૧૬૪૭)

(૪) હઝરત અબૂ હુરયરહ (રદિ.) થી રિવાયત છે કે નબીએ કરીમ (સલ.) નું ફરમાન છે : જે પોતાની સાથે જુગાર રમવાની વાત કરે, તેને સદકો કરવો જોઈએ. ( મુસ્લિમ : ૧૬૪૭)

(૫) હઝરત બુરૈદા (રદિ.) થી રિવાયત છે કે નબીએ કરીમ (સલ.) એ ફરમાવ્યું : જુગારી પોતાના હાથને ભૂંડના ગોશ્ત અને લોહીવાળા કરે છે. (મુસ્લિમ : ૨૨૬૦)

***જુગારમાં પ્રતિષ્ઠા દાવ પર***

સટ્ટામાં માલની બરબાદી સિવાય પ્રતિષ્ઠા અને ઈજ્જત હારવી સટ્ટાબાજોની પુરાની રિવાયત છે, પુસ્તકોમાં વાંચતા હતા તો નવાઈ લાગતી હતી, પરંતુ આજે પણ આ પ્રકારની ખબરો વર્તમાન પત્રોની ઝીનત બનતી રહે છે, ગત વર્ષે પણ દેશની પ્રખ્યાત ક્રિકેટ લીગની મેચમાં આવી શરતના સમાચાર પ્રકાશિત થયા હતા.

***જુગારના પ્રકાર***

સટ્ટાની સૌથી પ્રચલિત શકલ તાશ છે, તાશ એટલે જુગાર અને સટ્ટો, તેનું કારણ છે કે દરેક યુગમાં સટ્ટા બજારમાં આ જ રમતોનો રિવાજ અને વર્ચસ્વ રહયું છે. ખાનદાનો અને સમાજની બરબાદીની દાસ્તાનો તેની આસપાસ બની છે, જો કે આ સિવાય પણ અનેક સુરતો પ્રચલિત છે, પતંગબાજી, કેરમ, ચેસ, લોટરી, વિડિયો ગેમ વગેરે સુરતો છે.

પરંતુ આપણો જમાનો રમત ગમતનો જમાનો છે, આયતે કરીમા : ઈન્નમલ હયાતુદ્દ દુન્યા લઈબુવ વ લહવ" ની ભરપૂર તાબીર આજે સામે આવી છે, રમતે આખી દુનિયાને પોતાના સકંજામાં લઈ લીધા છે, વિવિધ વિસ્તારોમાં જુદી જુદી રમતો રમાય છે, મોટી રમતોમાં ક્રિકેટ, ફુટબોલ અને બોકસિંગ વગેરે અગ્રેસર છે, આ બધી રમતોની જાન અને આત્મા જુગાર અને

સટ્ટો છે, આપણે ત્યાં ક્રિકેટનો દોર છે. માટે ક્રિકેટના મહત્વના મુકાબલામાં સટ્ટાબજાર ગરમ હોય છે.

## જુગારની ખરાબીઓ પર એક નજર

જુગાર એક એવી ધાર્મિક અને સામાજિક ખરાબી છે, જે દીન અને દુન્યા બંનેને ઉધઈની માફક ખાય જાય છે, જયારે આ ઉધઈ પોતાનું વર્તુળ વિશાળ કરી લે છે તો સમાજ માટે ગંભીર રૂપ ધારણ કરી લે છે, બરબાદીની આ કહાની સામાન્ય રીતે મનોરંજનથી શરૂ થાય છે, શરૂઆતમાં માણસ લાપરવાહીમાં રહે છે, પરંતુ તેમાં ખાસ શયતાની દખલ છે, જેવું કે કુર્આનની આયતમાં તેની સ્પષ્ટતા છે, માટે જલ્દી આ લત બની જાય છે, માણસ હારે છે તો જીતવાની આશાએ રમતો જ રહે છે અને જીતે છે તો વધારે માલની લાલચે તે આગળ વધતો જ રહે છે, મલતબ કે બંનેનું એક જ પરિણામ આવે છે અને તે છે સંપૂર્ણ હાર, આદત, લત અને ખોટી આસ, ત્યાર પછી પણ બેસવા દેતી નથી, ત્યાર પછી વ્યાજુ લોન લેવાનો વાળો આવે છે અથવા ચોરી અને લૂટફાટનો માર્ગ મોકળો થાય છે, આ સિવાય જુઠ, દગાખોરી જેવા અનેક રસ્તાઓ તેને દેખાય છે, તેની અંતિમ મંઝિલ મૃત્યુ અથવા જેલ બને છે. તબાહીનો આ સફર રમત ગમત અને મનોરંજનથી શરૂ થઈ દુનિયા અને આખિરતની નિષ્ફળતાઓ પર ખતમ થાય છે. સટ્ટાનો સૌપ્રથમ હુમલો માલ પર થાય છે, અને માલ જવાથી અને દેવેદાર બની જવાથી માણસ ટેન્શનમાં આવી જાય છે અને આ ટેન્શન અનેક બિમારીઓનું કારણ બને છે. ગંદકીમાં નજાતની વધુ શોધ ઈજ્જત અને પ્રતિષ્ઠાની લીલામનું કારણ બને છે, અંતે આ પરિણામ એક દિવાલ સમાન બની જાય છે જેનું વર્ણન ઉપર થયું.

આ ઈબ્રતનાક પરિણામથી બચવા માટે જુગારની લાનતથી સમાજને પવિત્ર કરવામાં આવે, સટ્ટાની દરેક સૂરત પર ઊંડી નજર રાખવામાં આવે, જાતે સાવચેત રહે અને બીજાઓને અટકાવે, જો તમારી આસપાસ આ ગંદકી જુઓ તો તત્કાલ ધોરણે તેના વિરુદ્ધ પગલાં લો. અલ્લાહ તઆલા આપણ સૌને હલાલ રોજી આપે, હરામખોરીથી બચાવે અને કામિયાબી અને સફળતાની ભાવના અર્પણ કરે અને પવિત્ર સમાજના ઘડતરમાં પોતાનો હિસ્સો શામિલ કરવાની તૌફીક આપે. (આમીન)

---

# એક સાચા કુંઆન પ્રેમીની વસમી વિદાય

## જામિઅહ ડાભેલના સદર કારી હઝ. મવ. કારી અહમદુલ્લાહ રહ.

=મવ. અનવર પારખેતી.

જ્યાં જ્યાં મિલન છે, ત્યાં ત્યાં જુદાઈ છે.
તોય વસમી લાગે આ વિદાઈ,પળમાં ભેળાં તો પળમાં જુદાઈ.

પ્રકૃતિનો નિયમ છે, સૂર્ય ઉગે છે તો આથમે પણ છે, ફૂલ ઉગે છે તો કરમાય પણ છે, પાનખર પછી વસંત અને વસંત પછી ફરી પાનખર એ કુદરતનો નિયમ છે. એ જ રીતે જીવન પછી મૌત અને મૌત પછી અસીમ યાદો, અને આખિરતની હરહંમેશની જીંદગી, એ પણ કુદરતી નિયમ હેઠળ જ છે. કુર્આન મજીદમાં આ હકીકતનું :

كل نفس ذائقة الموت وإنما توفون اجوركم يوم القيامة

ના સુંદર અંદાઝમાં વર્ણન કરવામાં આવ્યું છે.

પણ જીવનમાં લાગેલા અમુક ઘા જેમ વર્ષોના વહાણા વાયા છતાં પણ રૂઝાતા નથી, એવો જ એક ઘા તા : ૧૦/૨/૨૦૨૪, શનિવારના રોજ સવારે ૯ વાગ્યે ભારતની પ્રસિધ્ધ અને મશ્હૂર દીની દર્સગાહ જામિઆ ઈસ્લામીયા તાલીમુદ્દીન, ડાભેલને હઝરત મૌલાના કારી અહમદુલ્લાહ સાહબ ભાગલપુરી રહ. ના ઈન્તિકાલે પુરમલાલ થી લાગ્યો.

આપકી યાદ આતી રહી રાતભર
ચાંદની દિલ દુખાતી રહી રાતભર
જ્યાં જ્યાં નઝર મ્હારી ઠરે, યાદ ભરી ત્યાં આપની
આંસુ મંહી એ આંખથી યાદ ઝરે છે આપની

આપ રહ. ફક્ત કારી અને ઉસ્તાદ જ નહીં, તજવીદના ધરબાઈ ચૂકેલા ફન (વિષય) માં નવા પ્રાણ પૂરી નવસર્જન કરનાર મહાન શિલ્પી હતા. એટલા માટે જ આપ ડાભેલમાં ઉસ્તાઝુલ કુર્રાના ઉચ્ચપદે બિરાજમાન હતા. ખરેખર આ એક એવો ઘા છે જે વર્ષોના વહાણા વાયા પછી પણ રૂઝાવો અસંભવ નહીં, તો મુશ્કેલ જરૂર લાગે છે. કેમ કે હઝરત કારી સાહેબના ડાભેલ, ગુજરાતમાં આગમન સમયે તજવીદની દયનીય હાલત અને કારી સાહેબની ચિર વિદાય સમયે તજવીદ અને કિરાઅતની પ્રસિધ્ધી અને

જહોજલાલીના તાર જોડવામાં આવે તો ખરો અંદાઝ આવે છે કે કારી સાહેબે અડધી સદી એટલે કે સતત બાવન વર્ષ સુધી કેટકેટલી મુશ્કેલીઓ અને પડકારોનો મુકાબલો કરી, એક જ જગ્યાએ ટકી રહી, તનતોડ મહેનત અને ઈખલાસ દ્વારા તજવીદને એવા શિખરે પહોંચાડી દીધી કે જ્યાંથી એના કિરણો અત્યારે સમગ્ર જગતમાં રેલાય રહ્યા છે.

હઝરત કારી અહમદુલ્લ્હ સાહેબના જામિઅહ ડાભેલમાં આગમન સમયનું વર્ણન કરતાં ડાભેલના ઉસ્તાદ મુફ્તી મુઆઝ સાહબ લખે છે કે સંજોગોવસાત ડાભેલના તે સમયના મોહતમીમ હઝરત મૌલાના સઈદ બુઝુર્ગ સાહેબને એક માહીર અને નિષ્ણાંત કારી સાહેબની તાત્કાલિક જરૂર પડતાં હીરાપારખુ મોહતમીમ સાહેબે ભારતના ખૂણા ખૂંદવાનું શરૂ કર્યુ. અંતે શાહીમુરાદાબાદ, યુપી ના કારી કામિલ સાહેબનું પગેરૂં મળી ગયું. મોહતમીમ સાહેબે કારી કામિલ સાહેબને ડાભેલમાં ખિદમત આપવા નિમંત્રણ પાઠવ્યું, પણ કારી સાહેબે જવાબ મોકલ્યો કે અત્યારે હું જીવનના છેલ્લા પડાવ પર છું, આ ઉમરે દૂરના સફરની હિમ્મત નથી, પણ મારો એક નવયુવાન શાગિર્દ છે એને લઈ જાવ. અને જવાબી લેટરમાં કારી સાહેબે એ શાગિર્દનાં અમુક સદગુણોનું પણ વર્ણન કર્યું, એટલે મોહતમીમ સાહેબે તુરંત એ જ લેટરમાં અમુક લાઈનો લખી તે સમયે શાહી મુરાદાબાદમાં હદીષ શરીફનો દર્સ આપી રહેલ મૌલાના અરશદ મદની સાહબ દા. બ. ને એ પત્ર રવાના કરી આપ્યો.

એ નવયુવાન તળવળતો શાગિર્દ એટલે કે કારી અહમદુલ્લાહ સાહેબ ભાગલપુરી. એટલે એ બન્નેવ ઉસ્તાદોએ કારી અહમદુલ્લાહ સાહેબને જે હજુ આલિમીય્યતના છેલ્લા વર્ષમાં પઢી રહ્યા હતા, બોલાવીને આગળના પ્લાન વિશે પૂછયું, જવાબ આપ્યો કે વધુ તાલીમ માટે દેવબંદ જવું છે. સવાલ થયો કે પઢાવવા અને ખિદમત વિશે શું વિચાર્યું છે? જવાબમાં બિહારમાં પોતાના વતન કિરણપુર નજીકના કોઈ મદ્રસાનું નામ લીધું. હુકમ થયો કે ડાભેલ, ગુજરાત જવાનું છે. અરજ કરી કે ઘણો દૂરનો સફર છે. બીજો હુકમ થયો કે નજીક હોય કે દૂર, સફર અને અંતર તો છે જ. બસ આજ્ઞાકિત શાગિર્દનું માથું ઉસ્તાદના હુકમ સામે ઝૂકી ગયું.

વાસ્તવમાં આજ્ઞાપાલનને ઝૂકેલા શિરને હંમેશ માટે શિખરો થી પણ ઊંચું

કરી ઈઝ્ઝત,આદર, સન્માન અને સત્કાર ને કારી સાહેબ સામે નતમસ્તક બનાવી દીધા.

હઝરત કારી સાહેબે જ્યારે ડાભેલ, ગુજરાતમાં કદમ રાખ્યો તે સમયે સામાન્ય અને સીધાસાદા માણસો તો શું, ઘણાખરા જાણકાર અને પઢેલા કહેવાતા લોકો પણ તજવીદ અને કિરાઅતથી એક અંતર રાખી રહ્યા હતા, જેના કારણે મોટામોટા મદ્રસાઓમાં પણ કિરાઅતના મતભેદો (જે સબઆ અશરાથી ઓળખાય છે, અને હુઝુરથી એનું પઢવું, પઢાવવું જાઈઝ અને સાબિત છે) થી લોકો અજાણ હતા. તે સમયનો બનાવ ખુદ હઝરત કારી સાહેબ વર્ણવે છે કે એક વાર તડકેશ્વરના એક જલસામાં ખૂબ આગ્રહ સાથે મારા પાસે કિરાઅત પઢાવવામાં આવી, મેં અલગ અલગ રિવાયત (શૈલી)માં તિલાવત કરી. એ જ જલસા વિશે એકવાર કારી સીદીક સાંસરોદી સાહેબે હઝરત કારી સાહેબને હસતાં હસતાં કહ્યું કે આપની કિરાઅત સાંભળી અમે તલબા તો અંદરોઅંદર ગુસપુસ ચર્ચા કરવા લાગ્યા હતા કે આ કારી સાહેબ તો કેટલુ ખોટું ખોટું પઢી રહ્યા છે?

હકીકતમાં ૧૯૭૫ ના સમયમાં ગુજરાતમાં તજવીદ માટે બે જ ઈદારા હતા, ડાભેલ અને તડકેશ્વર. અને તડકેશ્વર પણ તે સમયે આટલું પ્રસિધ્ધ ન હતું, કારણ કે તડકેશ્વરમાં તજવીદની રૂહ ફૂંકી તજવીદ અને કિરાઅતને ધબકતી તથા જીવંત કરનાર કારી અનીસ સાહેબ ફૈઝાબાદીનું હજુ આગમન થયું ન હતું.

ખેર૧ ૧૯૭૪/૭૫ નું વર્ષ, અને તે સમયના વલસાડ જિલ્લાનું નાનું અમથું ગામ ડાભેલ. અવર જવર માટે દિવસ ભરમાં ચક્કર મારતી ફક્ત બે – ત્રણ બસો. જામિઆમાં નવું તાલીમી વર્ષ શરૂ થતાં નવા દાખલાઓની કામગીરી ચાલી રહી છે, એવા સમયે ૨..૩ દિવસ ટ્રેનની મુસાફરી કરી, સુરતથી બસમાં બેસી એક યોગ્ય કદકાઠીનો જુવાનીયો જરૂરી સામાન પોતે ઉઠાવી જામિઆ ડાભેલમાં દાખલ થાય છે, મોહતમીમ સાહેબના હુકમથી કાસિમ નામના ખાદિમે ગુસલ માટેનો જરૂરી સામાન આપ્યો, અને જરૂરતથી ફારિગ થઈ એ નવજુવાન એટલે કારી અહમદુલ્લાહ સાહેબ, હઝરત મોહતમીમ સાહેબ સામે હાજર થઈ જાય છે. જ્યાં એમને ઓળખનાર ફક્ત

એક જ વ્યક્તિ, એટલે કે મોહતમીમ સાહેબ.અને એ જેમનું નામ જાણે એ પણ એક જ માણસ, એટલે મોહતમીમ મૌલાના સઈદ બુઝુર્ગ સાહેબ. પ્રાથમિક વાતચીત પછી શરૂ થયું ડાભેલ, ગુજરાતના મદ્રસામાં તજવીદના વધી ગયેલા વાળોને સરખા કરી સારો શેપ આપવાનું કામકાજ...ઝબાન પર થીજી ગયેલા પડોને મશ્ક અને પ્રેક્ટિસના મિસ્વાકથી સાફ કરવાનું કામકાજ .... ઝાંખા પડી ગયેલા હીરાઓને ઘસી ચમકાવવાનનું જટિલ કામકાજ આ હીરાઘસુએ શરૂ કર્યું. અને રાત દિવસ, ઠંડી ગરમીની પરવા કર્યા વગર સતત કામ કર્યે જ રાખ્યું. અહીયાં સુધી કે પ્રથમ વર્ષે જ મદ્રસાના ફરજિયાત સમય સિવાય પોતાના અંગત સમયમાં અસર પછી સબઆ અશરાની તાલીમ શરૂ કરી. અને ટૂંક સમસયમાં જ ચકમકતા અને ઝગમગતા થોડાક હીરાઓ હઝરત મોહતમીમ સાહેબના હાથમાં મૂકી દીધા. પછી તો પૂછવું જ શું? ચોથા વર્ષે ઓફિસ તરફથી સંપૂર્ણ વ્યવસ્થા સાથે સબઆ, અશરા કિરાઅતની તાલીમની મંઝૂરી મળી ગઈ, છતાં અસર પછી તાલીમનો સિલસિલો છેવટ સુધી ચાલુ રહ્યો, અને સતત અડધી સદી સુધી તજવીદનો આ ધોધ કેટલાય તલબાને ભીંજવતો રહ્યો,અને ભીંજાયેલા આ હઝારો શાગિર્દો, અને એમના પણ શાગિર્દો દ્વારા દેશ વિદેશની કેટલીયે મસ્જીદો, મકતબો, મદ્રસાઓ અને મોટા મોટા દારૂલ ઉલૂમો અત્યારે પણ ભીંજાય રહ્યા છે.

કારી સાહેબના ડાભેલમાં પગ મૂકતા પહેલાં તજવીદની મશ્કનો ન કોઈ નિઝામ હતો, ન વ્યવાસ્થા. કારી સાહેબે સૌપ્રથમ રાત્રે ઈશાની પઢાઈ બાદ એક તરફ મશ્કમાં બેસવું ફરજિયાત કર્યું, સાથે તજવીદના ઉસ્તાદોની દેખરેખ અને વોચ પણ ગોઠવી, તો બીજી તરફ તલબામાં શોખ અને ઉત્સાહ વધારવા નાનાપાયે મુસાબકા અને હરિફાઈનું આયોજન શરૂ કર્યું. ડાભેલના વાર્ષિક મુસાબકાનું ઘટાદાર વુક્ષ જે અત્યારે આપણે જોઈ રહ્યાં છે ને, એનાં મૂળની ઊંડાઈ છેક પચાસ વર્ષ જૂની છે. જેના વાવેતર તથા વિકાસમાં મર્હુમ કારી સાહેબના ઈખલાસ, લિલ્લાહીયત, મેહનત,લગન, ખંત અને ધગશના ખાતર પાણીએ ખૂબ મહત્વનો ભાગ ભજવ્યો છે.

એ જ રીતે તાલીમમાં વધુ મઝબૂતી લાવવા સબઆ પઢવા ઈચ્છુક તલબા માટે હદર (સહીહ તિલાવતનો એક પ્રકાર) સંભળાવવું પણ ફરજિયાત કરી

દીધું, જેને લઈ તલબા શરૂઆતથી જ ખૂબ મહેનત કરવા લાગ્યા, અને જામિઅહમાં તજવીદનો માહોલ અને વાતાવરણ ખૂબ ઝડપી રીતે પ્રસરવા લાગ્યું. સાથે કિરાઅતમાં દાખલો લેવા માટે અરબી દરજાની કિતાબોના રિઝલ્ટ પણ મંગાવવાનું શરૂ કર્યું, જેથી સારી લાયકાત વાળા, સારૂં અરબી જાણવા, સમજવાવાળા તલબા તજવીદના પાયાની કિતાબો યોગ્ય રીતે સમજી, સમજાવી પઢાવી શકે. અને કિરાઅતના ફન (વિષય) નો વધારેમાં વધારે પ્રચાર પ્રસાર થઈ શકે.

કારી સાહેબ અરબી કિતાબો સમજવા સમજાવવામાં પોતે પણ ઘણા નિપુણ હતા. કોઈવાર મુશ્કેલ મસઅલાનો નિકાલ લાવી ફરમાવતા, કોણ કહે છે કે તજવીદ પઢાવનારા અરબીમાં નિપુણ નથી હોતા? અસલ લાયકાતની જરૂરત તો તજવીદમાં પડતી હોય છે. અહિંયા બુદ્ધુઓનુ કામ નથી. પછી ફરમાવતા કે મારા મંતવ્ય પ્રમાણે દરેક મુફતીનું કારી હોવું પણ જરૂરી છે, જેથી કિરાઅતના મસાઈલની બારીકીઓ સમજી શકે. કોઈકવાર ઉત્સાહમાં ફરમાવતા કે તમે બધા મગફળી વાળા છો, હું અસલી ઘી વાળો છું. અત્યારે પણ જો તમાચો મારીશ તો ત્રણ વાર ગુલાંટી ખાશે, અને ત્રણ વાર ઊભો થશે.

હઝરત કારી સાહેબે એક ડગલું વધુ આગળ વધી મુકમ્મલ પરદા અને શરઈ મસાઈલની હદમાં રહી ઔરતોમાં પણ તજવીદ પઢાવવાનું શરૂ કર્યું. એના માટે પણ બપોરે આરામના અંગત સમયની કુરબાની આપી દીધી.

આખું જામિઆ ડાભેલ બપોરે જ્યારે ખાવા અને આરામની તૈયારી કરી રહ્યું હોય, ત્યારે હઝરત કારી સાહેબ પોતાના ખાદિમ સાથે ડાભેલ ગામમાં મસ્તુરાતને પઢાવવા જતા, અને ઝોહર પહેલા પહેલા પાછા તશરીફ લઈ આવતા. આ મહેનત અને ફિકર રંગ લાવી કે અત્યાર સુધી ઔરતોની એક મોટી સંખ્યા તજવીદ અને સબઆ કિરાઅત કોર્સ પૂરો કરી પોતપોતાના ઈલાકામાં કામિયાબ ખિદમત આપી રહી છે.

આ બધી ખિદમત માટે સૌથી જરૂરી વસ્તુ સમયની કુરબાની છે, અને હઝરત કારી સાહેબે રાત દિવસ જોયા વગર કુઆન અને તજવીદ માટે સમયની કુરબાની આપ્યે જ રાખી. ફઝરની નમાઝ પહેલાં પણ વર્ષો સુધી પઢાવ્યું, ફઝર બાદ તફરીહ (તંદુરસ્તી માટે ચાલવાના નિત્યક્રમ)માં પણ

કુર્આન સાંભળ્યું, દરરોજ ક્લાસમાં આવતાં અને ક્લાસથી ઘર સુધી પહોંચવા સુધીના ફક્ત પાંચ મિનિટના સમયને પણ કિંમતી બનાવ્યો, અને એ સમયમાં પણ કુર્આન સાંભળ્યું. અહિંયા સુધી કે બિહાર વતન આવતા જતાં ટ્રેનમાં પણ નમાઝોની પાબંદી સાથે તજવીદ, કિરાઅત, તાલીમની વાતચીત સાથે કુઆન સાંભળ્યું.

ચાલતા ફરતા કઆન સાંભળવાની આદત એટલી મશહૂર હતી કે એકવાર મર્હુમ મૌલાના યુસુફ સાહબ કાવી રહ. ના બે પુત્રો ઘરમાં ફરી રમી રહ્યા હતા, મોટા પુત્રએ ખભે રૂમાલ નાંખ્યો હતો, અને નાનો પુત્ર પાછળ ચાલતાં ચાલતાં કંઈક પઢી રહ્યો હતો. ખાલા અમ્માએ મૌલાના યુસુફ સાહબને પૂછ્યું કે આ લોકો શું કરી રહ્યા છે? તો મૌલાનાએ જવાબમાં કહ્યું કે મોટા કારી સાહેબ કારી અહમદુલ્લાહ સાહેબની નકલ કરી રહ્યા છે.

એવી જ રીતે પોતાની ખિદમતના વર્તુળને વધુ મોટું બનાવતા વર્ષો સુધી જામિઆની મસ્જીદમાં નમાઝ પઢાવી, પછી તલબાને પણ પોતાની સખત નિગરાનીમાં નમાઝ પઢાવવા પાબંદ કર્યા, સાથે જુમ્આનો ખુત્બો પણ અંગત સમયમાં સાંભળી, તૈયારી કરાવી જામિઆની મસ્જીદમાં આપવા પાબંદ કર્યા. તૈયારી હોવા છતાં પણ તલબાને કારી સાહેબના ફૈઝદાયી તમાચાનો ડર તો સતત સતાવતો જ રહેતો.

તમાચાની વાત પરથી યાદ આવ્યું કે એકવાર કોઈ તાલિબે ઈલ્મને અચાનક સબઆ કિરાઅત રિવાયત કરનાર ઈમામો અને એમના રાવીઓ (જે કુલ ૨૧ કારીઓ છે, જેમના નામ મોઢે કર્યા વગર કિરાઅત પઢવી, સમજવી અશકય છે) ના નામ મોઢે સંભળાવવા કહ્યું, અચાનક પૂછતાં ગભરાહટમાં તાલિબે ઈલ્મ બરાબર ન સંભળાવી શકયો એટલે ફૈઝદાયી તમાચાનો હદીયો આપી કહ્યું તમે તમારા માં બાપના નામ ભૂલી જશો તો ચાલી જશે, પણ આ ઈમામો તથા રાવીઓના નામ તો હરહંમેશ યાદ હોવા જ જોઈએ. આમ અલગ અલગ રીતે અજમાવી, ટકોરી, ખખડાવી, વગાડી તલબાની ખૂબ તરબિયત કરતા રહ્યા.

સાથે તજવીદની પાયાની કિતાબોમાં અકાબિર ઉલમાએ કિરામે લખેલી ગૂઢ અનેક મુશ્કેલ વાતોને ઊકેલી સરળ ઊર્દૂ ભાષામાં વર્ણવવા ૩૯ થી ૪૦

કિતાબો લખી, જેમાં તજવીદના સાથે અરબી ગ્રામર, દરજએ હિફ્ઝ ના તલબા માટે તજવીદની પ્રાઈમરી કિતાબોનો પણ સમાવેશ થાય છે. ઘણી કિતાબો છપાઇ ચૂકી છે, અમુક કિતાબો રહી ગઇ છે, ઉમ્મીદ છે કે હઝરતના ખાદિમો અને ચાહકો ધ્યાન આપી વહેલામાં વહેલી તકે એ કિતાબો છપાવવાનો જરૂર બંદોબસ્ત કરશે.

હઝરત કારી સાહેબના જીવન વિશે વાત થાય અને ઈમ્તિહાનની વાત કર્યા વગર આગળ કેમ વધી જવાય? દાખલા ઈમ્તિહાન હોય કે છ માસિક અથવા વાર્ષિક, ડર અને ગભરાહટમાં ઝાઝો ફરક ના પડે...એકવાર ઈમ્તિહાનમાં તરતીલ સાંભળતા લગભગ મિશ્કાત શરીફના એક તાલિબે ઇલ્મ પર ખૂબ નારાઝ થઈ કહ્યું : નાલાયક અરબી ચહારૂમથી અત્યાર સુધી એક જ રૂકુઅ સંભળાવ્યે જાય છે. બિચારો તાલિબે ઇલ્મ એવો ગભરાયો કે વર્ણન ન થાય. સાથે નરમ દિલ અને લાગણીશીલ પણ એટલા જ... ઈન્તિકાલ પહેલાં હોસ્પિટલમાં જામિઅહના ઉસ્તાદોએ કહ્યું કે વાર્ષિક લેખિત પરીક્ષા શરૂ થઇ ગઇ છે, તરત જ તલબાના હકમાં દુઆઓ કરવાનું શરૂ કરી દીધું. હઝરતની ૮૦ વરસની ઉમરમાં બાવન વર્ષની અવિરત લિલ્લાહ સેવાઓ સામે આ લેખના પના ઘણા ટૂંકા પડે છે. બસ એટલું કહેવુ રહ્યું કે , આલમ મેં તુજ સે લાખ સહી, તુ મગર કહાં.....

ખરેખર હઝરતની વફાત સમગ્ર જામિઆ પરિવાર અને કુંઆનના દરેક આશિક માટે ખૂબ જ દુઃખદાયી પીડા છે. અને જામિઆની મસ્નદે કિરાઅત માટે ન ભરાય એવી ખોટ છે.

સાવ ઓચિંતુ કોઇ સભા છોડી ચાલ્યું ગયું
કોઈ ના પૂરી શકે એવી જગા ખાલી પડી

અલ્લાહ તઆલા હઝરત કારી સાહેબની ખિદમતો સેવાઓ કબૂલ ફરમાવી બેહતરીન બદલો અતા ફરમાવે. આમીન.

# ઝકાતનો હુકમ

ઈસ્લામના બુનિયાદી ફરજોમાં ઝકાત કાઢવી મહત્વનો ફરજ અને અદા ન કરવી મોટો ગુનોહ છે. અલ્લાહ તઆલા ફરમાવે છે :

હે ઈમાનવાળાઓ ! અમે તમને જે વસ્તુઓ આપી છે, તેમાંથી તે દિવસ (એટલે કિયામત)ના આવતા પહેલાં ખર્ચ કરો કે જેમાં ....(નેકીઓની) લેવડ દેવડ કે દોસ્તી (નો ફાયદો) નથી તેમજ (અલ્લાહના હુકમ સિવાય કોઈની ભલામણ કંઈ જ (કામ આવનાર) નથી; અને કાફિરો પોતે જ ઝુલ્મી છે.

*(સૂરએ બકરહ : ૨૫૪)*

આ એક હકીકત છે કે તૌહીદ અને રિસાલતની ગવાહી અને નમાઝની પાબંદી પછી ઈસ્લામનો ત્રીજો રૂકન (મુખ્ય ફરજ) ઝકાત છે. કુર્આન શરીફમાં ૭૦ કરતાં વધારે જગ્યાઓ પર નમાઝની પાબંદી અને અને ઝકાનની અદાયગી એકી સાથે વર્ણન થઈ છે. જેનાથી ખબર પડે છે કે ઈસ્લામમાં બંનેનું સ્થાન સરખુ છે, એટલા માટે અલ્લાહના રસૂલ (સલ.)ની વફાત પછી અમુક વિસ્તારોના એવા લોકો જે જાહેરમાં ઈસ્લામ અંગીકાર કરી ચુકયા હતા અને તોહીદ(અલ્લાહને એક માનવું) અને રિસાલત (હઝરત મુહંમદ સલ.)ને અલ્લાહના રસૂલ અને નબી માનવા)ને માનતા હતા, અને નમાઝ પઢતા હતા પરંતુ તેમણે ઝકાત આપવાનો ઈન્કાર કર્યો તો હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિ.)એ તેમના વિરુદ્ધ જિહાદનો ફેસલો એટલા માટે કર્યો હતો કે આ લોકો નમાઝ અને ઝકાતના હુકમમાં તફાવત કરતા હતા, જે ઈસ્લામ ધર્મમાં ફેરફાર અને બગાવત–બળવો છે, બુખારી અને મુસ્લિમની મશહૂર રિવાયત છે કે હઝરત ઉમર (રદિ.)ને તેમણે જવાબ આપ્યો : અલ્લાહની કસમ !નમાઝ અને ઝકાત દરમિયાન જે લોકો તફાવત કરશે તેમની સાથે હું જરૂર જિહાદ કરીશ.

ત્યાર પછી તમામ સહાબા (રદિ.)એ આપ (રદિ.)ના આ મતને મંજૂર કર્યો અને તેમના વિરુદ્ધ જિહાદ છોડયો.

## ઝકાતની વાસ્તવિકતા

શરીઅતની પરિભાષામાં "ઝકાત" હકદાર મુસલમાનોને ઝકાતની નિય્યતથી ઝકાતના માલનો એ રીતે માલિક બનાવી દેવો કે ઝકાત આપનારનો

દરેક પ્રકારનો ફાયદો તે માલથી તદ્દન ખતમ થઈ જાય. માટે માલદારને, સય્યિદને અને પોતાના ઉસૂલ એટલે કે માતા–પિતા, દાદા–દાદી અને નાના–નાનીને અને પોતાના ફુરુઅ એટલે કે પુત્ર–પુત્રી, પૌત્ર–પૌત્રી અને નવાસા–નવાસીને એ રીતે પતિ પત્નીને ઝકાત આપી શકાતી નથી, એ જ રીતે જે રકમ ઝકાત અને ખૈરાતની નિય્યત વગર આપવામાં આવી હોય તે ઝકાતમાં ગણાશે નહીં અને તેનાથી ઝકાત અદા નહીં થાય.

***ઝકાતમાં નેકીના ત્રણ વિભાગ છે***

(૧) ઈબાદત (૨) ગરીબો સાથે હમદર્દી (૩) આત્મશુદ્ધિ

એક મુસલમાન જેવી રીતે નમાઝના કયામ, રકૂઅ અને સજદા મારફતે અલ્લાહની બરગાહમાં પોતાની બંદગી અને ખુશામતનું પ્રદર્શન શરીર – આત્મા અને જીભથી કરે છે જેથી અલ્લાહની ખુશામત અને રહમત અને તેની નિકટતા મળે એવી જ રીતે ઝકાત અદા કરી તે તેની બરગાહમાં પોતાની માલી કુરબાની એ હેતુસર રજૂ કરે છે, અને તે બાબતનો પુરાવો આપે છે કે તેની પાસે જે કંઈ છે તે પોતાનું નથી બલકે અલ્લાહ તઆલાનું છે અને અલ્લાહની પ્રસન્નતા અને નિકટતા મેળવવા માટે તેને ખુદાની રાહમાં કુરબાન કરે છે, આ રીતે ઝકાત એક બંદગી અને ઈબાદત છે.

ઝકાતમાં બીજું પાસું એ છે કે ઝકાત વડે અલ્લાહના જરૂરતમંદ અને પરેશાન બંદાઓની સેવા અને મદદ થાય છે, આ રીતે ઝકાત સંસ્કારિક રીતે ખૂબ જ મહત્વપૂર્ણ રસ્તો છે.

ત્રીજું પાસું એ છે કે માલ–દોલતની લાલચ અતિ ગંભીર બીમારી છે, ઝકાત તેનો ઈલાજ છે અને તેની ઝેરીલી અસરોથી નફસને પવિત્ર બનાવે છે. આ જ કારણે તેનું નામ ઝકાત રાખવામાં આવ્યું કેમકે ઝકાતનો મૂળ અર્થ પવિત્રતા છે.

ઝકાતની આ મહત્વતા અને ફાયદાના કારણે તેનો હુકમ આગલા પેગમ્બરોની શરીઅતોમાં પણ નમાઝની સાથે સમાન રહયો છે.

***ઝકાત અદા ન કરવાનો અઝાબ કુર્આનમાં***

અને અલ્લાહે પોતાની કૃપાથી આપેલી વસ્તુમાં જે લોકો કંજૂસાઈ કરે છે, તેઓ એમ ન સમજે કે કંજૂસાઈ તેઓના માટે સારી છે; બલકે આ તેમને માટે

બહુ જ ખરાબ છે; (કારણ કે) જે (માલ)માં તેમણે કંજૂસાઈ કરી હતી તેનો કિયામતના દિવસે તેમના ગળાઓમાં તોક પહેરાવાશે. (સૂરએ આલિઈમરાનઃ ૧૮૦)

### શરીઅતની દ્રષ્ટિએ કંજૂસાઈનો અર્થ

જે વસ્તુ અલ્લાહ તઆલાના રસ્તામાં ખર્ચ કરવી વાજિબ હોય તેને ખર્ચ ન કરવાને કંજૂસાઈ કહે છે, એટલા માટે કંજૂસાઈ હરામ છે અને તેના પર જહન્નમથી કડક વઈદ છે.

આ આયતની તફસીર હઝરત અબૂ હુરયરહ (રદિ.) ની આ હદીસથી થાય છે જેને ઈમામ બુખારી (રહ.)એ વર્ણન કરી છે કે,

અલ્લાહના રસૂલ (સલ.) નું ફરમાન છે : જે માણસને અલ્લાહે માલ આપ્યો હોય અને તેણે તે માલની ઝકાત અદા ન કરી તો કયામતના દિવસે તે માલ તે માણસ સામે એવા ઝેરીલા નાગનું રૂપ લઈને આવશે કે તેના ભયંકર ઝેરના લીધે તેના માથાના વાળ ખળી ગયેલ હશે, ત્યાર પછી તે બંને બાજુઓ પકડશે (અને કરડશે) અને કહેશે કે હું તારો માલ છું, હું તારો ખજાનો છું, " (બુખારી શરીફ)

આ હદીસમાં ઝકાત ન કાઢવાનો ગુનોહ અને તેની સજામાં એક ખાસ બાબત આ છે કે તે કંજૂસ માણસને જે માલની મુહબ્બતના કારણે પોતાની દોલત સાથે ચોંટી રહે છે અને ખર્ચ કરવાના મોકાઓ પર પણ ખર્ચ કરતો નથી, કહેનારાઓ કહે છે કે તે તેની દોલત અને તેના ખજાના પર સાંપ બની બેસી રહે છે, એટલા માટે બખીલ – કંજૂસ માણસ કયારેક કયારેક મોટા મોટા સપનાઓ પણ જુએ છે.

કુર્આનની આયત અને હદીસ બતાવી રહી છે કે દુનિયામાં જે માલની મુહબ્બત કંજૂસાઈનું કારણ બની હતી અને ઝકાતની અદાયગીથી રોકતી હતી, તે જ માલ કયામતના દિવસ મુહબ્બત કરનાર માટે બરબાદીનું કારણ બનશે.
અને જે લોકો (કંજૂસાઈથી) સોના અને ચાંદીનો ભંડાર એકઠો કરે છે, પણ તેને અલ્લાહના માર્ગમાં ખર્ચ કરતા નથી, તો (હે નબી સલ. !) આપ તેઓને (તે દિવસ ના) દુઃખદાયક અઝાબની ખુશખબરી સંભળાવી દો. જે દિવસે તે માલ પર જહન્નમની આગ તપાવવામાં આવશે. ફરી તેનાથી તેમની પેશાનીઓ તથા પડખાંઓ અને પીઠોને ડામવામાં આવશે, (અને કહેવામાં આવશે કે) આ

તે જ (ધન) છે, જેને તમે તમારા માટે સંગ્રહ કર્યું હતું, માટે હવે પોતાના સંગ્રહ કરવાની મજા ચાખો. (સૂરએ તૌબા : ૩૪)

ولا ینفقونها ના શબ્દથી એ તરફ ઈશારો છે કે જે લોકો જરૂરત મુજબ અલ્લાહના રસ્તામાં ખર્ચ કરે છે તો બાકી–બચેલ માલ તેના હકમાં નુકસાનકર્તા નથી, અબૂદાવૂદ શરીફમાં હદીસ છે કે અલ્લાહના રસૂલ (સલ.)એ ઈર્શાદ ફરમાવ્યો કે જે માલની ઝકાત અદા કરી દેવામાં આવે તે એ ખજાનામાં દાખલ નથી જેના પર સખત અઝાબ છે, આ હદીસથી સ્પષ્ટ થયું કે ઝકાત અદા કર્યા પછી જે માલ બાકી રહે તેને ભેગો કરવો કોઈ ગુનાહનું કામ નથી, તમામ ફુકહા અને ઈમામોનો આ જ મત છે.

આ આયતથી આ પણ માલૂમ થયું કે ઝકાત અદા ન કરનારને એ જ માલથી અઝાબ આપવામાં આવશે જેનાથી તે દુન્યામાં મુહબ્બત કરતો હતો અને આ આયતમાં દામ આપવા માટે પેશાનીઓ, કરવટો અને પીઠનું વર્ણન છે, આનો મતલબ આખુ શરીર છે અથવા તો ઉકત દર્શાવેલ ત્રણ અવયવો છે. આ ત્રણેવ અંગો દર્શાવવાનું કારણ એ છે કે કંજૂસ માણસ જે પોતાની સંપત્તિ અલ્લાહના રસ્તામાં ખર્ચ કરવા માંગતો નથી, જયારે કોઈ ભિક્ષુક – ભિખારી કે ઝકાત માંગનાર તેની સામે આવે છે તો તેને જોઈને સૌથી પહેલા તેની પેશાની પર કરચલીઓ પડે છે, ત્યાર પછી તેનાથી બચવા માટે આમતેમ વળી જાય છે અને આટલું કરતા પણ જો માંગનાર પીછો ન છોડે તો તેની તરફ પીઠ કરી દે છે એટલા માટે પેશાની, બાજુઓ અને પીઠને આ અઝાબ માટે ખાસ કરવામાં આવ્યા.

### ઝકાત અદા ન કરવી બાકી માલની તબાહીનું કારણ

હઝરત આઈશા (રદિ.)થી રિવાયત છે કે મેં અલ્લાહના રસૂલ (સલ.) થી સાંભળ્યું છે કે આપ (સલ.) નું ફરમાન છે : ઝકાતનો માલ બીજા માલ સાથે ભેગો થઈ જાય છે કે જરૂર તેને (પણ) બતાહ – બરબાદ કરી દેશે. (મુસ્નદે હુમૈદી)

ઈમામ હુમૈદી (રહ.) જે ઈમામ બુખારી (રહ.)ના ઉસ્તાદ છે તેમણે પોતાની કિતાબમાં આ રિવાયત નકલ કરી તેનો મતલબ લખ્યો છે કે જો કોઈ માણસ પર ઝકાત વાજિબ હોય અને તે માણસ તેની ઝકાત અદા ન કરે તો

બેબરકતીથી તેનો બધો માલ બરબાદ થઈ જશે.

ઈમામ અહમદ બિન હંબલ (રહ.) ફરમાવે છે કે આ હદીસનો મતલબ આ છે કે જો એક માલદાર વ્યકિત જે ઝકાતનો મુસ્તહિક નથી, ખોટી રીતે ઝકાત લઈ લે તો આ ઝકાત તેના બાકી માલમાં ભેગો થઈને તેને પણ બરબાદ કરી દે છે ખરેખર હદીસના શબ્દોમાં આ બંને વિગતની ગુંજાઈશ છે.

અલ્લાહ તઆલા તમામ મુસલમાનોને જે સાહિબે નિસાબ છે ઝકાત અદા કરવાની તૌફીક આપે અને ઝકાત અદા ન કરવાના ગુનાહ અને તેને ગંભીર અઝાબથી સુરક્ષિણ રાખે.

### ઝકાત કોના પર અને કયારે વાજિબ થાય છે ?

જે માણસ શરઈ નિસાબ જેટલા માલનો માલિક હોય અને આ માલ તેની મૂળ જરૂરિયાતથી વધારે હોય તેના પર ઝકાત વાજિબ છે, પરંતુ ઝકાતની અદાયગી ત્યારે વાજિબ થાય છે જયારે નિસાબના માલ પર એક વર્ષ વીતી જાય. અને નિસાબમાં કમી ન થાય, જો વધારે થાય તો તે વધારા પર પણ ઝકાત વાજિબ છે.

### ઝકાતનો નિસાબ

માલની તે ખાસ માત્રા જેના ઉપર શરીઅતે ઝકાત ફર્ઝ કરી છે તે આ છે :

(૧) સોનુ સાડા સાત તોલા એટલે કે ૮૭ ગ્રામ, ૪૭૯ મિ.ગ્રામ

(૨) અથવા ચાંદી સાડા બાવન તોલા એટલે કે ૬૧૨ ગ્રામ, ૩૫ મિ.ગ્રામ

(૩) અથવા વેપારનો સામાન અથવા રોકડ રકમ સોના–ચાંદીના ઉકત વજનની કિંમત જેટલી હોય.

(૪) અથવા આ ચારેવ વસ્તુઓ (સોનું, ચાંદી, વેપારનો માલ, અને રોકડ) બધી થઈને સોના અથવા ચાંદીના ઉપરોકત વજનની કિંમત જેટલી હોય તો આ ઝકાતનો નિસાબ છે, આ માલ પર ઝકાત ફર્ઝ છે. અને સોનું અને ચાંદીમાંથી એનો નિસાબ લગાડવામાં આવે જેનાથી ગરીબોને વધારે ફાયદો થાય.

### મૂળ જરૂરિયાતો

જે માલ અને અસ્બાબ માણસની પાસે મૂળ જીવન જરૂરિયાતથી વધારે હોય તે મૂળ જરૂરિયાતોમાં ગણાશે, દા.ત. મકાન, ખાવા–પીવાની વસ્તુઓ,

ઘરનો સામાન, ઉપયોગમાં લેવાતા કપડાં (ભલે સીવેલા હોય કે કે કાચા), સવારી ભલે જાનવર હોય કે મોટર સાઈકલ કે કાર વગેરે એ પછી એક હોય કે અનેક (પરંતુ શરત એ કે પોતાની સવારી માટે હોય, ભાડા માટે ન હોય) એ જ રીતે કિતાબો જે અભ્યાસ અને ફાયદા માટે હોય, વેપાર માટે ન હોય, એ બધું મુળ જરૂરીયાતમાં ગણાશે. અને જો વેપાર માટે હશે તો તેના પર ઝકાત વાજિબ છે.

પરંતુ ઘરેણાં (સોના ચાંદીના) પર ઝકાત વાજિબ છે,(ભલે પછી તેનો ઉપયોગ કરતા હોય કે ન કરતા હોય).

અવલાદનો ભરણપોષણ ખર્ચ મૂળ જરૂરિયાતમાં નહીં ગણાય, માત્ર અવલાદ નાબાલિગ હોય કે પછી વિકલાંગ હોય તો પિતાના માથે આવી અવલાદનો નફકો (જરૂરી ખર્ચ) વાજિબ હોય છે, (શરત એ કે જાતે અવલાદની માલિકીમાં આટલો માલ ન હોય જેનાથી નફકો પુરો થઈ શકે જો અવલાદની માલિકીમાં માલ છે તો નફકા (ખર્ચ)ની જવાબદારી પિતાની નથી, બલકે તેના માલમાંથી જ આપવામાં આવશે) અને તેમની શાદીઓ રિવાજી ખર્ચાઓના વિચારો મૂળ જરૂરિયાતમાં દાખલ નથી, અલબત્ત શાદી માટે ભેગો કરેલ માલમાં ઝકાત વાજિબ છે જો તે નિસાબ જેટલો હોય.

એવી જ રીતે હજ માટે ભેગી કરેલ રકમમાં પણ ઝકાત વાજિબ છે, જયાં સુધી કે હજમાં ખર્ચ થઈ જાય નહીં.

કોઈના માથે કરજ હોય તો ઝકાતની ગણતરી વેળા જમા માલમાંથી એની બાદબાકી કરી લેવામાં આવે, અને પછી વધેલો માલ નિસાબ જેટલો હોય તો ઝકાત વાજિદ થશે. અને કરજની બાદબાકી પછી નિસાબ જેટલો માલ વધે નહીં તો ઝકાત વાજિદ થશે નહીં.

ઝકાતની અદાયગી દર વર્ષે વાજિબ છે, ભલે પછી ભેગી કરેલ નિસાબના માલમાંથી કઈ નફો થાય કે ન થાય.

બેન્કમાં જમા સંપૂર્ણ રકમ પર દર વરસે ઝકાત વાજિબ છે.

અલ્લાહ તઆલા સૌ મુસલમાનોને જેમના ઉપર ઝકાત ફર્ઝ છે દર વરસે સહીહ તરીકાથી પૂરે પુરી ઝકાત અદા કરવાની તૌફીક અતા ફરમાવે. (આમીન)

---

# ઇમામ ગઝાલી રહ.ની નસીહત

ઈમામ ગઝાલી રહ.નો એક વિદ્યાર્થી (શાગિર્દ) વર્ષો સુધી ઈમામ સાહેબ રહ. પાસે રહી ઈલ્મ પ્રાપ્તિમાં પ્રવૃત રહ્યો, છેલ્લે એને વિચાર આવ્યો કે વર્ષો સુધી મનેચ્છાઓ દબાવી હું જ્ઞાનપ્રાપ્તિમાં પ્રવૃત રહ્યો, પરંતુ શી ખબર? કયું જ્ઞાન મારા માટે લાભદાયી છે ? મરવા પછી કબરને રોશન કરે, કયામતના દિવસે મને લાભ આપે, અને શું ખબર કે કયું જ્ઞાન મારા માટે લાભકર્તા ન હોય, મારે બન્નેવને ઓળખી લેવા જોઈએ, જેથી અલાભદાયી કે નુકસાન કર્તા બાબનોથી હું દૂર રહી શકું, નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈર્શાદ છે : " اَعُوْذُ بِاللّٰهِ مِنْ عِلْمٍ لا يَنْفَعُ " જેનાથી કોઈ ફાયદો ન હોય એવા જ્ઞાન– ઈલ્મથી અલ્લાહની પનાહ.. ઈમામ સાહેબનો વિદ્યાર્થી થોડો સમય પોતાની રીતે વિચારતો રહ્યો અંતે સઘળી બાબત ઈમામ સાહેબને લખી દર્શાવી, જેમાં ઉપરોકત દ્રીધા ઉપરાંત બીજી બાબતો પણ પૂછી અરજ કરી કે મને કંઈ નસીહત–બોધ આપો, કોઈ એવી દુઆ પણ દર્શાવો જે હું પઢતો રહું.

જવાબમાં ઈમામ ગિઝાલી રહ.એ જે નસીહત લખી મોકલાવી તે આ પ્રમાણે છે :

હે પ્યારા પુત્ર !

સાચા મિત્ર !

ઈતાઅત અને બંદગી માટે અલ્લાહ તમને લાંબુ જીવન–દીર્ધાયુ આપે, અને અલ્લાહને વહાલા બુઝુર્ગોના રસ્તે ચાલવાની તૌફિક આપે, જાણી લ્યો કે, સઘળી નસીહતો બોધનું કેન્દ્ર અને અમૃત ઝરણુ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની ઝાત છે, માટે બધી જ નસીહતો અને બોધ હદીસ અને સુન્નત પર આધારિત છે. અને દરેક તે નસીહત જે સુન્નત– હદીસના વિરૂધ્ધ હોય એનાથી કોઈ ફાયદો ન થશે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની હદીસોના આધારે અનેક નસીહત નામાઓ લખાય ચૂકયા છે, વર્ણવાય ચૂકયા છે. જો આવી કોઈ નસીહત

તમારા સુધી પહોંચી છે, તો પછી કોઈ નસીહત બોધની જરૂરત નથી, અને જો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની કોઈ નસીહત તને નથી પહોંચી તો પછી ભાઈ આટલા વર્ષો સુધી તમે કયું જ્ઞાન ઈલ્મ મેળવ્યું ?

બેટા ! નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે જે નસીહતો ફરમાવી છે તેમાંથી એક આ છે :

માણસનું બેકાર અલાભદાયી– બાબતોમાં પ્રવૃત થવું નિશાની છે કે અલ્લાહ તઆલાએ એ બંદા તરફથી ધ્યાન હટાવી લીધું છે. માણસે એક પળ માટે પણ એવા કામમાં પ્રવૃત થવું જેના માટે એનું સર્જન નથી તો એ માણસ માટે ઘણી જ અફસોસ દુઃખની બાબત છે.

એક બીજી નસીહત નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની આ પ્રમાણે છે : ચાળીસ વર્ષો પછી જેની નેકીઓ, તેની બુરાઈઓ કરતાં ન વધે, તો એણે દોઝખમાં જવા તૈયાર રહેવું જોઈએ.

બેટા ! લોકોને આવી નસીહત કરવું ઘણું જ સરળ છે, પરંતુ એના પર અમલ કરવું ઘણું જ અઘરૂં કાર્ય છે, કારણ કે દુનિયા અને દુનિયાની કામનાઓ શોખ અને એશઆરામ જેમના દિલોમાં વસી ગયા હોય, એમને નસીહત કડવી લાગે છે. આવા લોકોના દિલોમાં દુનિયાનો એશ આરામ જ વસેલો હોય છે, આમાં પણ તે લોકો વિશેષ હોય છે, જઓ ફિલસુધી તર્ક શાસ્ત્ર, વિજ્ઞાન (હિકમત– ફલસફા) વગેરે વિદ્યાઓમાં પારંગત હોય છે. આવા માણસો સમજે છે કે દુનિયામાં માન મરતબા ઉપરાંત આવી વિદ્યાઓ અને જ્ઞાન આખિરતમાં પણ તેમને નજાત અપાવશે, આવા માણસો શરઈ આદેશો અને કાર્યો પર અમલ કરવાને મહત્વ નથી આપતા.

સુબ્હાનલ્લાહ ! શું આવા માણસો એટલું પણ નથી સમજતા કે જે ઈલ્મ વિદ્યા પર તે અમલ નથી કરતા, આખિરતમાં એ વિશે પુછપરછ કરવામાં આવશે, નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું ફરમાન છે :

કયામતમાં સૌથી વધુ અઝાબ એવા આલિમ– જ્ઞાનીને થશે જેને અલ્લાહે એના ઈલ્મ–વિદ્યાથી કોઈ ફાયદો ન પહોંચાડયો.

હઝરત જુનેદ બગદાદી રહ.ને મરવા પછી કોઈ બુઝુર્ગે ખ્વાબમાં જોયા તો એમનાથી પૂછયું કે હે અબૂલ કાસિમ ! મરવા પછીની હાલત વિશે કંઈ

જાણકારી આપો ! જવાબમાં હઝરત જુનેદ રહ.એ ફરમાવ્યું : બધી ઈબાદતો અને ઈલ્મ તેમજ વિદ્યાના રહસ્યો વ્યર્થ ગયા, ફકત તે અમૂક રકાતો કામ આવી, જે તહજ્જુદ વેળા પઢી હતી.

બેટા ! નેક અમલ કદી ન છોડશો,

ઝાહીરી રીતે પણ ઈલ્મ જ્ઞાનથી કોરા ન રહેશો અને બાતિની ઈલ્મ, અંતરના ઉજાસથી પણ વેગળા ન જશો, સારી રીતે સમજી લ્યો કે ફકત ઈલ્મ, અમલ વગર કયામતના દિવસે કંઈ ફાયદો આપશે નહીં. આ બાબત ઉદાહરણથી તમને સમજાવું.

કોઈ માણસ જંગલ– વન– વગડામાંથી પસાર થઈ રહ્યો છે. હાથમાં ચમકતી દસ તલવારો છે, મજબૂત તીર કામઠું અને અન્ય શસ્ત્રો પણ છે, સાથે જ એ હથિયાર ચલાવવા અને યુધ્ધ ખેલવાની તરકીબ પણ જાણે છે, આવામાં જો એ માણસ સામે સિંહ આવી જાય તો.

બતાવો ! શું શકય એટલા હથિયારો વાપર્યા સિવાય એ બચી શકે છે ?

એ માણસ સારી રીતે સમજતો હશે કે એ સિવાય બચવું શકય નથી.

બસ આ જ પ્રમાણે સમજી લ્યો કે,

કોઈ માણસને લાખ ઈલ્મી મસ્અલાઓની જાણકારી હોય, પણ એના પર અમલ ન કરે તો એનો કોઈ ફાયદો થશ નહીં, (જહન્નમથી બચી શકશે નહી.)

એક બીજું ઉદાહરણ !

કોઈ માણસ એક બીમારીમાં સપડાયેલ છે, અને એને ખબર છે કે ફલાણી– ફલાણી દવા એના માટે ઉપયોગી છે, છતાં તે દવાઓ નથી વાપરતો! તો શું ફકત બીમારીની દવાઓ બાબતની જાણકારી એની બીમારીને મટાડી દેશે ? તમે સમજી શકો છો કે ફકત દવાઓની જાણકારી બીમારી મટાડવા માટે પૂરતી નથી.

શરાબ તોલવાથી નશો નથી ચડતો, પીવી પડે છે. એ જ પ્રમાણે ઘણું બધું ઈલ્મ પ્રાપ્ત કરી લેવું કિતાબો પુસ્તકો ઉઠલાવી કાઢવા, પણ અમલ ન કરીએ તો કોઈ લાભ નહી થાય, અમલ વડે માણસ જયાં સુધી પોતાને અલ્લાહની રહમતનો હકદાર ન બનાવે ત્યાં સુધી અલ્લાહની રહમત નથી

પ્રાપ્ત થતી, સાંભળો કુર્આન ફરમાવે છે.

وان ليس للانسان الا ما سعى

માણસને તેનું જ ફળ મળે છે, જેના તે પ્રયત્નો કરે છે, આ આયત દર્શાવે છે કે માણસને પ્રયત્ન અને અમલ કરવાથી જ સફળતા મળે છે.

બેટા ! અન્ય આયતો પણ છે જેમાં આ જ બાબતની તાકીદ કરવામાં આવી છે.

فمن يعمل مثقال ذرةٍ خير يره

જે કોઈ રજ જેટલી નેકી કરશે તે એને (સવાબ રૂપે) મેળવશે. અને જે કોઈ રજ જેટલી બુરાઈ કરશે. તે એને (અઝાબ સ્વરૂપે) મેળવશે.

فمن كان يرجُوا لقاء ربه فليعمل عملاً صالحاً الخ

જે કોઈ માણસને તના પરવરદિગારથી મળવાની ઈચ્છા (શ્રધ્ધા) હોય તેણે જોઈએ કે નેક કામો કરે અને અલ્લાહ સાથે કોઈને શરીક ન કરે.

انّ الذين آمنوا وعملوا الصلحات كانت لهم منت الفردوس الخ

નિઃશક જેઓ ઈમાન લાવ્યા, અને જેમણે સારા અમલ કર્યા છે. એમની મહેમાની માટે જન્નતુલ ફિરદૌસ છે. જેમાં તેઓ સદા રહેશે.

આ જ અર્થ અને મતલબની હદીસો પણ છે.

ઈસ્લામની બુનિયાદ પાંચ વસ્તુઓ પર છે. અલ્લાહના એક હોવા અને હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના અલ્લાહના રસૂલ હોવાની ગવાહી આપવી. નમાઝ કાયમ કરવી, ઝકાત આપવી, રમઝાનના મહીનાના રોઝા રાખવા, શકિત હોય તેણે હજ કરવી.

મારા ઉપરના વર્ણનથી જો તમારા દિલમાં વિચાર ઉદભવે કે હું એમ કહેવા માંગું છું કે બંદો અલ્લાહની રહમતથી નહીં, બલકે તેના અમલના ફળ સ્વરૂપે જન્નતમાં જશે, તો ભાઈ તમે મારી વાત સમજયા નથી, મારૂ કહેવું છે કે બંદો અલ્લાહની રહમત અને ફઝલ–કરમથી જ જન્નતમાં જશે, પરંતુ બંદો જયાં સુધી ઈબાદત અને બંદગી દ્વારા અલ્લાહના રહમતના લાયક ન બને ત્યાં સુધી અલ્લાહની રહમત નસીબ થશે નહીં, આ વાત હું નહીં બલકે અલ્લાહ તઆલા પોતે ફરમાવે છે.

ان رحمةَ الله قريب من المحنين

નિ:શક અલ્લાહની રહમત નેક લોકોની નઝીક છે. હું ફરીથી આ વાત પુછું છું કે અલ્લાહની રહમત વગર બંદો કેવી રીતે જન્નતમાં જઈ શકે ?

જો કોઈ માણસ કહે કે માણસ ઈમાન વડે જન્નતમાં જશે, તો એ ઘણું મુશ્કેલ કામ છે. પહેલી મુશ્કેલી જ આ છે કે કેવી રીતે આખિરત અને જન્નત સુધી ઈમાન સલામત રહે ?

હે બેટા ! નક્કી સમજી લો કે જયાં સુધી કામ ન કરશો ત્યાં સુધી તેનું વળતર ન મળશે.

બની ઈસરાઈલનો એક માણસ અલ્લાહની ઘણી ઈબાદત કરતો હતો, અલ્લાહ તઆલાએ એની પરીક્ષા માટે એક ફરિશ્તો મોકલ્યો જેણે આવી એને કહ્યું કે અલ્લાહે કહ્યું છે કે તું આ બધી તકલીફો બેકાર વેઠે છે. તારી ઈબાદત કબૂલ નથી, તારે દોઝખમાં જ જવાનું છે, ફરિશ્તાની વાત સાંભળી તે નેક માણસે જવાબ આપ્યો કે અલ્લાહ તઆલાએ માણસને ઈબાદત માટે પેદા કર્યો છે, માટે અમારૂ કામ ઈબાદત કરવું છે, અલ્લાહ તઆલાને અધિકાર છે, જે ચાહે તે કરે, તેનો જવાબ સાંભળી ફરિશ્તો અલ્લાહના દરબારમાં હાજર થયો, અને અરજ કરી કે હે પરવરદિગાર ! આ સૃષ્ટિના ભેદ અને મર્મોથી તું વાકેફ જ છે, અને તારા ઈબાદત ગુઝાર બંદાનો જવાબ પણ તને ખબર જ છે. આ ટાણે અલ્લાહ તઆલાએ ફરિશ્તાને ફરમાવ્યું કે આ બંદો અમારી બંદગી નથી છોડતો તો અમે પણ એનાથી અમારી રહમત હટાવીશું નહી. હે મારા ફરિશ્તાઓ ! તમે ગવાહ રહો, મેં એને બખ્શી દીધો.

હે બેટા ! નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ફરમાવે છે :

حاسبوا قبل ان تحاسبوا، وزنوا قبل ان توزنوا۔

કયામતના દિવસે તમારાથી હિસાબ લેવામાં આવે, એ પહેલાં તમે પોતે તમારાથી હિસાબ લ્યો, અને તમારા આમાલ કાર્યોને તોળવામાં આવે તે પહેલાં તમો પોતે એને તોળી લ્યો.

હઝરત અલી રદિ. ફરમાવે છે :

જે માણસ એમ સમજે કે હું કોઈ મહેનત વગર જન્નતમાં પહોંચી જઈશ, તે ગુમરાહ છે, અને જે એમ સમજતો હોય કે હું તો મારા અમલના

જોરે જન્નતમાં પહોંચી જઈશ તે ખોટી મહેનત કરી રહ્યો છે.

માટે જ હઝરત હસન બસરી રહ. ફરમાવે છે અમલ વગર જન્નત માંગવી પણ એક પ્રકારનો ગુનો છે. અન્ય એક બુઝુર્ગનું કથન છે.

આવશ્યકતા એની છે કે માણસ અમલ કરે, પણ અમલ કાર્ય કે કર્મ ઉપર સંતોષ ન અનુભવે, ગર્વ ન કરે, અમલ છોડવાની કોઈ જરૂરત નથી.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ આ બધાથી વધીને સુંદર રીતે નસીહત ફરમાવે છે.

અકલમંદ તે છે જેણે તેના નફસને કાબૂમાં કરી લીધું અને મરવા પછી (આખિરત) માટેના ઉપયોગી કામો કર્યા, અને બેવકૂફ તે માણસ છે, જેણે તેના નફસને ઈચ્છાઓ કામેચ્છાઓના તાબે કરી દીધું, અને પછી એવું વિચારે કે અલ્લાહ મારી સાથે છે, કે અલ્લાહથી બખ્શિશની આશા રાખે.

હે બેટા ! રાતો ઉજાગરા વેઠીને તમે ઈલ્મની ચર્ચા કરી છે, મુતાલઆ – વાંચન માટે ઉંઘ જતી કરી છે, મને ખબર નથી કે એ બધાથી તમારો શો મકસદ હતો, જો તમારો મકસદ દુનિયાનો લાભ, અને ભૌતિક વૈભવ, વિલાસ હતો તો હું કહીશ કે

તમારા ઉપર અફસોસ ! અફસોસ !

અને જો તમારો મકસદ દીને ઈસ્લામનો પ્રચાર અને રક્ષણ અને સુસંસ્કારો કે નમ્રતા પ્રાપ્ત કરવી હતી તો તમને મુબારક, મુબારક ! ! !

હદીસ શરીફમાં છે : હે માનવી ! તું જેમ ઈચ્છે તેમ તારૂ જીવન વિતાવી નાંખ, પરંતુ યાદ રાખજે કે તારે મરવાનું છે, અને જેનાથી તું ચાહે મહોબ્બત કર, પરંતુ યાદ રાખ કે તારે એનાથી જુદું થવાનું છે, અને તું જે ચાહે તેમ અમલ કર, પરંતુ યાદ રાખજે કે તને એનો બદલો મળશે.

વિવિધ વિદ્યાઓ અને કળાઓ શીખવાથી તને શો લાભ થયો ? જીવન બરબાદ થયું અને ફકત દુનિયાની ક્ષણિક ખ્યાતિ ફકત મળી ! મેં હઝરત ઈસા અલૈ.ની ઈન્જીલમાં વાંચ્યું છે કે મય્યતને જનાઝહના પલંગમાં મૂકવાથી લઈ કબર સુધી લાવતાં સુધીમાં અલ્લાહ તઆલા એનાથી ચાલીસ સવાલ કરે છે,

તું લોકો માટે વર્ષો સુધી સાફ ચોખ્ખો બની ફરતો રહ્યો, કદી મારા

ખાતર સાફ ચોખ્ખો બન્યો હતો ?

અલ્લાહ તઆલાની પુકાર દરરોજ તારા દિલમાં પોકારવામાં આવે છે કે તને મારા સિવાય અન્યોથી શું કામ? તું સંપૂર્ણ રીતે મારા એહસાનોથી ઢંકાયેલો છે.

હે બેટા ! ઈલ્મ વગર અમલ પાગલપણું છે. અને અમલ વિનાનો ઈલમ પણ બેકાર છે.

જે ઈલ્મ જ્ઞાન આજે તને ગુનાહથી ન બચાવે અને તુજમાં અલ્લાહની ફરમાબરદારીનો શોખ ઉત્પન્ન ન કરે, તો યાદ રાખ એ ઈલ્મ કાલે તને દોઝખની આગથી પણ નહીં બચાવશે. જો તું આજે નેક અમલ નહીં કરીશ તો અને પાછલા કરતૂતોની ભરપાઈ નહી કરીશ તો કયામતના દિવસે તારે કહેવું પડશે.

હે અલ્લાહ ! અમને પાછા મોકલી દે, અમે હવેથી નેક કાર્યો કરીશું .

પણ જવાબમાં કહેવામાં આવશે કે બેવકૂફ તું ત્યાંથી જ તો આવી રહ્યો છે. અત્યાર સુધી શું કર્યુ તે હવે કરવાનો હતો ?

બેટા ! હિમ્મત કરો, મહેનત માટે સ્વયંને તૈયાર કરો, નેક કાર્યો કરવામાં પ્રવૃત રહો, કારણ કે કબરમાં જવાનું છે. પહેલાંથી ત્યાં મોજૂદ લોકો લગાતાર તારી રાહ જોઈ રહ્યા છે. અને ખબરદાર નેકીના ફળો લીધા વગર એમની પાસે જઈશ નહીં.

હઝરત અબૂ બક્ર સિદ્દીક રદિ. ફરમાવે છે,

આ શરીર તો પક્ષીઓનું પીંજરૂ છે, અથવા જાનવરોનો તબેલો.

તું વિચારી લે, જો તું પક્ષી છે તો અલ્લાહની પોકાર ''મારી પાસે આવતો રહે'' સાંભળી તેની પાસે પહોંચી જઈશ.

પરંતુ (ખુદા ન કરે) જો તું જાનવરોમાં છે, જેમકે અમૂક માણસો માટે કુર્આનમાં કહેવામાં આવ્યું છે કે

આવા માણસો જાનવરોની જેમ છે બલકે એમનાથી પણ ભુંડા છે.

તો પછી યાદ રાખ ! તું આ દુનિયાથી સીધો જહન્નમમાં જઈશ.

એકવાર હસન બસરી રહ.ને ઠંડો શરબત આપવામાં આવ્યો, હાથમાં પ્યાલો આવતાં જ એક ઠંડો શ્વાસ લીધો અને બેહોશ થઈ ગયા, જયારે હોશ

આવ્યો તો લોકોએ પુછયું કે આપને શું થઈ ગયું હતું, આપે જવાબ આપ્યો કે મને દોઝખીઓની ઈચ્છા યાદ આવી ગઈ, તેઓ જન્નતીઓથી કહેશે કે અમને થોડું પાણી પીવા આપો.

હે બેટા ! જો તારી પાસેનું ઈલમ વિદ્યા અમલ વગર તારા માટે લાભદાયી હોત તો સુબ્હે સાદિક વેળા અલ્લાહ તઆલા શા માટે કહેત કે :

છે કોઈ તોબા કરનાર ?

છે કોઈ તોબા કરનાર ?

છે કોઈ તોબા કરનાર ?

અલ્લાહનું આ એલાન એવા લોકો માટે છે જેમના વિશે અલ્લાહે પોતે ફરમાવ્યું કે તેઓ રાત્રે ઘણું જ ઓછું સુએ છે. આ બધું પુરવાર કરે છે કે નેક કાર્યો કરવા અને ઈબાદત કરવી ઘણી જ જરૂરી છે.

એકવાર નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સમક્ષ અમુક લોકો હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર રદિ.ના વખાણ કરી રહ્યા હતા, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે તેમને ફરમાવ્યું તેઓ સારા માણસ છે, કાશ તેઓ તહજ્જુદની નમાઝ પઢતા હોત ! એકવાર નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એક સહાબી રદિ.ને ફરમાવ્યું :

રાત્રે વધુ ઉંઘો નહીં, રાત્રે વધારે સુવા વાળો કયામતના દિવસે ફકીર અને ખાલી હાથ હશે.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને અલ્લાહ તઆલા સંબોધીને ફરમાવે છે. હે રસૂલ ! (સલ્લલાહુ અલયહિ વ સલ્લમ) રાત્રીમાં અલ્લાહ માટે તહજ્જુદની વધારાની નમાઝ પઢો,

અલ્લાહ તઆલા તેના નેક બંદાઓની હાલત વર્ણવતા ફરમાવે છે :

સવારે (સુબ્હે સાદિક વેળા) તેઓ અલ્લાહથી મગફિરત માંગે છે.

નબીએ કરીમસલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું ફરમાન છે :

અલ્લાહ તઆલાને ત્રણ અવાજો ઘણી જ પસંદ છે.

(૧) સવારના મરઘાની (૨) કુર્આનની તિલાવતની (૩) પાછલી રાત્રે અલ્લાહથી માંથી અને મગ્ફિરત માંગનારની.

---

# રોઝા, મહત્વ, ફઝીલત, સવાબ

તોહીદ અને રિસાલતની ગવાહી પછી નમાઝ, ઝકાત, રોઝા, અને હજ્જ ઈસ્લામના ચાર સ્થંભ છે.

રોઝાની તાસીર અને ખાસીયતનો ઉલ્લેખ કુર્આન પાકમાં વિગતવાર અને સવિસ્તાર કરવામાં આવ્યો છે. સૂરએ બકરહમાં રમઝાનના રોઝા ફરજ હોવાની જાહેરાત કરવા સાથે ફરમાવ્યું કે "લઅલ્લકુમ તત્તકુન" અર્થાત : "આ આજ્ઞાનો હેતુ ફકત તમારામાં પરહેઝગારી ઉત્પન્ન કરવાનો છે."

અલ્લાહ તઆલાએ માણસને રૂહાની અને હૈવાની અથવા બીજા શબ્દોમાં મલકુતી અને બહીમિય્યતનો નુસ્ખો બનાવ્યો છે. તેની તબીયત અને નેચરમાં બધા ભૌતિક હલ્કા અંશો પણ છે, જે બીજા જાનવરોમાં જોવા મળે છે. એ જ પ્રમાણે તેના નેચરમાં રૂહાની અને ફરિશ્તા સીફતનું નૂરાની દ્રવ્ય પણ છે, જે ઉપલી બારીક મખ્લૂક ફરિશ્તાઓની ખાસ દોલત છે.

માણસની નેક બખ્તીનો આધાર તેના રૂહાની અને મલકુતી ગુણો, હેવાની અને બહીમી ગુણોથી વધી જવા પર અવલંબિત છે, જેથી તેને મર્યાદામાં રાખે. અને એ ત્યારે જ શકય છે કે બહીમી (જાનવર પણાનું) પાસું રૂહાની અને મલકુતી (ફરિશ્તા સિફત) પાસાની તાબેદારીની આદત બની જાય. અને તેના સામે માથું ન ઉચકે, રોઝાની તપસ્યાનો ખરો હેતુ એ જ છે કે તેનાથી માણસની હૈવાનીયત અને જાનવર પણાને અલ્લાહના હુકમોના તાબે રાખી ઈમાની અને રૂહાની માંગણીઓ પુરી કરવાની આદત બનાવવામાં આવે. અને આ વસ્તુ નુબુવ્વત અને શરીઅતના મુખ્ય હેતુઓમાંથી હોવાના કારણે આગલી બધી શરીઅતોમાં પણ રોઝાનો હુકમ આપવામાં આવ્યો. કુર્આન પાકમાં આ ઉમ્મતને રોઝાનો હુકમ આપતાં ફરમાવ્યું કે

يـا ايهـا الـذين اٰمنوا كتب عليكم الصيام كما كتب على الذين من قبلكم لعلكم تتقون۔ (البقره۔ ع۔ ٢٣)

તરજમહ : હે ઈમાન વાળાઓ ! તમારા ઉપર રોઝા ફરજ કરવામાં આવ્યા, જેમકે આગલી ઉમ્મતો પર ફરજ કરવામાં આવ્યા હતા. (રોઝાનો હુકમ તમને એટલા માટે આપવામાં આવ્યો છે) કે તમારામાં તકવો ઉત્પન્ન

થાય. (બકરહ/૨૩)

મતબલ કે રોઝા માણસની જાનવર પણાની શકિતને ફરિશ્તા સિફત અને આત્મિક શકિતના તાબે રાખવા માટે અને અલ્લાહના હુકમો સામે નફસની તમન્નાઓ અને પેટ અને ભ્રષ્ટાચારને દબાવવાની આદત નાંખવાનો ખાસ વસીલો અને સબબ છે. જેથી આગલી ઉમ્મતોને પણ એ હુકમ આપવામાં આવ્યો હતો. ભલે રોઝાઓની મુદત અને અમૂક બીજા વિગતવાર હુકમોમાં તે ઉમ્મતોની ખાસ હાલતો અને જરૂરતો ના હિસાબે થોડો ફેરફાર છે. આ છેલ્લી ઉમ્મત જેનો યુગ દુનિયાના અંતિમ દિવસ સુધી રહેશે. વર્ષમાં એક માસના રોઝા ફરજ કરવામાં આવ્યા અને રોઝાનો સમય "સુબ્હે સાદિક થી સુર્યાસ્ત" સુધી રાખવામાં આવ્યો. અને આ મુદત અને સમય ઉપરોકત હેતુ માટે અત્યાર ના યુગમાં ઘણો જ અનુકૂળ અને યોગ્ય છે. એનાથી ઓછા સમયમાં તપસ્યા અને નફસની સુધારણાનો હેતુ પાર પડી શકતો નથી. જો એનાથી વધુ સમય રાખવામાં આવ્યો હોત જેમકે રોઝામાં દિવસ સાથે રાત્રીને પણ મેળવી દેવામાં આવતે, અને ફકત સુબ્હસાદિક વખતે જ ખાવા પીવાની છુટ આપવામાં આવી હોત, અથવા વર્ષમાં બે ચાર માસ લગાતાર રોઝા રાખવાનો હુકમ આપ્યો હોત તો વધુ પડતાં માણસો માટે બોજા રૂપ અને તંદુરસ્તી માટે નુકસાન કારક થાત.

મતલબકે સુબ્હેસાદિક (પરોઢ)થી સુર્યાસ્ત સુધીનો સમય અને વર્ષમાં એક મહીનો આ યુગના લોકો માટે તપસ્યા અને સુધારણાના હેતુસર બિલ્કુલ યોગ્ય અને અનુકુળ છે.

તેના માટે મહીનો તે નક્કી કરવામાં આવ્યો જેમાં કુર્આન ઉતર્યુ અને જેમાં અનહદ બરકતો અને બરકતોવાળી રાત્રી (લયલતુલ કદ્ર) હોય છે. જાહેર છે કે એના માટે આજ મુબારક માસ વધુ અનુકુળ અને યોગ્ય થઈ શકતો હતો. પછી આ મહીનામાં દિવસના રોઝાઓ સિવાય રાતમાં પણ એક ખાસ ઈબાદતની સામુહિક વ્યવસ્થા કરવામાં આવી, જે તરાવીહના રૂપમાં ઉમ્મતમાં પ્રચલિત છે. દિવસના રોઝાઓ સાથે રાતની તરાવીહની બરકતો પ્રાપ્ત થવાથી આ મુબારક મહીનાની નુરાનિય્યત વધી જાય છે. જેને પોતપોતાની સમજ મુજબ દરેક માણસ પારખી શકે છે. જે તેની સાથે થોડો પણ સંબંધ રાખતો હશે. આ ટુકી તમ્હીદ પછી રમઝાન અને રોઝા વગેરે વિષે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)ના સૂચનો નીચે વાંચો :–

## રમઝાન માસની ફઝીલતો અને બરકતો

હઝરત અબૂ હુરૈરહ રદિ.થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)એ ફરમાવ્યું કે જયારે રમઝાન આવે છે. તો જન્નતના દ્વાર ખોલી દેવામાં આવે છે અને દોઝખના દ્વાર બંધ કરી દેવામાં આવે છે અને શયતાનોને બાંધી દેવામાં આવે છે. (એક રિવાયતમાં "જન્નતના દ્વાર"ને બદલે "રહમતના દ્વાર" નો શબ્દ આવ્યો છે.) *(બુખારી શરીફ)*

ઉસ્તાદોના ઉસ્તાદ હઝરત શાહ વલીઉલ્લાહ રહ. એ "હુજ્જતુલ્લાહિલ્બાલિગહ"માં આ હદીસની વ્યાખ્યા કરતાં લખ્યું છે કે : અલ્લાહના નેક અને તાબેદાર બંદાઓ રમઝાન માસમાં તાબેદારી અને નેકીઓમાં ગુંથાયલા રહે છે. તેઓ દિવસ રોજો રાખી ઝિક્ર અને તિલાવતમાં પસાર કરે છે. અને રાત્રીનો વધુ ભાગ તરાવીહ, તહજ્જુદ અને દુઆ, ઈસ્તિગ્ફારમાં વિતાવે છે. અને તેની બરકતો અને નુરાનીયતથી ચકિત થઈ બીજા મુસ્લિમોના દિલો પણ રમઝાન મુબારકમાં ઈબાદત અને નેકીઓ તરફ ખેંચાઈ ઘણા ગુનાહોથી દૂર રહે છે. તો ઈસ્લામ અને ઈમાનવાળાઓના ગૃપમાં નેકી અને તકવાના આ એકત્રીત માહોલ અને નેકી તેમ ઈબાદતનું વાતાવરણ ઉપસ્થિત થવાથી તે બધી જ તબીયતો જેમાં કંઈ પણ સલાહીયત હોય છે અલ્લાહની મરજી મુજબના કામો તરફ પ્રેરાય ને બુરા અને ખરાબ કામોથી અણગમો દાખવે છે અને આ મુબારક માસમાં થોડા નેક અમલની મુલ્યતા પણ અલ્લાહ તરફથી બીજા દિવસો કરતાં ઘણી જ વધી જાય છે. આ બધી વાતોના પરિણામ રૂપે લોકો માટે જન્નતના દરવાજા ખોલી દેવામાં આવે છે. અને દોઝખના દરવાજા તેમના ઉપર બંધ કરી દેવામાં આવે છે. અને શેતાનો તેમનો રસ્તો મારવાથી લાચાર બની જાય છે.

આ ખુલાસા મુજબ ત્રણેવ વાતો (એટલે જન્નત અને રહમતના દ્વાર ખુલવા, દોઝખના દ્વાર બંધ થવા અને શેતાનોને કેદ કરી નકામા બનાવી દેવાનો) સંબંધ ફકત મો'મિનો સાથે છે. જેઓ રમઝાન મુબારકમાં ભલાઈ અને નેકી પ્રાપ્ત કરવા તરફ ખેંચાઈને રમઝાનની બરકતો તેમજ રહમતોથી લાભ મેળવવા માટે ઈબાદતો અને તાબેદારીના કામો કરે છે. બાકી કાફિરો અને ખુદાથી વંચિત અને અલ્લાહને ભૂલી ગફલતમાં ડુબેલા લોકો જેઓ

રમઝાન અને તેના હુકમો તેમ બરકતોથી કોઈ સંબંધ નથી રાખતા, અને રમઝાનના આગમન પર તેમના જીવનમાં કોઈ ફેરફાર થતો નથી. ખુલ્લી વાત છે કે આવા પ્રકારની ખુશ ખબરીઓથી તેમને કોઈ સંબંધ નથી. તેમણે જયારે પોતાને જાતે જ અભાગી બનાવ્યા છે. અને બારે માસ શેતાનની તાબેદારી પર ખુશ છે. તો અલ્લાહના ત્યાં પણ તેમના માટે અભાગી પણા સિવાય બીજું કંઈ નથી.

હઝરત અબૂ હુરૈરહ રદિ.થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)એ ફરમાવ્યું જયારે રમઝાનની પહેલી રાત થાય છે. તો શેતાનો અને બદમાશ જીન્નાતો બાંધી દેવામાં આવે છે. અને દોઝખના બધા દરવાજાઓ બંધ કરી દેવામાં આવે છે. તેમાંથી કોઈ દરવાજો ખુલ્લો રહેતો નથી. અને જન્નતના બધા દરવાજા ખોલી દેવામાં આવે છે. તેનો એક પણ દરવાજો બંધ કરવામાં આવતો નથી. અને અલ્લાહ તરફથી અવાજ દેનાર પુકારે છે કે હે ભલાઈ અને નેકી શોધનારાઓ ! આગળ વધો, આ સમયે અલ્લાહ તરફથી ઘણાં (ગુનેહગાર) બંદાઓને દોઝખથી છુટકારો મળી જાય છે. (તેમની માફીનો ફૈસલો કરી દેવામાં આવે છે.) અને આ બધુ રમઝાનની દરેક રાતમાં થાય છે. *(તિર્મિઝી શરીફ)*

આ હદીસનો આગલો ભાગ તો એ જ છે જે આગલી હદીસમાં હતો. છેવટમાં ગૈબની દુનિયાનો મુનાદી જેની પુકારનું વર્ણન છે ભલે આપણે કાનોથી નથી સાંભળી શકતા, પરંતુ તેનો અસર અને તેની જાહેરાત આપણે આંખોથી જોઈ શકીએ છીએ કે રમઝાનમાં ઈમાનવાળાઓનું ધ્યાન ભલાઈ અને નેકીના કામો તરફ વધી જાય છે. એટલે સુધી કે ઘણા બે પરવા અને આઝાદ ખ્યાલના મુસલમાનો પણ રમઝાનમાં તેમની ચાલ બદલી નાંખે છે. આપણે તેને આકાશવાળાની પુકારનો જ અસર સમજીએ છીએ.

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ રદિ.થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)ભલાઈની બખ્શીશ અને અલ્લાહની મખ્લૂકને ફાયદો પહોંચાડવામાં અલ્લાહના બધા બંદોઓથી વધુ આગળ હતા. અને રમઝાન મુબારકમાં આપનો આ કરીમી ગુણ વધુ ખીલી ઉઠતો હતો. રમઝાનની દરેક દરેક રાત્રે જિબ્રઈલ અમીન અલૈ. આપ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)ને મળતા હતા અને હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ

વસલ્લમ)તેમને કુર્આન પાક સંભળાવતા હતા. જયારે જિબ્રઈલ અલૈ. દરરોજ આપ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)ને મળતા તો આપની આ મહેરબાની વાળો ફાયદો પહોંચાડવાનો ગુણ અને ભલાઈની બખ્શીશમાં અલ્લાહની મોકલેલી હવાઓથી વધુ જોર આવી જતું. અને તેજી ઉત્પન્ન થતી.

મતલબકે રમઝાન માસ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)ની તબીયત મુબારક માટે બહાર અને ખુશી તેમજ ભલાઈ લૂંટાવવાના ગુણમાં પ્રગતિનો મહીનો હતો. તેમાં એ વાત પણ શામેલહતી કે આ માસની દરેક રાત્રે અલ્લાહ ના ખાસ દુત જિબ્રઈલ અમીન અલૈ. આવતા હતા અને આપ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ) તેમને કુર્આન પાક સંભળાવતા હતા.

### *રમઝાનના આગમન પર હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)નો એક ખુત્બો*

હઝરત સલમાન ફારસી રદિ.થી રિવાયત છે કે શાબાન માસની છેલ્લી તારીખે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)એ અમને એક ખુત્બો આપ્યો, તેમાં ફરમાવ્યું : હે લોકો ! તમારા ઉપર એક બુઝુર્ગી અને બરકતવાળો મહીનો આવી રહ્યો છે. તે મુબારક માસમાં એક રાત (લયલતુલ કદ્ર) હજાર મહીનાઓથી વધુ સારી છે. એ મહીનાના રોઝા અલ્લાહ તઆલાએ ફરજ કર્યા છે. અને તેની રાતોમાં અલ્લાહ સમક્ષ ઉભા રહી ઈબાદત કરવી (એટલે તરાવીહ પઢવાને) નફીલ ઈબાદત નક્કી કરી છે. (જેનો ઘણો મોટો સવાબ રાખ્યો છે) જે માણસ આ મહીનામાં અલ્લાહની ખુશી અને તેની નઝદીકી મેળવવા માટે કોઈ ફરજ સિવાયની ઈબાદત (એટલે સુન્નત નફિલ) અદા કરશે. તેને બીજા સમયના ફરજો બરાબર સવાબ મળશે. અને આ માસમાં ફરજ અદા કરવાનો સવાબ બીજા મહીનાઓના સિત્તેર ફરજો બરાબર મળશે. આ સબર (ધીરજ)નો મહીનો છે. અને ધીરજનો બદલો જન્નત છે. આ હમદર્દી (લાગણી) અને ગમખ્વારીનો મહીનો છે. આ તે જ મહીનો છે. જેમાં મો'મિન બંદાઓની રોજી વધારી દેવામાં આવે છે. જેણે આ મહીનામાં કોઈ રોઝાદારને (અલ્લાહને ખુશ કરવા અને સવાબ મેળવવા માટે) ઈફતાર કરાવ્યો, તો તેના ગુનાહોની મગફિરત અને દોઝખની આગથી બચવાનું સાધન બનશે. અને તેને રોઝાદાર જેટલો સવાબ આપવામાં આવશે. અને રોઝાદારના સવાબમાંથી કંઈ પણ ઓછું કરવામાં આવશે નહીં.

આપ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)ને પુછવામાં આવ્યું : યા રસૂલલ્લાહ ! અમારામાંથી દરેક પાસે તો ઈફતાર કરાવવાની શકિત હોતી નથી. (તો શું ગરીબો આ સવાબથી મહરૂમ રહેશે ?) આપ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)એ ફરમાવ્યું કે અલ્લાહ તઆલા આ સવાબ તે માણસને પણ આપશે જે દૂધની થોડી લસ્સી અથવા પાણીના એક ઘુંટડાથી કોઈ રોઝાદારનો રોજો ઈફતાર કરાવશે.

રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)એ વાત ચાલુ રાખતાં ફરમાવ્યું કે : અને જો કોઈ રોઝાદારને પેટભરી ખવડાવી દેશે, તેને અલ્લાહ પાક મારી હોજ (કૌષર)થી એવો સેરાબ કરશે. (ધરવશે) જેના પછી કયારેય તેને તરસ નહીં લાગે જન્નતમાં પહોંચતાં સુધી. (ત્યાર પછી આપ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)એ ફરમાવ્યું : આ માસનો આગલો ભાગ રહમત છે. વચલો ભાગ મગફિરતનો છે. અને પાછલો છેલ્લો ભાગ દોઝખની આગથી બચાવનો છે.

તે પછી આપ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)એ ફરમાવ્યું, જે માણસ આ માસમાં પોતાના નોકરો ચાકરોના કામને હલ્કું અને ઓછું કરશે. અલ્લાહ પાક તેની મગફિરત ફરમાવશે અને દોઝખથી છુટકારો અને આઝાદી અર્પણ કરશે.

આ નબવી ખુત્બાનો ભાવાર્થ સાફ છે. તે છતાં અમુક ભાગોની વધુ વિગત અને વ્યાખ્યા માટે થોડુ લખવામાં આવે છે.

(૧) આ ખુત્બામાં રમઝાન માસની સૌથી મહાન ફઝીલત અને અઝમત એ બયાન કરવામાં આવી કે તેમાં એક એવી રાત હોય છે. જે હજાર દિવસો અને રાતોથી નહી પણ હજાર મહીનાઓથી બેહતર અને સારી છે. આ વાત કુર્આન પાકની સૂરએ કદ્રમાં પણ ફરમાવવામાં આવી છે. અને એ આખી સૂરતમાં એ મુબારક રાતની ફઝીલત અને બુઝુર્ગીનું જ બયાન છે. એ રાતની બુઝુર્ગી અને મહત્વતા સમજવા માટે એટલું જ બસ છે.

એક હજાર મહીનાઓમાં લગભગ ત્રીસ હજાર રાતો હોય છે. આ શબે કદ્રના એક હજાર મહીનાઓથી બેહતર હોવાનો અર્થ એ સમજવો જોઈએ કે અલ્લાહ તઆલા સાથે સંબંધ ધરાવતા અને તેની ખુશીના ચાહક બંદાઓ એક રાત્રીમાં અલ્લાહની નજીદીકીની એટલી બધી મંજીલો સર કરી લે છે. જે બીજી

હજાર રાત્રીઓમાં સર થઈ શકતી નથી. આપણે જેવી રીતે આ જગતમાં જોઈએ છીએ કે વધુ દોડનાર વિમાન અથવા રોકેટ મારફત એક દિવસ નહીં એક કલાકમાં એનાથી વધુ માર્ગ કપાય છે, જેટલો જુના જમાનામાં સેંકડો વર્ષોમાં સર થતો હતો. એ જ પ્રમાણે ખુદા તઆલાની ખુશી પ્રાપ્ત કરવામાં અને અલ્લાહની નજદીકીની સફરની ઝડપ શબેકદ્રમાં વધારી આપવામાં આવે છે. જે સાચા ચાહકોને સેંકડો માસમાં પ્રાપ્ત થઈ શકતી નથી. તે આ મુબારક રાત્રે પ્રાપ્ત થઈ જાય છે.

એ જ પ્રમાણે એના પ્રકાશમાં હુઝુર (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)ના કથનનો ભાવાર્થ પણ સમજવો જોઈએ કે આ મુબારક માસમાં જે કોઈ આવા પ્રકારની નફલી નેકી કરશે તેનો સવાબ બીજા દિવસોથી ફરજ નેકી બરાબર મળશે. અને ફરજ નેકી કરનારને બીજા દિવસોના સિત્તેર ફરજો અદા કરવા સમાન સવાબ મળશે.

મતલબ કે શબે કદ્રની ખાસીયત તો રમઝાન મુબારકની એક ખાસ રાત્રી સાથે છે. પરંતુ નેકીનો સવાબ સિત્તેર ઘણો મળવો એ રમઝાન મુબારકના દરેક દિવસ અને રાત્રીની બરકત અને ફઝીલત છે. અલ્લાહ તઆલા આપણને એ હકીકતોનું યકીન અર્પણ કરે. અને તેનાથી લાભ ઉઠાવવાની તોફીક આપે.

(૨) આ ખુત્બામાં રમઝાન વિષે ફરમાવ્યું કે એ ધીરજ અને ગમખ્વારી (લાગણી) નો મહીનો છે. ધાર્મિક ભાષામાં સબરનો અર્થ અલ્લાહને ખુશ કરવા માટે નફસની તમન્નાઓને દબાવી, મુશ્કેલીઓ અને સખ્તીઓ વેઠવી એવો થાય છે. ખુલ્લી વાત છે કે રોઝાનો આરંભ અને અંત એ જ છે. એવી જ રીતે દરેક રોઝાદારને રોજો રાખી અનુભવ મળે છે કે ભુખ કેટલી કઠણ ચીજ છે. તેનાથી તે ગરીબ અને નાદાર લોકોની લાગણી અને ગમખ્વારી જાગવી જોઈએ જે બિચારા નાદારી ના કારણે ભૂખ પર ભૂખ વેઠે છે. એટલા માટે રમઝાનનો મહીનો ખરેખર ધીરજ અને ગમખ્વારીનો મહીનો છે.

(૩) એ પણ ફરમાવ્યું કે આ બરકતવંત મહીનામાં ઈમાનવાળાઓની રોજીમાં વધારો કરવામાં આવે છે. એનો અનુભવ તો દરેક જ ઈમાનવાળા રોઝાદારને થાય છે કે રમઝાન મુબારકમાં જેટલું સારૂં અને છુટ છાટથી ખાવા મળે છે. બીજા અગિયાર માસમાં એટલું નસીબ થતું નથી. ભલે આ સબબની દુનિયામાં તે કોઈ પણ રસ્તે આવતું હોય, બધું અલ્લાહના હુકમથી અને તેના

ફેંસલાથી જ આવે છે.

(૪) ખુત્બાની છેવટમાં ફરમાવ્યું કે રમઝાનનો આરંભ રહમત છે. મધ્યમ ભાગ મગફિરત છે. અને અંત જહન્નમથી આઝાદીનો સમય છે.

મુજ નાચીઝની સમજ મુજબ વધુ મજબૂત અને દિલને યોગ્ય લાગે તેવી વ્યાખ્યા અને ખુલાસો એ છે કે રમઝાનની બરકતોથી લાભ ઉઠાવનાર બંદાઓ ત્રણ પ્રકારના હોય છે. એક તે તકવા અને ઈસ્લાહ વાળા લોકો જેઓ કાયમ ગુનાહોથી બચવાનો પ્રબંધ કરે છે. અને જયારે પણ તેમનાથી કોઈ ભુલ ચુક થાય છે. તાત્કાલિક તોબા ઈસ્તિગ્ફાર કરી સફાઈ અને તેની સુધારણા કરી લે છે. તે બંદાઓ માટે તો મહીનાના આરંભથી જ બલકે તેની પહેલી રાતથી જ રહમતોનો વરસાદ થવા લાગે છે.

બીજો તબક્કો તે લોકોનો છે. જે એટલા મુત્તકી અને પરહેઝગાર તો નથી. પણ બિલ્કુલ ગયા ગુજર્યા પણ નથી. તો એવા લોકો જયારે રમઝાનના પહેલા ભાગમાં રોઝા અને બીજા નેક કાર્યો તેમજ તોબા ઈસ્તિગ્ફારથી તેમની હાલતને સુધારી પોતાને રહમત અને મગફિરત લાયક બનાવી લે છે. તો મધ્ય ભાગમાં તેમની પણ મગફિરત અને માફીનો ફેંસલો કરી દેવામાં આવે છે.

અને ત્રીજો તબક્કો તે લોકોનો છે. જેઓ પોતાની જાત પર ઘણા જુલ્મો કરી ચુકયા છે. અને ઘણી જ ખરાબ હાલતમાં રહ્યા. અને બુરા અમલોના કારણે દોઝખના પુરેપુરા હકદાર થઈ ચુકયા તેઓ પણ જયારે રમઝાનના પહેલા અને મધ્ય ભાગમાં બીજા મુસ્લિમો સાથે રોઝા રાખી તોબા, ઈસ્તિગ્ફાર કરી પોતાના કુકર્મોની કંઈક સફાઈ અને સુધારણા કરી લે છે. તો છેલ્લા દસ દિવસોમાં (જે રહમતના સમુદ્રના જોશનો અશરો છે.) અલ્લાહ તઆલા દોઝખથી છુટકારાનો ફેંસલો તેમના માટે પણ ફરમાવી દે છે.

આ ખુલાસાના આધારે રમઝાન મુબારકનો શરૂ ભાગ રહમત અને વચલો ભાગ મગફિરત અને છેલ્લો ભાગ જહન્નમથી આઝાદીનો સંબંધ ક્રમવાર મુસ્લિમ ઉમ્મતના ત્રણેવ તબક્કાઓ સાથે રહેશે. વલ્લાહુ અઅલમ.

## રોઝાનું મુલ્ય અને તેનો બદલો

હઝરત અબૂ હુરૈરહ રદિ.થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)એ (રોઝાની ફઝીલત અને મુલ્યતા બયાન કરતાં)ફરમાવ્યું

કે માણસના દરેક સારા કર્મનો સવાબ દસ ઘણાથી સાતસો ઘણો વધી જાય છે. (એટલે આ ઉમ્મતે મર્હુમાના નેક અમલો વિષે અલ્લાહનો કાયદો એ જ છે કે એક નેકીનો સવાબ આગલી ઉમ્મતોના હિસાબે ઓછામાં ઓછો દસ ઘણો જરૂર મળશે. અને અમુક વખતે અમલ કરવાની ખાસ હાલત તેમ ઈખ્લાસ અને અલ્લાહના ભય વિગેરેની કેફિયતોના કારણે તેનાથી પણ ઘણો વધારે મળશે. અમૂક મકબૂલ બંદાઓને તેમના નેક અમલોનો સવાબ સાતસો ગણો અર્પણ કરવામાં આવશે. તો રસૂલુલ્લાહ સલ.એ અલ્લાહ તઆલાના આ રહમતના કાયદાનો ઉલ્લેખ કરી ફરમાવ્યું.

પરંતુ અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે કે રોજો આ ઉમુમી કાયદાથી અલગ છે. તે બંદા તરફથી મારા માટે એક ભેટ છે. અને હું જ (ઈચ્છા મુજબ) તેનો સવાબ અને બદલો આપીશ. મારો બંદો મારી ખુશી માટે પોતાની તમન્નાઓ અને ખાવું પીવું છોડી દે છે. (હું મારી મરજી મુજબ તેની આ કુર્બાની અને નફસને દબાવવાનો બદલો આપીશ) રોજદાર માટે બે ખુશી છે. એક ઈફતાર વખતે અને બીજી પોતાના માલિકના દરબારમાં હાજરી વખતે. આ કસમ છે કે રોજદારના મોંની દુર્ગંધ અલ્લાહને ત્યાં મુશ્કથી વધુ સારી છે. (એટલે માણસોને મુશ્કની ખુશ્બુ જેટલી સારી અને પ્યારી લાગે છે. અલ્લાહના ત્યાં રોજદારની દુર્ગંધ એનાથી પણ વધુ સારી છે.) અને રોજો (દુનિયામાં શેતાન અને નફસના હુમલાઓથી બચવા માટે અને આખિરતમાં દોઝખની આગથી બચાવ માટે ઢાલ છે.)અને જયારે તમારામાંથી કોઈનો રોજો હોય તો તેણે બેકાર અને ગંદી વાતોથી બચવું જોઈએ અને શોર બકોર ન કરે. જો કોઈ બીજો તેને ગાળ આપે અથવા ઝઘડો ફસાદ કરે તો કહી દે કે મારો રોજો છે. (બુખારી –મુસ્લિમ)

હદીસના ખુલાસો માંગતા ભાગોનો ખુલાસો તર્જૂમા સાથે કરી દેવામાં આવ્યો. છેવટમાં રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)એ જે આ સુચના આપી છે કે જયારે કોઈનો રોજો હોય તો ગંદી અને બેકાર વાતો અને શોર બકોર ન કરે. જો કદાચ કોઈ બીજો માણસ ઝઘડો કરે અને ગાળો ભાંડે તો પણ કોઈ કડકવાત ન કહે. ફકત એટલું કહી દે કે ભાઈ મારો રોજો છે. આ છેલ્લી સુચનામાં ઈશારો છે કે આ હદીસમાં રોઝાની જે ખાસ ફઝીલતો અને

બરકતો વર્ણન કરવામાં આવી છે. તે તે જ રોઝાઓની છે જેમાં નફસની ખોટી તમન્ના અને ખાવા પીવા સિવાય ગુનાહોથી અને ખરાબ અને અણગમતી વાતોથી પણ બચવામાં આવ્યું હોય. બીજી હદીસમાં (જે નજીકમાં જ વર્ણન કરવામાં આવશે) ફરમાવવામાં આવ્યું છે કે જે માણસ રોજો રાખે પરંતુ ખરાબ કામો અને ખોટી વાતોથી ન બચે, તેના ભૂખ્યા તરસ્યા રહેવાની અલ્લાહ તઆલાને કોઈ જરૂરત નથી.

હઝરત સહલ બિન સઅદ સાઈદી રદિ.થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)એ ફરમાવ્યું કે, જન્નતના દ્વારોમાં એક ખાસ દ્વાર છે જેને ''બાબુ ર્રય્યાન'' કહેવામાં આવે છે. તે દરવાજાથી કયામતના દિવસે ફકત રોઝાદારોનો જ પ્રવેશ થશે. તેમના સિવાય કોઈ તે દરવાજેથી પ્રવેશ કરી શકશે નહીં. તે દિવસે પુકાર થશે. કયાં છે તે લોકો જે અલ્લાહ વાસ્તે રોઝા રાખતા હતા. અને ભૂખ તરસની વેદના સહેતા હતા. તે આ પુકાર સાંભળી ચાલતા થઈ જશે. તેમના સિવાય બીજો કોઈ તે દરવાજેથી પ્રવેશ કરી શકશે નહીં. જયારે રોઝાદારો તે દરવાજેથી જન્નતમાં પહોંચી જશે તો તે દરવાજો બંધ કરી દેવામાં આવશે. પછી તેમાં કોઈનો પ્રવેશ થઈ શકશે નહી.

*(બુખારી –મુસ્લિમ)*

રોઝામાં જે તકલીફનો સૌથી વધુ ખ્યાલ થાય છે અને રોઝાદારની જે સૌથી મહાન કુર્બાની છે તે તેનું તરસ્યા રહેવું છે. એટલા માટે તેને જે ઈનામ અને બદલો આપવામાં આવશે. તેમાં સૌથી વધુ ચોખ્ખુ પાસું સેરાબી (તરબોર) થવાનું હોવું જોઈએ. એ જ નિસ્બતથી રોઝાદારો માટે જન્નતના પ્રવેશમાં જે ખાસ દરવાજો નક્કી કરવામાં આવ્યો છે. તેનો ખાસ ગુણ સેરાબી અને શાદાબી છે. ''રય્યાન'' નો ભાષાકિય અર્થ ''પુરેપુરૂં તરબોળ થવું'' આ પુરીપુરી સેરાબી તો તે દરવાજાનો ગુણ છે, જેમાંથી રોઝાદારોનો પ્રવેશ થશે. આગળ જન્નતમાં પહોંચી જે કંઈ અલ્લાહના ઈનામોની તેમના ઉપર વર્ષા થશે. તો તે બસ ખુદા જ જાણે છે. જેનો ઈર્શાદ છે કે ''અસ્સવમુ લી વ અન અજઝીબિહી'' બંદાનો રોજો મારા માટે છે અને હું જાતે જ તેનું ઈનામ આપીશ.

હઝરત અબૂ ઉમામહ રદિ.થી રિવાયત છે કે મેં રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)ને પુછયું કે મને કોઈ અમલનો હુકમ ફરમાવો જેનાથી

અલ્લાહ પાક મને ફાયદો આપે, આપ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)એ ફરમાવ્યું કે રોઝા રાખ્યા કરો તેના જેવો કોઈ અમલ નથી.

નમાઝ, રોઝા, સદકો, હજ્જ અલ્લાહની મખ્લુકની સેવા, વગેરે નેક કામોમાં આ વાત સમાન હોવા છતાં કે આ બધા જ કાર્યો અલ્લાહને મેળવવાના સાધનો છે, તેમની દરેકની જુદી જુદી ખાસિયતો અને અસર છે. જેમાં તે એક બીજાથી અલગ છે. મતલબ કે

"હર ગુલે રા રંગો બુ એ દિગર સ્ત"

આ ખાસ અને આગવી ખાસિયતના કારણે તેમાંથી દરેક વિશે કહી શકાય છે કે એના જેવો કોઈ અમલ નથી. જેમકે નફસ ને દબાવવા અને ઝલીલ કરવા માટે તેની તમન્નાઓને પાયમાલ કરવાના હિસાબે કહી શકાય છે કે આ ગુણમાં કોઈ અમલ રોઝા જેવો નથી. તેની હકીકત એ જ સમજવી જોઈએ, એ પણ ધ્યાનમાં રહેવું જોઈએ કે અબૂ ઉમામાની ખાસ હાલતના આધારે રોજો તેમના માટે વધુ ફાયદા કારક હતો. એટલા માટે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)એ તેમને એ સુચના ફરમાવી, આ હદીસની અમૂક રિવાયતોમાં છે કે અબૂ ઉમામહ રદિ.એ આ જવાબ મળ્યા પછી બીજી અને ત્રીજીવાર પણ પુછયું કે મને કોઈ અમલનો હુકમ ફરમાવો, જે હું કર્યા કરૂં, તો બન્નેવ વખતે આપ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)એ રોઝાનું જ સુચન ફરમાવ્યું અને ઈર્શાદ ફરમાવ્યો કે રોજો રાખ્યા કરો. તેના જેવો બીજો કોઈ અમલ નથી. એટલે તમારી ખાસ હાલતના કારણે તમને એનાથી જ વધુ લાભ મળશે. વલ્લાહુ અઅલમ.

### *રોઝા અને તરાવીહ; મગફિરતનું સાધન*

હઝરત અબૂ હુરૈરહ રદિ.થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)એ ફરમાવ્યું કે જે લોકો રમઝાનના રોઝા ઈમાન અને એહતિસાબ સાથે રાખશે. તેમના બધા પાછલા ગુનાહ માફ કરી દેવામાં આવશે. એ જ મુજબ જે લોકો ઈમાન અને એહતિસાબ સાથે રમઝાનની રાતોમાં નફીલો (તરાવીહ, તહજ્જુદ) પઢશે. તેમના પણ પાછલા ગુનાહ માફ થઈ જશે. એ પ્રમાણે જે લોકો શબે કદ્રમાં ઈમાન અને એહતિસાબની સાથે નફીલો પઢશે, તેમના પણ આગલા બધા ગુનાહ માફ કરી દેવામાં આવશે.

આ હદીસમાં રમઝાનના રોઝા અને રાતોની નફીલો અને ખાસ કરી શબે

કદ્રની નફીલોને પાછલા ગુનાહો માફ થવાનું ચોક્કસ કારણ બતાવવામાં આવ્યું છે. એ શર્ત સાથે કે રોઝા અને નફિલો ઈમાન અને એહતિસાબ સાથે હોય. આ ઈમાન અને એહતિસાબ એક ખાસ ધાર્મિક પરિભાષા છે. એનો ભાવાર્થ એ છે કે જે નેક કાર્યો કરવામાં આવે તેનો આધાર અને તેના માટે પ્રેરણા આપનાર ફકત અલ્લાહ અને રસૂલને માનવામાં આવે. અને તેમના વાયદાઓ અને વઈદો પર ભરોષો રાખી તેમના બતાવેલા ફાયદા અને સવાબની લાલચ અને આશાઓ ખાતર જ ઈબાદત કરવામાં આવે. કોઈ બીજું કારણ અને હેતુ એ કાર્યનો ન હોય. એ જ ઈમાન અને એહતિસાબ સાથે આપણા અમલોનો સંબંધ અલ્લાહથી સંકળાયલો હોય છે. એ જ ઈમાન અને એહતિસાબ આપણા અમલોની આત્મા છે. જો તે ન હોય તો દેખાવમાં મહાન અમલો પણ બે જાન અને ખોખલા રહેશે. જે અલ્લાહ ન કરે કયામતના દિવસે ખોટા નિવડે.

ઈમાન તથા એહતિસાબ સાથેનો બંદાનો એક અમલ પણ અલ્લાહના ત્યાં એટલો કિંમતી અને વહાલો છે કે તેના સદકામાં તેના વર્ષોના ગુનાહો માફ થઈ જાય છે. અલ્લાહ પાક ઈમાન અને એહતિસાબનો આ ગુણ તેની મહેરબાનીથી નસીબ ફરમાવે. આમીન.

***રોઝા અને કુર્આનની શફારિશ***

હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર રદિ.થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)એ ફરમાવ્યું : રોજો અને કુર્આન બંદાની સિફારિશ કરશે. (રોઝો રાખવામાં આવ્યો હશે તે દિવસ અને અને રાત્રે અલ્લાહ સમક્ષ નમાઝમાં ઉભા રહી કરેલ કલામે પાકની તીલાવત)

રોઝો અરજ કરશે. હે મારા પરવરદિગાર ! મેં આ બંદાને ખાવા પીવા અને નફસની તમન્ના પૂરી કરવાથી રોકી રાખ્યો હતો. આજે મારી સિફારિશ તેના વિષે કબૂલ ફરમાવ. (અને તેની સાથે રહમત અને માફીનો વર્તાવ કર) કુર્આન કહેશે : મેં એને રાત્રે સુવાથી અને આરામ કરવાથી રોકી રાખ્યો હતો. ખુદાવંદ ! આજે તેના હકમાં મારી સિફારિશ કબૂલ ફરમાવ. (અને એની સાથે બખ્શીશ અને દાનનો વર્તાવ કર) જેથી રોઝા અને કુર્આન બન્નેવની શફારિશ તેના હકમાં કબૂલ કરવામાં આવશે. (અને તેના માટે જન્નત તેમજ મગફિરતનો ફૈંસલો કરવામાં આવશે.) અને ખાસ મહેરબાનીઓથી તેને નવાઝવામાં આવશે.

તે લોકો કેટલા ખુશનશીબ છે, જેમના હકમાં રોઝા અને નફિલોમાં પઢેલું અને સાંભળેલા કુર્આનની સિફારિશ કબૂલ થશે. તેમના માટે કેટલી ખુશીનો સમય હશે. અલ્લાહ તઆલા તેના આ કાળા કર્મો વાળા બંદાને (લેખક અને અનુવાદક બન્નેવને) ફકત પોતાની મહેરબાનીથી તે ખુશ નસીબો સાથે કરી દે.

***રમઝાનનો એક રોજો છોડવાનું નુકસાન ભરપાઈ થઈ શકતુ નથી.***

હઝરત અબૂ હુરૈરહ રદિ.થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)એ ફરમાવ્યું : જે માણસ સફર વિગેરે કોઈ શરઈ છૂટ સિવાય અને બિમારી (જેવા કોઈ કારણ વગર રમઝાનનો એક રોજો પણ છોડી દેશે, તે ભલે તેના બદલે આખી જીંદગી રોઝા રાખશે તો પણ જે વસ્તુ છુટી ગઈ તે અદા થઈ શકશે નહીં. (મુસ્નદે અહમદ, તિર્મિઝી, અબૂ દાઉદ, ઈબ્ને માજા, દારમી) (અને બુખારીએ વિના સનદે એક તર્જુમતુલ્બાબમાં આ હદીસનું વર્ણન કર્યુ છે.)

હદીસનો ભાવાર્થ અને મતલબ એ છે કે શરઈ કારણ અને ફૂટ વિના રમઝાનનો એક રોઝો જાણીબુજીને છોડી દેવાથી રમઝાન મુબારકની ખાસ બરકતો અને અલ્લાહની ખાસ રહમતોથી જે મેહરૂમી મળે છે. આખી જીંદગી નફીલ રોઝા રાખવાથી પણ તે મેહરૂમી અને નુકસાન ભરપાઈ થઈ શકતુ નથી. ભલે એક રોઝાની કાયદા મુજબ કઝા એક જ દિવસ છે. પરંતુ તેમાંથી તે ફાયદો મળતો જ નથી જે રોજો છોડવાથી હાથથી છુટી ગયો, જે લોકો લાપરવાહીથી રમઝાનના રોઝા છોડી દે છે. તેઓ વિચારે કે પોતાનું કેટલું નુકસાન કરે છે.

***રોઝામાં ગુનાહોથી બચવું***

હઝરત અબૂ હુરૈરહ રદિ.થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)એ ફરમાવ્યું : જે માણસ રોઝો રાખીને પણ ખરાબ કામો અને ખોટી વાતો ન છોડે, તો અલ્લાહને તેના ભૂખ્યા તરસ્યા રહેવાની કોઈ જરૂરત નથી. (બુખારી)

એટલે કે અલ્લાહને ત્યાં રોઝો કબૂલ થવા માટે જરૂરી છે કે માણસ ખાવું પીવું છોડવા સાથે ગુનાહો અને બુરા કામોથી પણ ઝબાન અને મોં તથા બીજા અવયવોને બચાવે. જો કોઈ માણસ રોજો રાખી ગુનાહની વાતો અને ગુનાહના કામો કરતો રહેશે તો અલ્લાહ તઆલાને તે રોઝાની કોઈ જરૂરત નથી. ●

શરઈ માર્ગદર્શન

# ફતાવા વિભાગ

મવ. મુફતી અરશદ દેવલ્વી સાહેબ
તસ્દીક કર્તા
મવ. મુફતી અહમદ દેવલા
સદર મુફતી જામિઅહ જંબુસર

## ઓનલાઈન નિકાહની રીત

સવાલ : હઝરત મુફતી સાહબ જામિઅહ જંબૂસર

*ઓન લાઈન નિકાહ બાબત*

ઉપરોકત વિષયના અનુસંધાનમાં જણાવવાનું કે કુર્આન અને હદીસની રોશનીમાં ઓનલાઈન નિકાહનું વિસ્તૃત માર્ગદર્શન આપવા વિનંતી.

بسم الله الرحمٰن الرحيم ؛ حامدا و مصلياً و مسلماً

જવાબ:(૧) : ઓનલાઈન (વિડીયો કોન્ફરસિંગ થકી) નિકાહ કરી શકાય અથવા નહી ? આ વિશે હઝરાતે ફુકહા અને મુફતીયાને કિરામમાં ઈખ્તિલાફ અને મતભેદ જોવા મળે છે, ઘણાં મુફતીયાને કિરામ ઓનલાઈન નિકાહને અમાન્ય ઠેરવે છે, અને તેનું કારણ દર્શાવતા તેઓ ફરમાવે છે કે નિકાહના દુરૂસ્ત થવા માટે જરૂરી છે નિકાહના રૂકન ઈજાબ (નિકાહની ઓફર–પેશકશ) તથા કબૂલ(નિકાહની દરખ્વાસ્તને કબૂલ કરવુ)નું એક મજલિસમાં એ રીતે થવું જરૂરી છે કે તેને બે શરઈ ગવાહો સાંભળતા પણ હોય. જાહેર છે ઓનલાઈન નિકાહની સૂરતમાં જયારે કે દુલ્હા–દુલ્હનનું સ્થળ જ અલગ – અલગ હોય, સદર બાબત શકય નથી અને આ નિકાહના દુરૂસ્ત થવા માટેની જરૂરી શર્ત છે, જે પૂરી નથી થતી. તો પછી નિકાહ કેવી રીતે દુરૂસ્ત થઈ શકે ?

મઝકૂર મત ધરાવનાર મુફતીયાને કિરામ ઓનલાઈન નિકાહ દુરૂસ્ત થાય તે માટે તેઓ તરફથી સુઝાવ આપવામાં આવે છે કે નિકાહની મજલિસમાં મોજૂદ ન હોય એ પક્ષ, જયાં નિકાહની મજલિસ થવાની હોય, તે સ્થળે કોઈને પોતાના તરફથી ફોન થકી, મેસેજ થકી પોતાના નિકાહનો વકીલ બનાવે અને તે વકીલ મજલિસે નિકાહમાં પોતાના મુઅકિકલ (અસીલ) તરફથી ઈજાબ

અથવા કબૂલની પક્રિયા પુરી કરે, જેમ કે આપણે ત્યાં સામાન્ય રીતે મજલિસે નિકાહમાં નિકાહ કરનાર છોકરી મોજૂદ નથી હોતી, બલકે તેનો વકીલ હોય છે, જે છોકરી તરફથી મજલિસે નિકાહમાં ઈજાબ કબૂલની જવાબદારી અદા કરે છે, તો ઓનલાઈન નિકાહની જગ્યાએ વકીલ થકી નિકાહ કરવું (જયારે કે દુલ્હા–દુલ્હન બંને અલગ–અલગ દેશોમાં હોય) તે ફુકહાના મતે સર્વમાન્ય શરઈ રીત છે.

સદર મંતવ્યની વિરૂધ્ધ અમૂક મોઅતબર અને મોટા મુફતીયાનેકિરામના મતે ઓનલાઈન નિકાહ એ રીતે થાય કે જયાં મજલિસે નિકાહ હોય ત્યાં એક પક્ષથી ફોન દ્વારા વીડીયો કોન્ફરસિંગ થકી જે ઈજાબ(નિકાહની દરખ્વાસ્ત)કરવામાં આવે, તેને મજલિસના લોકો નિહાળતા હોય અને તેના ઈજાબની અવાઝ(નિકાહની દરખ્વાસ્ત)સાંભળતા હોય અને અવાઝ સંદર્ભે કોઈ શક–શુબો ન હોય,અને તેના જવાબ રૂપે મજલિસમાં ઉપસ્થિત બીજો પક્ષ(દુલ્હો અથવા દુલ્હન)ઓનલાઈન નિકાહની પેશકશ–ઈજાબને કબૂલ કરે, સ્વિકાર કરે અને તેને પણ ત્યાં મજલિસમાં હાજર લોકો સાંભળી લે, તો આ પ્રમાણેથી ઓનલાઈન નિકાહને પણ ઘણાં ઉલમા, મુફતીયાન હઝરાત જાઈઝ ઠેરવે છે, ગુજરાત બલકે દુનિયાભરના મશહૂર બુઝુર્ગ,આલિમે દીન અને મોઅતબર ફકીહ જામિઅહ તાલીમુદ્દીન ડાભેલના શૈખુલ હદીસ હઝરત મવલાના મુફતી અહમદ સાહબ ખાનપૂરી (દા.બ.)નો બીજી પધ્ધતી અને રીતથી ઓનલાઈન નિકાહ જાઈઝ હોવાનો ફતવો છે, મઝકૂર બીજુ મંતવ્ય ધરાવતા મુફતીયાને કિરામ ના મતે મજલિસે નિકાહના એક હોવાનો અર્થ આ નથી કે બંનેનું સ્થળ એક હોય,બલકે મજલિસ ના એક હોવાનો અર્થ છે કે બંને પક્ષો દુલ્હા અને દુલ્હન તરફથી કરવામાં આવેલ ઈજાબ અને કબૂલ બંને એક બીજાથી સંલગ્ન અને જોડાયેલ હોય કે એક પક્ષ ભલે દુર હોય અન્ય સ્થળે હોય, પરંતુ તે ઈજાબ(ઓફર) માટેના શબ્દો ઉચ્ચારે, બોલે અને સામો પક્ષ જે બીજા સ્થળે છે,તે ઈજાબના શબ્દો સાંભળે અને તે મજલિસમાં જ તેનો જવાબ કબૂલ સ્વરૂપે આપે,અને ત્યાં મજલિસમાં હાજર લોકો, ઓછામાં ઓછા બે ગવાહ તેને સ્પષ્ટ રીતે સાંભળી લે,તો આ સૂરત જેમાં ભલે સ્થળ અલગ – અલગ છે,પરંતુ આ સ્થિતિને પણ એક જ મજલિસના હુકમમાં મઝકૂર

મુફતીયાને કિરામ શુમાર કરે છે, અને ફિકહની કિતાબોમાં લખેલ અનેક મસાઈલથી ફલિત થાય છે કે મજલિસ એક હોય માટે જગ્યાનું એક હોવું જરૂરી નથી, ખુદ નિકાહ સંબંધિત વિવિધ સૂરતો એવી છે કે જયાં ઈજાબ–કબૂલની મજલિસ જાહેર રીતે એક નથી હોતી,તેમ છતાં નિકાહ દુરૂસ્ત ઠેરવવામાં આવેલ છે,આ બધી વિગત મહમૂદુલ ફતાવા(૫/૭૬,૭૭) મજમુઅ–એ–કવાનીને ઈસ્લામી (૧/૧૨૦, ૧૨૧), ફતાવા હકકાનિય્યહ (૪/૩૧૧), ખૈરૂલ ફતાવા (૪/૩૬૦), માં લખેલ છે.

ઉપરોકતમાં રજૂ કરવામાં આવેલ બંને સૂરતો અમારા મતે જાઈઝ છે,અલબત્ત પ્રથમ સૂરત(એક પક્ષ બીજી તરફ કોઈને પોતાના તરફથી નિકાહ માટે વકીલ બનાવે અને ત્યાં મજલિસમાં નિકાહ કરવામાં આવે,)તમામ ફુકહાના દરમિયાન સર્વમાન્ય હોય,તેને ઈખ્તિયાર કરવું બેહતર છે,જો ઓનલાઈન નિકાહ વાળી સૂરત નિકાહ માટે અપનાવવામાં આવે,તો તેની રીત નીચે મુજબ રહેશે.

બંને પક્ષો ઓનલાઈન વીડીયો કોન્ફરસિંગ થકી જોડાય અને એક પક્ષ ઈજાબ કરે જેમ કે હું ફલાણા મર્દ અથવા ફલાણી ઓરત સાથે નિકાહ કરૂં છું અથવા પુછવામાં આવે કે આપનો ફલાણા વ્યકિત સાથે નિકાહ કરાવું છું અને તે પરવાનગી આપે ત્યાર બાદ બીજા પક્ષને તે ઈજાબ(ઓફર) વિશે કહે કે મને જે તે વ્યકિત સાથે નિકાહ મંજૂર છે અથવા પુછવામાં આવે કે આપને ફલાણા વ્યકિત સાથે નિકાહ મંજૂર છે અને તે પરવાનગી આપે. યાદ રહે કે બીજી સૂરતમાં બંને પક્ષનો સ્પષ્ટ અને સાફ અવાઝ એક બીજાને પહોંચવો અને ગવાહોએ તેને સાંભળવો જરૂરી છે.

ફકત અલ્લાહ તઆલા વધુ જાણનાર છે.

*૨૨ / સફર / ૧૪૪૫ હિજરી – ૯/સપ્ટેમ્બર /૨૦૨૩ ઈસવી*

---

બોધકથા

બાઝ એક શકિતશાળી પક્ષી છે, શિકાર તેમજ ઊંચી ઉડાન માટે મશ્હૂર છે. દૂરની બારીક નજર તો એવી કે ચકોર અને ચોતરફ નજર રાખનાર લોકોના વખાણ કરતી વેળા 'બાઝ જેવી નજર' રૂઢિપ્રયોગ તરીકે વપરાય છે.

બાઝ વિશે મશ્હૂર છે કે કાગડા સિવાય કોઈ પક્ષી એની આસપાસ જવાની હિમ્મત પણ નથી કરતું, પરંતુ કાગડો બાઝની પીઠ ઉપર બેસીને ચોંચ વડે એની ગરદન કોતરે છે.

બાઝ જેવા પક્ષી માટે કાગડાને પીઠ ઉપરથી પાડી દેવો કોઈ મુશ્કેલ વાત નથી, પણ બાઝ કાગડા સાથે ઝઘડવામાં કે લડવામાં સમય નથી બગાડતો, બલકે લાંબો પાઠ ભણાવાની યુકિત કરે છે.

પીઠ ઉપર બેસેલા કાગડાને લઈને બાઝ ઉડવાનું શરૂ કરે છે, અને ધીરે ધીરે ઊંચે જવા માંડે છે, થોડે સુધી તો કાગડો ખુશ થતો રહે છે, પણ જયારે ઊંચાઈ વધે છે તો કાગડાને શ્વાસ લેવાનું મુશ્કેલ થવા માંડે છે, અંતે કાગડો મરીને નીચે પડે છે.

વાર્તાનો સાર એ છે કે સારા કામ કરતા લોકો, દીન – દુનિયામાં ઊંચે જતા માણસો, પોતાના ક્ષેત્રમાં પ્રગતિ કરતા માણસોએ પણ આવા કાગડાનો સામનો કરવો પડે છે, સમાજના કાગડાઓ એને ખોટા પાડવાની કોશિશ કરે છે, બદનામ કરે છે, જુઠાણા ફેલાવે છે, ખોટા તર્કો અને આરોપો દ્વારા નાસીપાસ કરવાની કોશિશ કરે છે. પણ નિખાલસ રીતે કામ કરતા લોકોએ બાઝની ચાલ ચાલવાની જરૂરત છે. આવા લોકોની અવગણના કરીને પોતાના કામમાં મશ્ગુલ રહેવાનું છે. પોતાની સફળતાને એટલી ઊંચાઈએ લઈ જવાની છે કે આવા લોકો અંતે ચુપ થઈને જ રહે..

---

# ISLAM A COMPLATE WAY OF LIFE

Islam is the final constitution of life revealed by the Creator of universe for the guidance of mankind. It has come before the people as a perfect and comprehensive code of Life. Allah had, in the last year of the life of His holy prophet Muhammad (s.a.w.), declared through His holy book Quran :

*"Today, I have perfected for you your Deen (religion) and I have concluded My rewards for you and preferred for you Islam as the Religion."*

The meaning of Islam being perfect is that its principles are ever-progressive to apply easily to the changing circumstances of every age. They are equally adjustable to all times. The meaning of its being comprehensive is that it connects all the aspects of human life. No field of life is beyond the hold of this code.

Naturally, this is a distinct speciality of Islam which no other religion in the world possesses. Islam is present today with its original live and grand nature as before, as it was in the beginning. It will remain so live as long as there is life because the creator of the universe has connected the future of man and universe with the future of Islam.

Unlike other religions of the world, Islam is not only a time bound constitution for a given civilization of a given

age, which may remain merely as a historical memorial and remain buried in any unknown corner of human history. In fact, it is a live and active code of life the designer of which is the All knowing Creator. The main reason why Islam's permanent and all-encompassing frame is lasting is also that the principles and constitution are simple, progressive, logical and reasonable. They have the ability of moldings the ever new conditions in its frame. It can replace equilibrium, removing the contradictions seen in social values.

Islam has given the right of seeking justice to both the rich and the poor, Muslim and non Muslim, the educated and the illiterate, in short, to each and every one in human society. Giving true evidence in a court of justice has been regarded as a sign of belief (Iman) or Faith. To society, Islam gave such a just plan whereby love for mankind and equality between individual and community became actively visible. Islam has given guidelines for man's behaviour with family members, relatives, neighbours, orphans, widows, poor guests, servants, helpless and not only entire human brotherhood but also animals and has fixed man's responsibility regarding everything. As a result of this human values got full chance of blooming. The family code of Islam is a comprehensive domestic system which ensures peaceful atmosphere in home, making it a paradise on earth.

Islam has given a long-lasting and healthy shape to family by clearly fixing the duties and rights of husband

and wife, mother and father, children, brothers and sisters and every member of the human family. Islam's moral guidance made human culture and civilization reach its highest peak. The extent to which Islam gives importance to morality and teaches its maintenance and development can be judged by thinking over these words of the holy prophet (s.a.w.) "Doubtlessly, I have been sent for perfecting moral values." As a result of such character moulding, people voluntarily began to incline toward virtues and to refrain from evils without any outward force. Corruption and wrongdoing advanced at great speed all by themselves.

The economic policy of Islam gave equal opportunity to everyone for earning livelihood through successful planning. Of course Islam regarded any forcible attempt for financial equality as a make-believe manouvre and only an illusion because, it is, by nature, that there are great differences in individual's abilities and in the availability of means of earning livelihood. It is due to this that no artificial attempt to make all equal monetarily could get social co-operation and hence did not succeed. Instead of equality in income, Islam gave priority to equality in providing chances for earning livelihood. This resulted in public co-operation in a permanent manner. Shining success of this economic system of Islam has been recorded in history. A bright example of such success is the rule of Hazrat Umar bin Abdul Aziz wherein it had become a problem to find out persons who would accept zakaat (poor tax) for the

reason that hundred per cent population had become economically sound. By making its own code of crime and punishment, Islam liberated human society from evil consequences of crimes. It created a safe and peaceful atmosphere. Experience shows that the rate of crimes is much more higher in the so called advanced countries compared with places where the Islamic code of law and order or crime and punishment is in action. Islam announced human unity and human equality and exhibited these things in action or practice. Of course, unlike the hollow principles of communism and socialism, Islam is not the outcome of human mind, wherein the said equality is found only in words and letters. The Islamic socialism, according to its own style, ensures that the rights of not a single member of human society are trampled.

In the initial days of Islamic rule, most of those administrators whose fame was worldwide were 'slaves'. A very high example of social equality is the marriage of the holy prophet's cousin sister with a slave. Islam also adopted a novel attitude towards God worship. It established an equilibrium between mere materialistic way of life and total rejection of social life. Thus, it established balance between this world and the Hereafter. Without adopting this Islamic middle path, it is not possible for a human being to remain on his nature. It reached each and every corner of the world thus turning mankind's poor past into a prosperous present.

............................

### નફરત – મુહબ્બત

નફરતને લોકો પળભરમાં સમજી જાય છે, બલકે ઘણીવાર અજાણ્યે પણ નફરત કરવા માંડે છે, જયારે કે મુહબ્બતને સમજતાં લોકોને વરસો નીકળી જાય છે.

### હદીસ પઢવી – પઢાવવી

ઈમામ શાફેઈ રહ. ફરમાવે છે : હદીસ પઢવી કે પઢાવવી નફલ નમાઝ પઢવા કરતાં અફઝલ છે.

### આલિમે દીન

હસન બસરી રહ. ફરમાવે છે : સમાજ – સંસારથી અલગ થઈને ઈબાદતમાં મશ્ગૂલ રહેનાર માણસ કરતાં લોકોમાં હળી મળીને રહેતો આલિમે દીન વધારે સારો છે.

### સંબંધોની પરીક્ષા

દોસ્તો કે સગાઓના સંબધોની પરીક્ષા કયારેય ન લેવી. કાં આપણે નાપાસ થઈશું કાં તેઓ.. બંને સ્થિતિમાં નુકસાન આપણું જ છે.

### આપણા કોણ

કપરા સમયે આપણે 'પોતાના' માણસો શોધીએ છીએ, પણ જેને શોધવા પડે એ 'આપણા' ન કહેવાય.

### સમય અને દોલત

સમય અને દોલત... બે વસ્તુઓ માણસના હાથમાં નથી. સમય કપરો હોય તો માણસ મજબૂર બની જાય છે, અને સમય સારો હોય અને દોલત હાથમાં હોય તો માણસ અભિમાની બની જાય છે.

### માયૂસી કયારે સાંપડે ?

માણસ જયારે લોકોને રાજી કરવાની ફિકર વધારે કરે અને ખુદાને રાજી કરવાની ફિકર છોડી દે તો એને આખરે માયૂસી જ સાંપડે છે.

### સારો માણસ

સારા માણસની ઓળખ આ છે કે તે બુરાઈનો બદલો ભલાઈથી આપે છે.

### નોકરો બનાવવાની ફેકટરી

તાલીમ – શિક્ષણનો મુખ્ય આશય જ નોકરી હોય તો સમાજમાં નોકરો જ પેદા થાયને !

### યાદો

સમય કદી પાછો નથી આવતો, બસ યાદો વારંવાર પાછી આવે છે.

### માણસ કયારે છેતરાય છે ?

બેવકૂફ જ છેતરાય એવું નથી. લાગણી અને વિશ્વાસના આધારે બુદ્ધિશાળી લોકો પણ છેતરાય છે.

પ્રેમ એટલે શું ?

પ્રેમ એટલે શું ? મળીએ ત્યારે આંખમાં હરખ અને છુટા પડીએ ત્યારે આંખમાં આંસુ..

### ઇઝઝત

માણસ જેટલે ખામોશ રહે છે, એની ઈઝઝત એટલી જ વધારે સલામત રહે છે.

### શાયરી

સમય રોજ મને કોરો ચેક આપે છે.
હું જ આળસમાં રકમ ઓછી ભરું છું.

# આર્થિક સદ્ધરતા

કોઈ પણ કોમ માટે આર્થિક સદ્ધરતા એના અસ્તિત્વ અને સન્માનની બુનિયાદ અને કરોડરજ્જુ સમાન કહી શકાય. એમાં મુસલમાનો પણ બાકાત નથી. મુસલમાનો પણ જેટલા સદ્ધર હશે એટલા મજૂબત હશે, એ ચોક્કસ છે. નિશંક ઈસ્લામનો મુળ આશય આખિરતની જિદંગી બનાવવાનો અને એના ઉપર જ ધ્યાન કેન્દ્રિત રાખવાનો છે, ઈસ્લામની તાલીમ આ જ છે કે દુનિયા ઉપર દીનને પ્રાથમિકતા આપો. પણ કમાઈ અને માલ બાબતે ગફલત કે નિષ્ક્રિય રહેવાનો હુકમ નથી. બલકે હલાલ કમાણી કરવા ઉપર પૂરતો ભાર મુકવામાં આવ્યો છે. એની તાકીદ કરવામાં આવી છે. માણસ ભીખ માંગે એના કરતાં કમાઈને ખાય એની શિખામણ આપવામાં આવી છે. બલકે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એવી પણ શિખામણ આપી છે કે તમે તમારી અવલાદ માટે કંઈ છોડીને મરો, એ સારું છે. એવું ન થાય તે તમારા પછી તેઓ લોકો સામે હાથ ફેલાવતા રહે.

ભારતમાં મુસ્લિમોની આર્થિક સ્થિતિ અને ઈતિહાસ ઉપર નજર કરીએ તો હકીકત આ છે કે અંગ્રેજોના સમયથી જ મુસલમાનોના વેપાર – ધંધાને નિશાન બનાવીને કમઝોર કરવાના પ્રયત્નો થતા રહયા છે. નોકરીમાંથી બહાર કાઢવામાં આવ્યા. વેપાર ધંધાને ખતમ કરવાની યોજનાબદ્ધ કોશિશ કરવામાં આવી. જે શહેરોમાં મુસલમાનો સદ્ધર હતા ત્યાં તોફાનો – ફસાદ કરવામાં આવ્યા. બનારસ, અલીગઢ, ભાગલપૂર, મુરાદાબાદ, અમદાવાદની તોફાનો પાછળ એક મુખ્ય કારણ મુસલમાનોની હત્યા કરવા અને આર્થિક રીતે એમને તોડી પાડવાનું જ હતું. મુસલમાનો આઝાદી પહેલાંથી જ આર્થિક અને શૈક્ષણિક રીતે પછાત હતા. ભાગલા પડવાના કારણે હિજરત થઈ અને ભારતમાં રહેલા મુસલમાનો વધારે કમઝોર પડી ગયા, છતાં એમને અનામતમાંથી બાકાત રાખવામાં આવ્યા.

સરકારી અને ખાનગી ક્ષેત્રે નોકરીમાં મુસલમાનોની ટકાવારી એટલી ઓછી છે કે ભારતમાં વસતી સમગ્ર કોમોમાં મુસલમાનોનું પ્રતિનિધિત્વ સહુથી ઓછું છે. આજના સંજોગોમાં ઘણું જરૂરી થઈ ગયું છે કે મુસલમાનો આર્થિક રીતે સદ્ધર થાય. એમની પાસે પોતાના રોજગાર અને ધંધા હોય. શિક્ષણ ઉપરાંત બીજી મહત્વની બાબત પોતાના ધંધા અને વેપારની છે. જેમાં મુસલમાનોએ આગળ આવવાની જરૂરત છે.